રવિવાર, 17 સપ્ટેમ્બર 2023

નિડર, નિષ્પક્ષ અને વિશ્વસનીય

સાપ્તાહિક ગુજરાત વંદન

ભાદરવા સુદ-2, વિક્રમ સંવત 2079 | કિંમત : રૂ. 5 | વાર્ષિક : રૂ. 260 | વર્ષ : 07 | અંક : 19 | RNI No. GUJGUJ/2016/68288 | કુલ પાનાં : 12

સુવિચાર

માળી રોજ છોડને પાણી આપે છે, પરંતુ ફળો માત્ર સીઝનમાં આવે છે, ધીરજ રાખવાનું જરૂરી છે, સમય તેના પરિણામ જરૂર લાવે છે.

પ્રથમ નમુ સૂંઢાળા દેવને...!

હિન્દુ ધર્મમાં શિવ-પાર્વતી પુત્ર વિઘ્ન હર્તા શ્રી ગણેશજીનું અનેરું મહત્ત્વ છે. દરેક શુભ કાર્યમાં સૌથી પહેલા સૂંઢાળા દેવનું સ્મરણ કરીને તેની સ્થાપના કરવામાં આવે છે. શ્રી ગણેશજીના પ્રતિક રૂપે સોપારીનું પૂજન કરીને સ્થાપના થાય છે. જોકે, ગુજરાત કરતા મહારાષ્ટ્રમાં તેની ઉજવણી રંગેચંગે અને ધામધૂમથી થાય છે. ખાસ કરીને લાલબાગચા રાજા ખૂબ લોકપ્રિય છે. આ વર્ષે પણ બપ્પાની મોટી મૂર્તિની સ્થાપના કરવામાં આવી છે. લાલબાગચા રાજાના દર્શન માટે દેશ-વિદેશથી મોટી સંખ્યામાં ભક્તજનો મુંબઈ ઉમટી પડી છે. બોલિવૂડ સેલિબ્રિટી પણ તેના દર્શન માટે પણ જાય છે.

હિંદુ પંચાંગ અનુસાર ભાદરવા સુદ ચતુર્થીથી ગણેશોત્સવની શરૂઆત થાય છે અને 10 દિવસ સુધી આ ઉત્સવ ઊજવવામાં આવે છે. આ 10 દિવસ દરમિયાન ગણપતિ બપ્પાની સ્થાપના કરવામાં આવે છે અને વિધિવિધાન પૂર્વક પૂજા અર્ચના કરવામાં આવે છે. આ વર્ષે 19 સપ્ટેમ્બરથી ગણેશોત્સવની શરૂઆત થશે અને 28 સપ્ટેમ્બરના રોજ પૂર્ણ થશે.

નોંધનીય છે કે, ગણેશ ઉત્સવની શરૂઆત લોકમાન્ય તિલક દ્વારા કરવામાં આવી હતી. આઝાદીના ચળવળમાં તેને જોડીને ધાર્મિક ઉત્સવને આઝાદીના ઉત્સવ સાથે સાંકળવાનું કામ લોકમાન્યએ કર્યું હતું. ત્યારથી તેની ઉજવણી સાર્વજનિક ધોરણે ઠેરઠેર થાય છે.

આજે પીએમ મોદીનો 73મો જન્મદિન | ઓબીસી સમુદાયના પરંપરાગત કારીગરોને મળશે 3 લાખ સુધીની લોન

13,000 કરોડની વિશ્વકર્મા યોજના થશે લોન્ચ

- દેશભરમાં ભાજપ અને સરકાર દ્વારા ઉજવણી - 70 મંત્રીઓ 70 સ્થળોએ કાર્યક્રમોમાં ભાગ લેશે

ગુજરાત | વંદન

દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 73મા જન્મદિનની ઉજવણીના ભરચક કાર્યક્રમો વચ્ચે 17 સપ્ટેમ્બરથી શરૂ થશે. જેના એક ભાગરૂપે અન્ય પછાત વર્ગો(ઓબીસી) સમુદાયને ધ્યાનમાં રાખીને વડાપ્રધાન દ્વારા પીએમ વિશ્વકર્મા યોજનાનો શુભારંભ થવાનો છે. પોતાના જન્મદિને વડાપ્રધાન નવી દિલ્હીમાં ઈન્ડિયા ઈન્ટરનેશનલ કન્વેનશન એન્ડ એક્ષ્પો સેન્ટર ખાતે આ યોજનાને અમલમાં મુકશે. યોગાનું યોગ આવતીકાલે રવિવારે વિશ્વકર્મા જંયતિ પણ છે. આબીસી સમુદાયમાં આવતા કારીગર વર્ગ કે જેઓ વિશ્વકર્માને પોતાના આરાધ્ય દેવ માને છે. તે દિવસે આ યોજના અમલમાં આવશે. આ ઉપરાંત તેમના જન્મદિને કેન્દ્રના 70 મંત્રીઓ 70 સ્થળોએ હાજર રહીને આયોજિત કાર્યક્રમોમાં ભાગ લેશે. રાજકીય રીતે એમ મનાય છે કે, લોકસભાની આગામી ચૂંટણીઓમાં ઓબીસી સમુદાયને ભાજપ પ્રત્યે આકર્ષવા માટે 13,000 કરોડની યોજના અમલી બનશે. જેમાં કારીગરોને 3 લાખની લોનની સુવિધા ઉપલબ્ધ છે.

સૂત્રોએ જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 15 ઓગસ્ટ, મંગળવારના રોજ નવી દિલ્હી લાલ કિલ્લા પરથી વિશ્વકર્મા કૌશલ સન્માન યોજનાની જાહેરાત કરી હતી. સ્વતંત્રતા દિવસના અવસર પર ધ્વજ ફરકાવ્યા બાદ વડાપ્રધાને કહ્યું હતું કે કૌશલ્ય સંબંધિત કાર્યોમાં રોકાયેલા કામદારોને પ્રોત્સાહન આપવા માટે વિશ્વકર્મા જયંતિના અવસર પર વિશ્વકર્મા યોજના શરૂ કરવામાં આવશે.

આ ઉપરાંત કેન્દ્રીય નાણા પ્રધાન નિર્મલા સીતારમણે પણ 2023ના સામાન્ય બજેટમાં આ યોજનાની જાહેરાત કરી હતી. વિશ્વકર્મા કૌશલ સન્માન યોજના હેઠળ કારીગરો અને નાના ઉદ્યોગો સાથે જોડાયેલા લોકોને નાણાકીય સહાય પુરી પાડવામાં આવશે. એટલું જ નહીં પરંતુ સહાયની સાથે તાલીમ, આધુનિક ટેકનોલોજી અને ગ્રીન ટેક્નોલોજીનું જ્ઞાન, બ્રાન્ડનો પ્રચાર, સ્થાનિક અને વૈશ્વિક બજારો સાથે કનેક્ટિવિટી, ડિજિટલ પેમેન્ટ ઉપરાંત સામાજિક સુરક્ષા વગેરે પ્રદાન કરવામાં આવશે.

...અનુસંધાન પેજ નં. 6 પર

કુલ 3 લાખ રૂપિયા સુધીની મળશે લોન

પીએમ વિશ્વકર્મા યોજનાના પ્રથમ તબક્કામાં એક લાખ રૂપિયા સુધીની લોન આપવામાં આવશે, જેના પર વ્યાજ દર મહત્તમ 5 ટકા હશે. જ્યારે બીજા તબક્કામાં, કામદારોને દરેકને 2 લાખ રૂપિયાની રાહત લોન મળશે. પીએમ વિશ્વકર્મા યોજના હેઠળ કારીગરો અને શિલ્પકારોને પણ પીએમ વિશ્વકર્મા પ્રમાણપત્ર અને ઓળખ કાર્ડ આપવામાં આવશે. આધુનિક સાધનો ખરીદવા માટે 15 હજાર રૂપિયા આપવામાં આવશે.

ગૃહમંત્રી અમિત શાહ અમદાવાદમાં

મોદીના જન્મદિવસ 17 સપ્ટેમ્બરે સમગ્ર દેશમાં વિશ્વકર્મા યોજના શરૂ કરવામાં આવશે. ખાસ વાત એ છે કે દેશના 70 પસંદગીના સ્થળો પર 70 મંત્રીઓ હાજર રહેશે. સૂત્રોના જણાવ્યા અનુસાર 17 સપ્ટેમ્બરના કાર્યક્રમ માટે અમિત શાહ અમદાવાદમાં, રાજનાથ સિંહ લખનૌમાં, મહેન્દ્ર નાથ પાંડે વારાણસીમાં, સ્મૃતિ ઈરાની ઝાંસીમાં, ગજેન્દ્ર સિંહ શેખાવત ચેન્નાઈમાં, ભૂપેન્દ્ર યાદવ જયપુરમાં, નરેન્દ્ર સિંહ તોમર ભોપાલમાં હશે. . વિદેશ મંત્રી જયશંકર તિરુવનંતપુરમમાં, નીતિન ગડકરી નાગપુરમાં, અશ્વિની વૈષ્ણવ ભુવનેશ્વરમાં રહેશે. એટલે કે આ યોજના તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં કેન્દ્રીય મંત્રીઓની હાજરીમાં શરૂ કરવામાં આવશે.

30 લાખ કારીગરોને મળશે લાભ | પીએમ વિશ્વકર્મા યોજના હેઠળ, નાણાકીય વર્ષ 2023-24 થી નાણાકીય વર્ષ 2027-28 સુધીના પાંચ વર્ષમાં 13,000 કરોડ રૂપિયા ખર્ચવામાં આવશે. વિશ્વકર્મા જયંતિ નિમિત્તે 17 સપ્ટેમ્બરથી આ યોજના શરૂ થશે. આ અંતર્ગત એવા કામદારોને લાભ મળશે, જેઓ કૌશલ્ય સાથે જોડાયેલા કામમાં જોડાયેલા છે અને જ્યાં ગુરુ-શિષ્યની પરંપરા હજુ પણ ચાલી રહી છે. ઉલ્લેખનીય છે કે આ યોજનાથી 30 લાખ પરંપરાગત કારીગરોને ફાયદો થવાની સંભાવના છે.

ન્યૂઝ બ્રિફ

સુપ્રિમ કોર્ટમાં 96 ટકા કેસોનો નિકાલ છતાં હજુ 80,000 પેન્ડીંગ

દેશની અદાલતોમાં લાખો કેસોનાં ભરાવા વચ્ચે ફટાફટ નિકાલ માટે અનેકવિધ સુધારા કરવામાં આવ્યા છે. ત્યારે એક મહત્વની બાબત એ છે કે 2023 માં સુપ્રિમ કોર્ટમાં 95.7 ટકા કેસોનો નિકાલ આવી ગયો છે.સુપ્રિમ કોર્ટમાં ચીફ જસ્ટીસ ડી.વાય.ચંદ્રચુડના નેતૃત્વ હેઠળની સર્વોચ્ચ અદાલતે ચાલુ વર્ષે અત્યાર સુધીમાં 82328 કેસોમાં ચુકાદા આવ્યા છે જે ગત વર્ષે આ ગાળામાં 75554 કેસોમાં ચુકાદા આવ્યા હતા. ઓલ ઈન્ડીયા જયુડીશ્યલ ડેટા ટ્રાન્સપરન્સી પોર્ટલ-નેશનલ જયુડીશ્યલ ડેટા ગ્રીડની રચનાના આઠ વર્ષ બાદ હવે સુપ્રિમ કોર્ટને ઓનબોર્ડ પ્લેટફોર્મ મળ્યુ છે.

10 રાજ્યોમાં ભારે વરસાદની ચેતવણી

દેશભરમાં ઘણાં રાજ્યોમાં હાલ વાતાવરણમાં પલટો જોવા મળી રહ્યો છે. દેશની રાજધાની દિલ્હી અને તેના આસપાસના વિસ્તારોમાં ભારે પવન સાથે વરસાદથવાથી લોકોને ગરમીથી રાહત મળી છે. IMDએ આજે વરસાદને લઈને અનેક રાજ્યોમાં એલર્ટ જારી કર્યું છે. હવામાન વિભાગે દક્ષિણ પશ્ચિમ મધ્યપ્રદેશ માટે રેડ એલર્ટ જારી કર્યું છે જ્યાં આવનારા ત્રણ દિવસ ભારે વરસાદની સંભાવના છે. મહારાષ્ટ્ર અને ગુજરાતના ઘણાં વિસ્તારો માટે પણ એલર્ટ જારી કર્યું છે.

બારામુલામાં સુરક્ષા દળોએ વધુ બે આતંકવાદી ઠાર માર્યો

જમ્મુ-કાશ્મીરના બારામુલા જિલ્લાના ઉરી સેક્ટરમાં સુરક્ષા દળો સાથેની અથડામણમાં વધુ એક આતંકવાદી ઠાર માર્યો છે. હજુ કેટલાક આતંકીઓ છુપાયા હોવાની આશંકા છે. અનંતનાગ જિલ્લાના કોકરનાગ વિસ્તારમાં સુરક્ષા દળોનું આતંકવાદ વિરોધી અભિયાન સતત ચોથા દિવસે પણ ચાલુ છે. અનંતનાગમાં સતત ચોથા દિવસે એન્કાઉન્ટર ચાલુ છે. બુધવારે વહેલી સવારે શરૂ થયેલા આ એન્કાઉન્ટરમાં અત્યાર સુધીમાં મેજર સહિત પાંચ જવાન શહીદ થયા છે.

રશિયાનું પ્રાઇવેટ અર્ધ લશ્કરી દળ વેગેનર ગ્રુપ હવે આતંકી સંગઠન

રશિયાના વેગનર ગ્રુપને બ્રિટને આતંકવાદી સંગઠન

જાહેર કરીને મોટો આંચકો આપ્યો છે. આ વિવાદાસ્પદ ગ્રુપ માનવ અધિકાર અને યુધ્ધમાં ક્રુરતાને લગતા અનેક આરોપો છે. વેગનર આર્મી ગ્રુપ એક સમયે રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનનું માનીતું હતું. યુક્રેન યુધ્ધમાં વેગનેર ગ્રુપના લડવૈયાઓ બહાદૂરીથી લડયા હતા,પરંતુ વેગેનર ગ્રુપના વડા યેવેગની પ્રિગોઝીનના એર ક્રેસમાં થયેલા મુત્યુ પછી પાસુ પલટાઇ ગયું છે.

વાંકી નજરે... સૌજન્યથી...

ફાઈનલ મેચને લઈને સોશિયલ મીડિયામાં કોમેન્ટ - 'રામ-રાવણ' વચ્ચે મહાયુદ્ધ

એશિયા કપ: આજે કોલંબોમાં ભારત અને શ્રીલંકા વચ્ચે ખરાખરીનો જંગ

ગુજરાત | વંદન

એક બાજુ ભારતમાં 5 ઓક્ટોબરથી ક્રિકેટના મહાકુંભ વન-ડે વર્લ્ડકપનો આરંભ થવાનો છે. ત્યારે આ પહેલા એશિયા કપમાં રવિવારે 17 સપ્ટેમ્બરે ભારત અને શ્રીલંકા વચ્ચે કોલંબોમાં ફાઈનલ મુકાબલો ખેલાશે. ક્રિકેટ ચાહકોમાં શરતો અને સટ્ટો લાગ્યો છે કે, એશિયા કપ કોણ જીતશે - ભારત કે શ્રીલકાં? તો સોશિયલ મીડિયામાં કેટલાક આ મેચને લઈને એવી કોમેન્ટ પણ કરી રહ્યા છે કે, આ મેચ રામ અને રાવણ વચ્ચેની છે. કેમ કે, ભગવાન શ્રી રામ ભારતવર્ષના હતા અને રાવણ લંકાનો હતો જે હવે શ્રીલંકા તરીકે ઓળખાય છે.

સુપર- 4માં ટીમ ઈન્ડિયાએ પહેલા પાકિસ્તાન અને શ્રીલંકાને હરાવીને ફાઈનલમાં પહોંચ્યું છે. જ્યારે શ્રીલંકા બાંગ્લાદેશ અને પાકિસ્તાનને હરાવીને ફાઈનલની ટિકિટ મેળવી હતી. નોંધનીય છે કે, એશિયા કપની ડિફેન્ડિંગ ચેમ્પિયન શ્રીલંકાની ટીમ છે. ત્યારે હવે જોવાનું એ રહેશે કે, આ વખતે એશિયા કપમાં કોણ ચેમ્પિયન બને છે.

કોલંબોના આર પ્રેમદાસા સ્ટેડિયમમાં ટોસ જીતીને બેટિંગ કરતા પાકિસ્તાને 42 ઓવરમાં 7 વિકેટે 252 રન બનાવ્યા હતા. DLS પદ્ધતિ હેઠળ શ્રીલંકાને માત્ર 252 રનનો

...અનુસંધાન પેજ નં. 6 પર

શ્રીલંકા એશિયા કપમાં સૌથી વધુ વખત ફાઈનલમાં પહોંચનાર ટીમ

શ્રીલંકાની ટીમ હાલ એશિયા કપની ડિફેન્ડિંગ ચેમ્પિયન છે. તેણે વધુ એક વખત ફાઈનલમાં પ્રવેશ કર્યો છે ત્યારે હવે શ્રીલંકાની ટીમ એશિયા કપ (વનડે અને T20)માં સૌથી વધુ વખત ફાઈનલમાં પહોંચનાર પહેલી ટીમ બની છે. શ્રીલંકાની ટીમ 12મી વખત ફાઈનલમાં પહોંચી છે. આ મામલે ટીમ ઈન્ડિયા બીજા ક્રમે છે. ભારતીય ટીમ 10 વખત ફાઈનલમાં પહોંચી છે જ્યારે પાકિસ્તાનની ટીમની વાત કરવામાં આવે તો તે ત્રીજા નંબરે છે જેણે પાંચ વખત ફાઈનલમાં પહોંચી છે. આ સિવાય બાંગ્લાદેશની ટીમ ત્રણ વખત ફાઈનલમાં પહોંચી છે.

એશિયાકપમાં ભારતનો દબદબો

એશિયા કપની શરૂઆત 1984માં થઈ હતી. પ્રથમ ટૂર્નામેન્ટમાં ભારત ચેમ્પિયન બન્યું હતું. અત્યાર સુધી 15 વખત આ ટૂર્નામેન્ટ રમાઈ છે. જેમાં બે વખત ટી-20 ફોર્મેટમાં રમાઈ હતી. જેમાં ભારત સૌથી વધારે 7 વખત ચેમ્પિયન બન્યું છે. ભારત છેલ્લે 2018માં આ ટૂર્નામેન્ટમાં વિજેતા બન્યું હતું. જોકે આ પછી ફક્ત એક જ વખત ટૂર્નામેન્ટ રમાઈ છે. આ પછી શ્રીલંકા 6 વખત ટૂર્નામેન્ટ જીત્યું છે. પાકિસ્તાન 2 વખત ચેમ્પિયન બન્યું છે.

લીબિયામાં મોતનો આંકડો 40 હજાર પર પહોંચ્યો, હજુ લાપતા

ગુજરાત | વંદન

લીબિયામાં સુમુદ્રમાં આવેલી સુનામીના કારણે 40 હજારથી વધારે લોકોના મોત થયા હોવાની આશંકા છે. આ વચ્ચે ઓથોરિટીઝનું કહેવું છે કે આ ઘટનાઓની તપાસ કરવામાં આવે. લીબિયાના આ ધુનિક ઈતિહાસની આ સૌથી મોટી સુનામી છે. જેમાં મૃત્યુ પામેલ લોકોના મૃતદેહ પણ નથી મળી રહ્યા.



બચાવ અભિયાનમાં શામેલ લોકોનું કહેવું છે કે સુનામી આવવાના કારણે શહેરમાં પાણી ઘુસી આવ્યું હતું અને તેના પાણીની સાથે ઘણા લોકો પણ વહી ગયા. અંદાજ લગાવવામાં આવી રહ્યો છે કે તેમાં મોટાભાગના લોકોના મોત થઈ ગયા છે. પરંતુ મૃતદેહની શોધ કરવી મુશ્કેલ થઈ રહી છે. લીબિયાના ડેરના શહેરનો લગભગ અડધો ભાગ સંપૂર્ણ રીતે તબાહ થઈ ગયો છે.

ડેરના શહેરના મેયર અબ્દુલમેનામ અલ-ઘાઈઠીએ કહ્યું છે કે શહેરમાં મૃત્યુ પામનાર લોકોના આંકડા 40 હજાર સુધી પહોંચી ગયા છે. આટલું જ નહીં તેમણે કહ્યું છે કે હવે મોટી બીક એ વાતની છે કે મહામારી ફેલાઈ શકે છે. પાણીમાં મૃતદેહ સડી રહ્યા છે અને રસ્તા પર પાણીની સાથે ગંદકી વહી રહી છે. તેના કારણે બીમારીઓનો ખતરો વધી રહ્યો છે.લિબિયન સિક્યોરિટી ફોર્સ અનુસાર, 4 દેશો તુર્કી, ઈટાલી, કતાર અને યુએઈ પૂર અસરગ્રસ્ત વિસ્તારોમાં મદદ કરી રહ્યા છે. અહીં મેડિકલના સાધનો, દવાઓ અને ખાવા-પીવાની ચીજો પહોંચાડવામાં આવી રહી છે. ઈજિપ્ત, જોર્ડન, ટ્યુનિશિયા અને કુવૈતે પણ મદદ કરવાનું કહ્યું છે. સંયુક્ત રાષ્ટ્ર, યુરોપિયન યુનિયન અને અમેરિકા પણ ઈમરજન્સી ફંડ જાહેર કરી રહ્યા છે.

NBDA : આ નિર્ણય ઘાતક મિસાઈલ સાબિત થશે

'ઈન્ડિયા' વર્સિસ મીડિયા : 14 ટીવી એન્કરોના કાર્યક્રમો વિપક્ષ માટે વાંધાજનક

ગુજરાત | વંદન

વિપક્ષી દળોનું ગઠબંધન ઈન્ડિયન નેશનલ ડેવલપમેન્ટ ઈન્ક્લૂઝિવ એલાયન્સ (ઈન્ડિયા)ના તમામ પક્ષોએ મોટો નિર્ણય લેતાં કહ્યું કે હવે તેમના પ્રતિનિધિઓ દેશમાં સંચાલિત 14 જેટલા ટેલિવિઝનના એન્કરના કાર્યક્રમોમાં ભાગ નહીં લે. જોકે આ મામલે ન્યૂઝ બ્રોડકાસ્ટર્સ એન્ડ ડિજિટલ એસોસિએશન (એનબીડીએ)એ કહ્યું કે આ નિર્ણય ઘાતક મિસાઈલ સાબિત

થશે. તે લોકતંત્રના મૂલ્યો વિરુદ્ધ છે.

જ્યારે આ મામલે સત્તાધારી ભાજપે વિપક્ષના ગઠબંધન સામે નિશાન તાકતાં તેમના આ નિર્ણયની તુલના ભૂતપૂર્વ વડાપ્રધાન ઈન્દિરા ગાંધી સરકાર દરમિયાન દેશ પર લદાયેલી કટોકટી સાથે કરી હતી. ઉલ્લેખનીય છે કે ઈન્ડિયા ગઠબંધનની મીડિયા સંબંધિત સમિતિની બેઠકમાં આ નિર્ણય લેવાયો હતો. એક નિવેદન જાહેર કરીને જણાવાયું કે 13 સપ્ટેમ્બર, 2023ના રોજ યોજાયેલી બેઠકમાં ઈન્ડિયા કોઓર્ડિનેશન કમિટી દ્વારા લેવાયેલા નિર્ણયો મુજબ વિપક્ષી ગઠબંધનના પક્ષો આ 14 એન્કરના શો અને કાર્યક્રમમાં તેમના પ્રતિનિધિને નહીં મોકલે.

...અનુસંધાન પેજ નં. 6 પર

40થી 70% છે મૃત્યુદર, ICMRએ કર્યા એલર્ટ

કોરોનાથી પણ વધારે ખતરનાક છે નિપાહ વાયરસ : નિષ્ણાતો

ગુજરાત | વંદન

દેશમાં કોરોના વાયરસ બાદ નિપાહ વાયરસની એન્ટ્રીએ લોકોને ડરાવી દીધા છે. કેરળમાં નિપાહ વાયરસના કેસ મળવાની સાથે જ મેડિકલ સંસ્થાઓએ ચેતાવણી જાહેર કરવાની શરૂ કરી દીધી છે. આ વચ્ચે ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચે જણાવ્યું છે કે નિપાહ વાયરસ કોરોના કરતા ખૂબ વધારે

ખતરનાક છે. નિપાહથી સંક્રમણમાં મૃત્યુ દર 40થી 70 ટકા છે. જ્યારે કોરોનાના 2થી 3 ટકા છે. આ કોરોના વાયરસના કારણે થયેલા પહેલા મૃત્યુ કરતા ખૂબ વધારે છે. કેરળમાં હાલ નિપાહ વાયરસના 6 કેસ સામે આવી ચુક્યા છે. જેમાંથી 2 લોકોના મોત થઈ ચુક્યા છે. કોઝિકોડ જિલ્લામાં 24 સપ્ટેમ્બર સુધી દરેક શૈક્ષણિક સંસ્થાઓને બંધ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ICMRના ડાયરેક્ટર રાજીવ બહલે કહ્યું કે કેરળમાં નિપાહ વાયરસને ફેલાતો અટકાવવા માટે બધા પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. તેમણે કહ્યું, "બધા દર્દી એક

...અનુસંધાન પેજ નં. 6 પર

જી-20 દેશોમાં સૌથી વધુ મોંઘવારી તુર્કીમાં, ભારત બીજા નંબરે

- જી-20 દેશોની મોંઘવારીના 10 વર્ષના આંકડાઓમાં પણ ભારત સૌથી આગળ...

ગુજરાત | વંદન

દેશમાં સતત વધી રહેલી મોંઘવારી અને તેની વ્યાજદર વધારા સહિતની આડ અસરથી આમ આદમી સૌથી વધુ અસરગ્રસ્ત છે અને કેન્દ્રની મોદી સરકાર અમેરિકા અને બ્રિટન સહિતના દેશોના દ્રષ્ટાંત આપી ભારતમાં મોંઘવારી ઓછી છે તેવા દાવા કરે છે તે વચ્ચે હાલમાંજ એક રીપોર્ટમાં વિશ્વમાં કોરોનાકાળ પછી વધેલી મોંઘવારીને યુક્રેન યુદ્ધ એ ગતિ આપી છે અને તેઓ જી-20 દેશોની સ્થિતિ પર નજર કરીએ તો તુર્કી બાદ સૌથી વધુ મોંઘવારી ભારતમાં છે. છેલ્લા ત્રણ વર્ષના મોંઘવારીના આંકડામાં અમેરિકા-બ્રિટન સહિતના પશ્ચીમી દેશોમાં પણ મોંઘવારી વધી હોવાનું જણાવ્યું છે

પણ ભારતમાં તો 10 વર્ષથી મોંઘવારી સતત વધી રહી છે. છેલ્લા એક વર્ષના ફુગાવાના આંકડા પર નજર કરો તો વિશ્વમાં યુરોપનું પ્રવેશદ્વાર ગણાતું તુર્કી એ દુનિયાનો સૌથી મોંઘો દેશ છે. એટલે કે આ દેશમાં મોંઘવારીમાં 2022-23ના જુલાઈથી જુલાઈના વર્ષમાં 45%નો મોટો વધારો થયો છે તો ભારતમાં એક વર્ષમાં મોંઘવારી 7.5% વધી છે અને તે આ રીતે મોંઘવારીમાં

વિશ્વમાં નંબર ટુ પર છે.જી-20ના અન્ય દેશોમાં બ્રિટન-જર્મની અને ઈટલીમાં 1 વર્ષમાં સરેરાશ 5.8% મોંઘવારી વધી છે. જો કે જી-20ના અન્ય દેશોમાં આર્જેન્ટીના, ઓસ્ટ્રેલિયા, જાપાન અને રશિયામાં ફુગાવાના કોઈ પ્રમાણભૂત આંકડા મળતા નથી.

તુર્કી છેક 2020થી મોંઘવારીમાં પ્રથમ સ્થાને છે અને તેમાં કુલ 216%નો વધારો થયો છે. તુર્કી બાદ લાંબાગાળાની મોંઘવારીમાં બ્રાઝીલમાં 24% બ્રિટનમાં 20%ની ઝડપે મોંઘવારી વધી છે તો લાંબાગાળામાં મેક્સીકો, ભારત, જર્મની, દ.આફ્રિકા અને અમેરિકામાં 18% ના દરે મોંઘવારી વધી છે. પાંચ વર્ષની તુલનામાં પણ તુર્કી નંબર વન છે અને ભારત નંબર બે પર છે. આમ વિશ્વના અન્ય દેશો સાથે ભારત પણ મોંઘવારીમાં સતત સાથે રહી છે. છેલ્લા 10 વર્ષમાં જી-20 દેશોમાં મોંઘવારી 45.6% વધી છે તો વિકસીત દેશોમાં તે ઓછી રહી છે. સૌના આશ્ચર્ય વચ્ચે બન્ને કોરિયા, ચીન તથા સાઉદી અરેબીયામાં મોંઘવારી સૌથી ઓછી રહી છે.

સિદ્ધારમૈયાએ ભાજપ પર પ્રહારો કર્યા

'PM મોદીએ 10 વર્ષમાં પ્રેસ કોન્ફરન્સ ન કરીને દરેક પત્રકારનો બહિષ્કાર કર્યો'

ગુજરાત | વંદન

વિપક્ષી ગઠબંધન 'ભારત'માં સામેલ પક્ષોએ 14 મીડિયા એન્કરના શોમાં તેમના પ્રતિનિધિઓને નહીં મોકલવાનો નિર્ણય લીધો છે. આ મુદ્દે રાજકારણ ગરમાયું છે. કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ હવે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડા પર

વળતો પ્રહાર કર્યો છે. ભારતના ગઠબંધનની ટીકા કરતા જેપી નડ્ડાએ કહ્યું હતું કે ન્યૂઝ એન્કર્સની આવી

...અનુસંધાન પેજ નં. 6 પર

ગાંધીનગર
સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com



આ વર્ષે થશે દિવ્ય અને અદ્ભુત લાઈટિંગ, ચોતરફ જોવા મળશે માતાજીનો ઝળહળાટ

ભાદરવી પૂનમ મેળો 23થી શરૂ, 44 લાખ ભક્તો ઉમટશે

■ પગપાળા યાત્રાળુઓ માટે અંદાજીત 9000 ચો.મી. વિસ્તારમાં તમામ સગવડો

ગુજરાત | વંદન

ગુજરાતમાં અંબાજી ખાતે દર વર્ષે ભાદરવી પૂનમે યોજાતા પરંપરાગત મેળામાં લાખો શ્રદ્ધાળુઓ ઉમટે છે કે જેમાં મોટાભાગે પગપાળા યાત્રાળુઓ હોય છે. આ વર્ષે 23 થી 29 સપ્ટેમ્બર દરમિયાન યોજનાર આ ભવ્ય મેળામાં અંદાજે 40 લાખથી વધારે યાત્રાળુઓ પહોંચે તેવી શક્યતા છે. અંબાજી ખાતે આ વર્ષે યોજાનાર ભાદરવી પૂનમ મેળામાં યાત્રાળુઓની સુવિધાઓમાં મોટાપાયે વધારો કરવામાં આવનાર છે કે જેમાં સૌથી વિશેષ છે અદ્ભુત તથા દિવ્ય લાઈટિંગ. સમગ્ર અંબાજીમાં લાઈટિંગનો એવો ઝળહળાટ ઊભો કરવામાં આવશે કે ભક્તોને ચોતરફ માતાજીની ઝાંખી જોવા મળશે.

ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ (GPYVB), આરાસુરી અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ અને બનાસકાંઠા જિલ્લા વહીવટીતંત્રના સંયુક્ત સહકારથી યાત્રાળુઓની સુવિધા, સલામતી અને સેવાના ભાવથી રાજ્યકક્ષાના આ મેળાની તડામાર તૈયારીઓ કરવામાં આવી રહી છે. યાત્રાધામ વિકાસ બોર્ડના સચિવ શ્રી આર. આર. રાવલે જણાવ્યું, "યાત્રાળુઓની આસ્થાને અનુરૂપ વ્યવસ્થા એ અમારો ઉદ્દેશ છે." તેમણે જણાવ્યું કે રાજ્ય સરકારે વર્ષ 2023ના અંબાજી ભાદરવી પૂનમના મેળામાં યાત્રાળુઓની સુવિધાઓ તથા વ્યવસ્થાઓ માટે સરકાર દ્વારા જરૂરી નાણાકીય ફાળવણી કરવામાં આવનાર છે.

રાવલે અંબાજી મેળા અંગે કરાઈ રહેલી સુવિધાઓ તથા વ્યવસ્થાઓ વિશે માહિતી આપતા જણાવ્યું કે આ વર્ષે અંબાજી આવનાર શ્રદ્ધાળુઓની સુવિધાઓમાં મોટાપાયે વધારો કરવામાં આવી રહ્યો છે કે જેથી કોઈ પણ શ્રદ્ધાળુને અગવડ ન પડે. તેમણે જણાવ્યું કે આ વર્ષે તમામ વિભાગોની તમામ કામગીરીને એકસૂત્રતામાં જાળવવા માટેની કાર્યવાહી કરવામાં આવેલ છે, તેમજ ગત વર્ષના આયોજનમાં પણ વધારો કરવામાં આવ્યો છે.

અંબાજી પગપાળા યાત્રાળુઓ માટે ગત વર્ષે 4000 ચો.મી વિસ્તારમાં વૉટરપ્રૂફ ડોમની વ્યવસ્થા કરવામાં આવી હતી, જેમાં વધારો કરીને આ વર્ષે 9000 ચો.મી વિસ્તારને સાંકળી આયોજન કરવામાં આવેલ છે. તેના કારણે વધુ યાત્રાળુઓ આરામ કરી શકશે. ચાર અલગ-અલગ સ્થળોએ બનનાર આ 4 વૉટરપ્રૂફ ડોમમાં યાત્રાળુઓ માટે અંદાજે 1200 બેડની સુવિધા, અન્ય એક મલ્ટી પર્પઝ ડોમની સુવિધા, શૌચાલય, સીસીટીવી કેમેરા, મોબાઈલ ચાર્જિંગની વ્યવસ્થા, હાઉસકીપિંગ સર્વિસ, સાઈનેજિસ, ફ્લોર કાર્પેટ, ફ્લૅગ પોલ, પીવાના પાણીની વ્યવસ્થા, ઈલેક્ટ્રિફિકેશનની વ્યવસ્થા, અગ્નિશામક સાધનો વગેરેની વ્યવસ્થા કરવામાં આવી રહી છે.

હડાદ અને દાંતા, આ બન્ને માર્ગો પર શૌચાલય અને બાથરૂમની વ્યવથા કરવામાં આવી રહી છે, જેમાં યાત્રાળુઓની સુવિધા માટે ગરમ પાણીની વ્યવસ્થા પણ હશે. શૌચાલયની સંખ્યા ગત વર્ષે 18 હતી, જેને વધારીને આ વર્ષે 29 કરવામાં આવી છે. આ તમામ શૌચાલયો કન્ટેનર ટાઇપ અદ્યતન સ્પેસિફિકેશન સાથેના હશે.

મેળા દરમ્યાન યાત્રાળુઓની સલામતીની ચુસ્ત વ્યવસ્થા કરવામાં આવશે. વાહનો લઈને આવનાર યાત્રાળુઓ માટે પાર્કિંગની વ્યવસ્થા કરવામાં આવશે. ચોરીના બનાવો ઘટાડવા માટે એક સમાન લાઈટિંગ (40-50 LUX), વધારાના CCTV કૅમેરા, યોગ્ય PA સિસ્ટમ અને પોલીસ પેગોડા સાથે વ્યાપક 2,00,000 ચોરસ મીટર વિસ્તારને આવરી લઈ પાર્કિંગ વિસ્તારને વધારવામાં આવેલ છે. અંબાજીના બંને માર્ગો પર આશ્રય સ્થાનોની સુવિધા, પીવાના પાણીની સુવિધાને સુવ્યવસ્થિત પેવર બ્લૉક ફ્લોરિંગ સાથે અપગ્રેડ કરવામાં આવી છે. મેળામાં હોર્ડિંગ્સ, સાઈનેજ અને સંબંધિત ઈન્ફ્રાસ્ટ્રક્ચરના નિર્માણ માટે એક સમાન થીમ આધારિત ગુણવત્તામાં સુધારો કરવામાં આવ્યો છે. ગત વર્ષે 1500 ચો.મીનાં બદલે આ વર્ષે 4500 ચો.મી સુધી પ્રચાર-પ્રસારની કામગીરી કરવામાં આવશે.

ગિફ્ટ સિટીમાં સ્થિત ETFs યુનિટ્સને ટેક્સમાં મળશે રાહત

■ નાણાકીય બાબતોને પ્રોત્સાહન આપવા રાજ્ય સરકારનો નિર્ણય

ગુજરાત | વંદન

સરકારે ગિફ્ટ સિટી (GIFT City)માં આવેલી અથવા ત્યાંના એક્સચેન્જમાં ટ્રેડ થતી કંપનીઓ દ્વારા ઇશ્યૂ કરવામાં આવેલા ઈન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ્સ એન્ડ એક્સચેન્જ ટ્રેડેડ ફંડ્સ (ETFs) ના યુનિટ્સને કેપિટલ ગેઈન ટેક્સ (Capital Gain Tax)માંથી મુક્તિ આપી છે.

સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સીસ (CBDT)એ ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ સર્વિસીસ સેન્ટર્સ ઓથોરિટી (ફંડ મેનેજમેન્ટ) રેગ્યુલેશન્સ, 2022 અંતર્ગત ઈન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટના કોઈ પણ યુનિટ, સ્કિમના યુનિટ, અને યુનિટ ઓફ ઈટીએફને માટે કેપિટલ ગેઈન ટેક્સમાંથી મુક્તિ આપતું નોટિફિકેશન બહાર પાડ્યું હતું. ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક-સિટી (GIFT)-IFSCને નાણાકીય ક્ષેત્ર માટે ટેક્સ-ન્યુટ્રલ એન્ક્લેવ તરીકે પ્રમોટ કરવામાં આવી રહી છે.

નાંગિયા એન્ડરસન એલએલપી પાર્ટનર-ફાઈનાન્સિયલ સર્વિસીસના સુનીલ ગિડવાણીએ જણાવ્યું હતું કે કાયદામાં હાલમાં ગિફ્ટ સિટીમાં સ્ટોક એક્સચેન્જો પર ટ્રેડિંગ કરવા અથવા ગિફ્ટ સિટીમાં આવેલી કંપનીઓ દ્વારા જારી કરવામાં આવેલી સિક્યોરિટીઝ પર કેપિટલ ગેઈન ટેક્સમાંથી મુક્તિની જોગવાઈ છે.

નવી ફંડ વ્યવસ્થામાં ઈન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ તરીકે સ્થાપવા માટે ફંડની જોગવાઈ કરવામાં આવી છે. તેથી કાયદામાં મૂડી નફામાંથી મુક્તિના હેતુસર આવા ટ્રસ્ટો દ્વારા જારી કરાયેલા યુનિટોનો સમાવેશ કરવાની જરૂર છે. એ જ રીતે ગિફ્ટ સિટીમાં સ્ટોક એક્સચેન્જોમાં લિસ્ટેડ અને ટ્રેડિંગ ઈટીએફ હવે કેપિટલ ગેઈન ટેક્સમાં છૂટ માટે લાયક ઠરશે.

એકેએમ ગ્લોબલ ટેક્સ પાર્ટનર અમિત મહેશ્વરીએ જણાવ્યું હતું કે આ નોટિફિકેશન ગિફ્ટ સિટીને વિશ્વમાં ફાયનાન્સિયલ સર્વિસિસ સેન્ટર બનાવવા અને સ્ટોક એક્સચેંજ પર બિન-નિવાસી રોકાણકારોને પ્રોત્સાહિત કરવાના ઉદ્દેશને અનુરૂપ છે. એ નોંધવું મહત્વપૂર્ણ છે કે આ મુક્તિનો લાભ લેવા માટે આવા વ્યવહારોની વિદેશી ચલણમાં ચૂકવણી અથવા ચૂકવવાપાત્ર હોવી જોઈએ.

નવી સૂચના દ્વારા ઉમેરવામાં આવેલી જામીનગીરીઓમાં (1) ઈન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટના યુનિટ (2) યુનિટ ઓફ સ્કીમ અને (3) એક્સચેન્જ ટ્રેડેડ ફંડના યુનિટનો સમાવેશ થાય છે. આ છૂટછાટો સરકારનું આવકારદાયક પગલું છે અને બિન-નિવાસી રોકાણકારો માટે વૈશ્વિક સ્તરે તેને વધુ સ્પર્ધાત્મક બનાવશે.

ગુજરાતમાં GST રજિસ્ટ્રેશન માટે પાસપોર્ટ જેવી સિસ્ટમ લાગુ કરાશે

■ બોગસ બિલિંગને રોકવા સરકારનો નિર્ણય: વિધાનસભામાં નાણામંત્રીની જાહેરાત

ગુજરાત | વંદન



જીએસટી (GST) રજિસ્ટ્રેશનમાં બોગસ બિલિંગને રોકવા ગુજરાત સરકારે પાસપોર્ટ જેવી પોલીસ વેરિફિકેશન વ્યવસ્થા ગોઠવવાનો નિર્ણય કર્યો છે. રાજ્યના નાણાં મંત્રી કનુભાઈ દેસાઈએ વિધાનસભાના ચોમાસા સત્રના પ્રથમ દિવસે ગૃહમાં આ જાહેરાત કરી હતી.

તેમણે જણાવ્યું હતું કે બોગસ બિલિંગના દૂષણને નાથવા માટે સરકારે જીએસટી રજિસ્ટ્રેશનની પ્રક્રિયાને વધુ કડક બનાવવાનો નિર્ણય કર્યો છે. અમે જીએસટી નંબર માંગનારાઓ માટે પાસપોર્ટ જેવી રજિસ્ટ્રેશન પ્રોસેસ (પોલીસ વેરિફિકેશન સહિત) અમલી બનાવાશે. તેનાથી બોગસ બિલિંગના કૌભાંડોને રોકી શકાશે.

બોગસ બિલો બનાવીને ટેક્સ ક્રેડિટ મેળવતા લોકો અંગે વિપક્ષ કોંગ્રેસના સભ્યોને જવાબ આપતી વખતે તેમણે આ જાહેરાત કરી હતી.નાણાં મંત્રીએ મંત્રીએ ગૃહને માહિતી આપી હતી કે 'ધ ગુજરાત ટેક્સેશન લો (સુધારા) બિલ, 2023' મહત્તમ વ્યાજ દર નક્કી કરશે અને સરકારને જાહેરનામું બહાર પાડીને નીચા વ્યાજના દરને સ્પષ્ટ કરવાની સત્તા પણ આપશે. આ બિલને બહુમતીથી પસાર કરવામાં આવ્યું હતું. વિધાનસભામાં ધ ગુજરાત ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (સુધારા) બિલ અને ચાંપાનેર-પાવાગઢ આર્કિયોલોજિકલ પાર્ક વર્લ્ડ હેરિટેજ એરિયા મેનેજમેન્ટ ઓથોરિટી (રિપીલ) બિલ પણ મંજુર કરાયા હતા.ઉગ્ર ચર્ચા બાદ ઓનલાઈન ગેમિંગ, કેસિનો અને હોર્સ રેસ ક્લબમાં દાવ પર 28 ટકા ટેક્સની દરખાસ્ત કરતું ગુજરાત જીએસટી (સુધારા) બિલ બહુમતીથી કરવામાં આવ્યું હતું. કોંગ્રેસના ધારાસભ્ય સી.જે.ચાવડાએ ગુજરાતમાં જુગારને કાયદેસર બનાવવામાં આવ્યો હોવાનો આક્ષેપ કરતા બિલ પાછું ખેંચવા સરકારને વિનંતી કરી હતી કારણ કે આરોપીઓને સજા કરવાને બદલે હવે સરકાર ઓનલાઈન સટ્ટો લગાવનારા પાસેથી ટેક્સ વસૂલશે. ઉલ્લેખનીય છે કે, ઓનલાઈન ગેમિંગ, કેસિનો અને હોર્સ રેસ ક્લબ પર 28 ટકા ટેક્સ વસૂલવા માટે સેન્ટ્રલ અને ઈન્ટિગ્રેટેડ જીએસટી કાયદામાં સુધારાનો અમલ કરવા માટે ઓગસ્ટમાં સંસદે પણ આ પ્રકારનું બિલ પસાર કર્યુ હતું.ત્રીજા બિલમાં પંચમહાલ જિલ્લાના ચાંપાનેર અને પાવાગઢ નજીક હેરિટેજ સ્ટ્રક્ચર્સની જાળવણી માટે 2006માં બનાવવામાં આવેલી ઓથોરિટીને નાબૂદ કરવાની દરખાસ્ત કરવામાં આવી હતી. વિધાનસભામાં જણાવવામાં આવ્યું હતું કે 2006માં બનેલી ઓથોરિટીની આજે કોઈ જરુર નથી કારણ કે રાજ્ય સરકારે આ જ હેતુ માટે આ વર્ષે જૂનમાં 'પાવાગઢ એરિયા ડેવલપમેન્ટ ઓથોરિટી'ની રચના કરી હતી.

નેપાળ પણ પ્રાકૃતિક ખેતી પદ્ધતિ અપનાવવા ઉત્સુક : રાજ્યપાલ

■ નેપાળનું પ્રતિનિધિ મંડળ રાજ્યપાલના કુરુક્ષેત્ર પ્રાકૃતિક કૃષિ ફાર્મની મુલાકાતે

ગુજરાત | વંદન

નેપાળના કૃષિ અર્થશાસ્ત્રીઓ, પ્રગતિશીલ ખેડૂતો અને નેપાળ સરકારના કૃષિ અને પશુધન મંત્રાલયના ઉચ્ચ અધિકારીઓનું પ્રતિનિધિ મંડળ પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ અને તેના લાભોની જાણકારી મેળવવા રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના હરિયાણાના કુરુક્ષેત્રમાં આવેલા પ્રાકૃતિક કૃષિ ફાર્મની મુલાકાતે આવ્યું છે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, નેપાળ પણ રાસાયણિક ખાતરો અને પેસ્ટીસાઈડ્સનો ઉપયોગ બંધ કરીને પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ અપનાવવા ઇચ્છુક છે.

નેપાળના પ્રધાનમંત્રી રાસાયણિક ખાતર માટે ભારતના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીને મળ્યા હતા. શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તેમને રાસાયણિક ખેતી છોડીને પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ અપનાવવાનું સૂચન કર્યું હતું અને એ માટે જરૂરી માર્ગદર્શન આપવાની પણ તૈયારી દર્શાવી હતી. આ સંદર્ભે ભારત સરકારના વિદેશ મંત્રાલયના માધ્યમથી નેપાળ સરકારનું પ્રતિનિધિ મંડળ કુરુક્ષેત્ર પ્રાકૃતિક કૃષિ ફાર્મની મુલાકાત લેવા અને પ્રાકૃતિક ખેતી પદ્ધતિ વિશે જાણકારી મેળવવા ભારત આવ્યું છે.

આજે કુરુક્ષેત્રમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ નેપાળના પ્રતિનિધિ મંડળને પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ વિશે વિગતવાર જાણકારી આપી હતી. કૃષિ વૈજ્ઞાનિક ડોક્ટર હરિ ઓમે પણ ટેકનિકલ જાણકારી આપી હતી.

ગાંધીનગર કોર્પોરેશનને આગામી સમયમાં 100 જેટલી ઈ-બસ મળશે

ગુજરાત | વંદન

ગાંધીનગર મહાનગરપાલિકા એક બાજુ ઈ વિહિકલ પોલિસી લાવી રહ્યું છે ત્યારે આગામી સમયમાં પ્રધાનમંત્રી ઈ બસ સેવા યોજના અંતર્ગત મહાનગરપાલિકાને ૧૦૦ જેટલી ઈ બસ મળવાની છે. આ માટે કોર્પોરેશન દ્વારા સરગાસણની ટીપી ૯માં ૧૫,૦૦૦ ચોરસ મીટરનો પ્લોટ નક્કી કરીને ત્યાં ડેપો ઉભો કરવા માટેનું પણ આયોજન કરી દેવામાં આવ્યું છે. છ મહિનામાં બસ મેળવવા માટેની તમામ પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવશે.

પાટનગર ગાંધીનગરની મહાનગરપાલિકા ઈ વિહિકલ પોલીસી લાવી રહી છે અને શહેરમાં મહત્તમ ઈલેક્ટ્રીક વાહનોનો ઉપયોગ થાય તે માટે પ્રયાસો હાથ ધરવામાં આવનાર છે ત્યારે કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં જ લોન્ચ કરવામાં આવેલી પ્રધાનમંત્રી ઈ બસ સેવા અંતર્ગત ગાંધીનગર

ભાજપને જીતાડનાર કોંગ્રેસના 34 આગેવાનો સસ્પેન્ડ કરાયા

■ પ્રમુખે પક્ષ વિરોધી પ્રવૃતિ બદલ પાર્ટીમાંથી દૂર કર્યા

ગુજરાત | વંદન

લોકસભાની ચૂંટણી પહેલા ગુજરાતમાં તોડજોડની રાજનીતિએ વેગ પકડ્યો છે. ત્યારે 2024ની ચૂંટણી પહેલા કોંગ્રેસ એક્શનમોડમાં આવી છે. તાલુકા પંચાયતની ચૂંટણીમાં કોંગ્રેસ પક્ષના આદેશનું ઉલ્લંઘન કરીને ક્રોસ વોટીંગ કરનાર 34 સભ્યોને છ વર્ષ માટે તાત્કાલિક સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં એક તરફ કોંગ્રેસની સત્તા ભાજપે છીનવી લીધી છે. ત્યારે બીજી તરફ કોંગ્રેસે ભાજપ પર આ મામલે પ્રહારો પણ કર્યા છે. ત્યારે હવે પ્રદેશ અધ્યક્ષ શક્તિસિંહ ગોહિલ એક્શન મોડમાં આવ્યા છે. તાલુકા પંચાયતની ચૂંટણીમાં કોંગ્રેસ પક્ષના આદેશનું ઉલ્લંઘન કરીને ક્રોસ વોટીંગ કરનાર 34 સભ્યોને છ વર્ષ માટે તાત્કાલિક સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. આ ઉપરાંત ગેરહાજર રહેનાર 9 સભ્યોને તાત્કાલિક નોટિસ આપી ખુલાસો પૂછવામાં આવ્યો. કોંગ્રેસ પક્ષના આદેશનું ઉલ્લંઘન કરનાર વિવિધ તાલુકા પંચાયતમાં ગારીયાધાર, કલોલ, અબડાસા, લખતર, સરસ્વતી, સિધ્ધપુર, વિસનગર, નડિયાદ, માતર, મહુવાના સભ્યોનો સમાવેશ થાય છે

થોડી ઈધર કી થોડી ઉધર કી

ટીવી ચેનલો સામે ઇન્ડિયાનો હલ્લાબોલ....આક્રમણ... જંગ-એ-એલાન...?

એ વુ પહેલીવાર થઇ રહ્યું છે કે કોઇ પત્રકારની સામે રાજ્ય સરકાર પોલીસ ફરિયાદ નોંધાવે અને એવી ફોજદારી ફરિયાદ કે જે તે પત્રકાર સમાજમાં કોમી વૈમન્સય ફેલાવે છે...!. તો મામલો એ છે કે આજતક ટીવી ચેનલનો પત્રકાર સુધીર ચૌધરી સામે કર્ણાટક સરકારે પોલીસમાં કડક કલમો સાથેની ફરિયદ નોંધાવી છે. લઘુમતિ સમાજની કોઇ યોજનાને લઇને સુચૌએ આ યોજનાનો લાભ હિન્દુને નહીં મળે એવો દાવો કર્યો. પણ ભાઇ સુચૌ, જે યોજના લઘુમતિ સમાજ માટે હોય તેનો લાભ બહુમતિ સમાજના હિન્દુને કઇ રીતે મળી શકે?

ગુજરાતમાં અલ્પસંખ્યક નિગમ ભાષાકિય અને ધાર્મિક રીતે લઘુમતિ સમુદાય જેમ કે મુસ્લિમ-સિન્ધી વગેરેના લાભ માટે છે. તે નિગમ બિન-મુસ્લિમને કઇ રીતે લાભ આપી શકે? તેના માટે બીજા નિગમો અને યોજનાઓ છે જ. આટલી સાદી સમજ કોઇપણમાં હોય અને હોવી જોઇએ. પણ સુચૌને આ કેમ ન સુઝ્યું એ તો તેઓ જાણે પણ હવે કર્ણાટક જવુ પડશે અથવા કેસ દિલ્હી-નોઇડા તબદીલ થશે.

મિડિયા કી બાત નિકલી હૈ તો દૂર તલક જાયેંગી....ઔર પહુંચતે પહુંચતે મામલા ગરબડ હોતે હોતે કેટલાક ટીવી ચેનલના એંકરો સુધી પહોંચ્યો છે. ઇન્ડિયા વિપક્ષી મોરચાની મિડિયા કમિટિએ કેટલાક ટીવી એન્કરોને ઇન્ટરવ્યુ નહીં આપવાનો...તેમના ટીવી કાર્યક્રમોમાં નહીં જવાનો અને કુલ મિલા કે કહીએ તો તેમનો બહિષ્કાર પોકાર્યો છે. જો કે આ ટીવી એન્કરોની નામાવલિ જાહેર થઇ નથી પણ યુટ્યુબર પત્રકારોએ તેમના નામો ફોટા સહિત જાહેર કર્યા છે..!

દેખા હૈ પહલી બાર સાજન કે આંખો મેં પ્યાર.....ના અહીં વાત પ્યારની નથી પણ દેખા હૈ પહલી બાર એન્કરો કી આંખો મેં નફરત...ની વાત છે. હાથના કર્યા હૈયે વાગે તે આનુ નામ. શું આ અમુક-તમુક ટીવી ચેનલો સામે વિપક્ષી મોરચા ઇન્ડિયા નો હલ્લાબોલ....આક્રમણ... જંગ-એ-એલાન છે...?

પૂર્વ સેનાધ્યક્ષ વીકે સિંગની વાત સાચી પણ માને કોણ..?! ખેલે જાઓ ...ખેલે જાઓ ક્રિકેટ મેચ...

પૂર્વ સેનાધ્યક્ષ પીકે સિંગ કેન્દ્રમાં મંત્રી છે. તેમણે કહ્યું છે કે પીઓકે વિસ્તાર પાકિસ્તાનમાંથી ભારતમાં આવી જશે, બસ રાહ જુઓ. તેમણે કયા આધારે કહ્યું એ તો માન. મંત્રીશ્રી જાણે પણ અનંતનાગમાં મેજર, કર્નલ અને ડીવાયએસપીની શહાદત માટે પાકિસ્તાનને દોષ આપતા સેનાના એક સમયના વડા કહે છે કે આપણે પાકિસ્તાન સાથે બધુ બંધ કરીને તેને વિશ્વમાં એકલો પાડી દેવામાં નહીં આવે ત્યાં સુધી તે સીધો નહીં થાય અને પાકિસ્તાન સાથે ક્રિકેટ મેચ રમવી, પાકિસ્તાની કલાકારોને લઇને બોલીવુડમાં ફિલ્મો બનાવવી આ બધુ બંધ થવુ જોઇએ.....

મંત્રીશ્રીને શું કહીશું...? પાકિસ્તાન સાથે ક્રિકેટ મેચ રમવાની મંજૂરી કોણે આપી અને કોણ આપે છે...? અને હજુ તો અમદાવાદમાં પાકિસ્તાનની સામે મેચ યોજાવાની છે ત્યારે ખબર નહીં શું થશે..? વીકે સિંઘ રાજકારણી નથી. સેનાના અધ્યક્ષ તરીકેની કામગીરી દરમ્યાન તેઓએ જાણ્યું જ હસે કે પાકિસ્તાન કેટલો ખતરનાક દેશ છે. ટલે તેમણે પોતાનો ઉભરો ઠાલવ્યો.

વાસ્તવમાં ચીન સાથેનો પાકિસ્તાન સાથેનો હવાલો વીકે સિંઘને સોંપી દેવો જોઇએ. પાકિસ્તાન સાથે કેવી રીતે કામ લેવુ તે તેમના પર છોડી દેવામાં આવે તો પાકિસ્તન ખો ભૂલી જાય તેમ છે. પણ જ્યાં દુશ્મન દેશ સાથે મેચ રમાતી હોય ત્યારે તેમને આવી સત્તા આપે કોણ..?

પીકેની આગાહી સાચી પડે તો નિતિશકુમાર સુશાસનબાબુમાંથી માત્ર બાબુ જ રહી જશે....!

બિહારના સુશાસનબાબુ નિતિશકુમાર માટે તેમના એક સમયના સાથી અને ચૂંટણી નિષ્ણાત પીકે એટલે કે પ્રશાંત કિશોરે એવી આગાહી કરી છે કે વિપક્ષ મોરચો બનાવનાર નિતિશકુમારને બિહારમાં લોકસભાની ચૂંટોણીમાં 5 બેઠકો પણ મળે તેમ નથી...! આ એ જ પીકે છે કે જેમણે બંગાળમાં મમતાદીદીને સત્તા અપાવવામાં મહત્વની ભૂમિકા નિભાવી હતી અને હવે પોતે સુરાજ યાત્રા સાથે બિહારમાં યાત્રા કરી રહ્યાં છે. પીકે નિતિશની પાર્ટી જેડીયુમાં પણ જોડાયા હતા. પછી કંઇક એવુ થયું કે તું વહાં...મૈ યહાં...જેવુ થયું અને પીકે પાર્ટીની બહાર.. અને ત્યારથી જ બન્ને વચ્ચે અબોલા.... ચાલે છે. પીકેની આગાહી સાચી પડે તો નિતિશકુમાર સુશાસનબાબુમાંથી માત્ર બાબુ જ રહી જશે....! બિચ્ચારા નિતિશકુમાર.....!!

-પ્રવીણ ઘમંડે

શહીદ મહિપાલસિંહના પરિજનોને એક કરોડનો ચેક અર્પણ

■ કેન્દ્ર સરકાર, ગુજરાત રાજ્ય અને સૈન્ય તરફથી બે કરોડ ૭૫ લાખની સહાય પ્રાપ્ત થશે

ગુજરાત | વંદન

રાજ્યના યશસ્વી તથા નિર્ણાયક મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે વીર શહીદ મહિપાલસિંહ વાળાના પરિવારજનોને રૂપિયા એક કરોડનો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો. મુખ્યમંત્રીએ શહીદ વીરના અમદાવાદ સ્થિત નિવાસસ્થાને જઈને આ ચેક તેમના પરિજનોને આપ્યો હતો. શહીદના પરિવારજનોની મુલાકાત દરમિયાન મુખ્યમંત્રીએ અને વીર શહીદ મહિપાલસિંહ વાળાને પુષ્પાંજલિ અર્પણ કરી શ્રદ્ધા-સુમન પાઠવ્યાં હતાં તેમજ શહીદ વીરની એક મહિનાની દીકરીને રમાડીને વહાલ કર્યું હતું. શહીદ વીરના પરિવારજનોને કેન્દ્ર સરકાર, ગુજરાત રાજ્ય અને સૈન્ય તરફથી આશરે રૂ. બે કરોડ ૭૫ લાખની સહાય પ્રાપ્ત થશે.

મુખ્યમંત્રીશ્રીની સાથે સહકાર અને ગ્રામોદ્યોગ રાજ્યમંત્રી જગદીશ વિશ્વકર્મા, પૂર્વ મંત્રી કિરીટસિંહ રાણા, અમદાવાદના મેયર પ્રતિભાબેન જૈન, સાંસદ હસમુખભાઈ પટેલ, ધારાસભ્ય બાબુસિંહ જાદવ, ધારાસભ્ય કિરીટસિંહ ડાભી,અધિક મુખ્ય સચિવ મૂકેશ પુરી, કર્નલ ક્રિષ્નદીપસિંહ જેઠવા, ગૃહ સચિવ નિપૂર્ણા તોરવણે તેમજ કારડીયા

સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્યમંત્રી ગુજરાત રાહત ફંડમાંથી રૂપિયા એક કરોડ શહીદ વીરનાં પત્નીને સહાય પેટે આપવામાં આવ્યા છે. આ ઉપરાંત શહીદ જવાનના બાળકને તે પચ્ચીસ વર્ષના થાય અને શૈક્ષણિક અભ્યાસ પૂર્ણ કરે ત્યાં સુધી દર મહિને રૂ. ૫૦૦૦ની સહાય ચૂકવાશે તથા શહીદ વીરનાં પત્ની અને માતા, બન્નેને દર મહિને રૂપિયા ૫૦૦૦-૫૦૦૦ની માસિક સહાય ચૂકવવામાં આવશે.

સામાન્ય રીતે સેનામાં દરેક જવાન 19 વર્ષના કાર્યકાળ બાદ નિવૃત્ત થતા હોય છે, વીર મહિપાલસિંહ સાત વર્ષની ફરજ બાદ શહીદ થયા છે ત્યારે તેમના પરિવારજનોને આગામી ૧૨ વર્ષ સુધી તેમના પગાર-ભથ્થા અને ઈજાફા સહિતના તમામ લાભ કેન્દ્ર સરકાર તથા સૈન્ય દ્વારા અપાશે. આ ઉપરાંત શહીદ વીર મહિપાલસિંહના પરિજનોને કેન્દ્ર સરકાર તરફથી રૂ. ૩૫ લાખ, જમ્મુ-કાશ્મીર સરકાર તરફથી રૂ. ૨૫ લાખ, ડીએસપી એકાઉન્ટ હોલ્ડર તરીકે એસબીઆઈ તરફથી ઈન્શ્યોરન્સના રૂ. ૫૦ લાખ, એજીઆઈ ઈન્શ્યોરન્સ કવરના રૂ. ૪૦ લાખ, વિશેષ ફેમિલી પેન્શન હેઠળ દર મહિને રૂ. ૪૦ હજાર, આર્મ્ડ ફોર્સીસ બેટલ કેઝ્યુઅલ્ટિ વેલફેર ફંડમાંથી રૂ. આઠ લાખ તથા અન્ય સહાય મળીને અંદાજે રૂ. બે કરોડ ૭૫ લાખની સહાય પ્રાપ્ત થશે.

સૌથી વધુ કંડકટરોની 4300 જગ્યા માટે 1.30 લાખ ઉમેદવારો!

એસ.ટી.નાં 7600 ડ્રાઈવર-કંડકટરોની જગ્યા માટે 1.55 લાખથી વધુ ઉમેદવારોએ ફોર્મ ભર્યા

ગુજરાત | વંદન

આગામી દિવસોમાં એસટી નિગમમાં ડ્રાઈવર કંડકટરોની મોટી ઘટ્ટ નિવારવા માટે કુલ 7600 જેટલા નવા ડ્રાઈવર અને કંડકટરોની ભરતી થનાર છે. અને હાલમાં જ આ ભરતી પ્રક્રિયાનો પ્રથમ તબકકો પૂરો થયો છે. ઉલ્લેખનીય છે કે ડ્રાઈવર કંડકટરોની ભરતી માટે છેલ્લા એક માસ કરતા વધુ સમયથી ઓનલાઈન ફોર્મ ભરવાની, પ્રક્રિયા ચાલતી હતી.

જે ગત તા.6/9ના રોજ પૂર્ણ થયેલ છે અને એક માસ કરતા વધુ સમયથી ચાલેલી આ ફોર્મ ભરવાની પ્રક્રિયાનાં અંતે 7600 જગ્યા માટે રાજયભરમાંથી દોઢ લાખથી વધુ ઉમેદવારોએ ઓનલાઈન ફોર્મ ભર્યા છે. આ અંગેની એસટી નિગમનાં સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વધુ વિગતો અનુસાર ડ્રાઈવરની 3300 જેટલી જગ્યા માટે ગત .6 સુધીમાં 25 હજાર ઉમેદવારોએ ઓનલાઈન ઉમેદવારી નોંધાવી હતી જયારે કંડકટરની 4300 જેટલી જગ્યા માટે રાજયભરમાંથી 1.30 લાખ ઉમેદવારોએ ફોર્મ ભર્યા હતા.

હવે આ ઉમેદવારોની કસોટી લેવામાં આવશે અને ત્યારબાદ ભરતી અંગેની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. ઉલ્લેખનિય બાબત એ છે કે રાજયમાં ડ્રાઈવર કંડકટરોની 7600 જગ્યા માટે સૌપ્રથમવાર 1.55 લાખ થી વધુ ઉમેદવારોએ ફોર્મ ભર્યા છે. દરમ્યાન એસટી નિગમનાં સૂત્રોનાં જણાવ્યા અનુસાર ફોર્મ ભરવાની પ્રક્રિયા હવે પૂરી થઈ ગઈ છે.

ત્રણ અરજદાર દ્વારા પ્રથમ અરજી 2018માં દાખલ કરવામાં આવી હતી

ગુજરાત હાઈકોર્ટ : દારૂબંધીના કાયદાને પડકારતી અરજીઓની સુનાવણી 9 ઓક્ટોબરે હાથ ધરાશે

ગુજરાત | વંદન

ગુજરાત હાઈકોર્ટની ડિવિઝન બેન્ચ 9 ઓક્ટોબરના રોજ ગુજરાત પ્રોહિબિશન એક્ટ, 1949ને પડકારતી અરજીઓ પર સુનાવણી કરે તેવી શક્યતા છે. ચીફ જસ્ટિસ સુનીતા અગ્રવાલ અને જસ્ટિસ અનિરુદ્ધ માયીની ખંડપીઠે મંગળવારે આ મામલાની સુનાવણી 9 ઑક્ટોબરના રોજ નક્કી કરી હતી કારણ કે, અરજદાર પક્ષ દ્વારા અગ્રતા મેળવવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો.

બોમ્બે પ્રોહિબિશન એક્ટ તરીકે કાયદો અમલમાં આવ્યાના 70 વર્ષથી વધુ સમય પછી, કાયદાની કેટલીક જોગવાઈઓની બંધારણીય માન્યતા હવે ગુજરાત હાઈકોર્ટ સમક્ષ પડકાર હેઠળ છે. ઓગસ્ટ 2021માં તત્કાલિન ચીફ જસ્ટિસ વિક્રમ નાથ (હવે સુપ્રીમ કોર્ટના જજ) અને જસ્ટિસ બિરેન વૈષ્ણવની બનેલી ગુજરાત હાઈકોર્ટની બેન્ચે અરજીઓને જાળવી રાખવા યોગ્ય ગણાવી હતી, તે પછી હવે અરજીઓની સુનાવણી ગુણવત્તા પર થશે. ત્યારથી અરજીઓની યોગ્યતાના આધારે સુનાવણી થઈ નથી.

દારૂબંધીના કાયદાને પડકારતી પ્રથમ અરજી 2018 માં ત્રણ ગુજરાતના રહેવાસીઓ દ્વારા દાખલ કરવામાં આવી હતી. તેમની 2018 ની અરજીમાં, ગુજરાત પ્રોહિબિશન એક્ટ, 1949 ની કેટલીક કલમો અને ધ

બોમ્બે ફોરેન લિકર રૂલ્સ, 1953 ના કેટલાક નિયમોને પડકારવામાં આવ્યા હતા. 2019 માં, જીવનના વિવિધ ક્ષેત્રોના અરજદારો દ્વારા કાયદાને પડકારતી વધુ પાંચ અરજીઓ દાખલ કરવામાં આવી હતી.

અરજદારોએ કાયદાને બે મુખ્ય આધારો પર પડકાર્યો - ગોપનીયતાનો અધિકાર, જેને સુપ્રીમ કોર્ટ દ્વારા 2017 થી અનેક ચુકાદાઓમાં મૂળભૂત અધિકાર તરીકે રાખવામાં આવ્યો છે અને મનસ્વીતા દર્શાવે છે. રાજ્યની બહારના પ્રવાસીઓ માટે આરોગ્ય પરમિટ અને કામચલાઉ પરમિટને લગતા વિભાગોને પડકારવા માટેનું એક કારણ સ્પષ્ટ મનસ્વીતા છે, કારણ કે સમાનતાના અધિકારનું ઉલ્લંઘન કરીને કોણ પીવે છે અને કોણ પીતું નથી તેના પર કોઈ સમજી શકાય તેવો તફાવત નથી. બંધારણની કલમ 14 હેઠળ.

બનાવટી ફેસબુક એકાઉન્ટથી બચવા પોલીસ સ્ટાફ માટે જાહેર કરાઈ એડવાઈઝરી

» અધિકારીઓ પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ વેરીફાઇ કરાવી બ્લુ ટીક મેળવે

ગુજરાત | વંદન

આજના સોશિયલ અને સાઈબ યુગમાં હેકર્સ દ્વારા સેલિબ્રિટી, રાજકારણીઓની સાથે ઉચ્ચ પોલીસ અધિકારીઓના બનાવટી ફેસબુક એકાઉન્ટ બનાવવાની ઘટનાઓ કે કિસ્સાઓ વધ્યા છે. જેમાં ગુજરાતના એક આઈપીએસનો ફેક એકાઉન્ટ પ્રકાશમાં આવતા પોલીસ વિભાગ દ્વારા એક એડવાઈઝરી જાહેર કરવામાં આવી છે.

રાજ્યના પોલીસ વડા દ્વારા IAS અને IPS અધિકારીઓના નકલી સોશિયલ મીડિયા એકાઉન્ટ મામલે એડવાઈઝરી જાહેર કરવામાં આવી છે. જેમાં જણાવવામાં આવ્યું છે કે, અધિકારીઓ પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ વેરીફાઈ કરાવી બ્લુ ટીક મેળવી લે તેમજ પ્રોફાઈલ લોક અને પ્રાઈવેસી સેટ રાખવા પણ સૂચન કરવામાં આવ્યું છે.

હસમુખ પટેલ ભારતીય પોલીસ સેવાના 1993 બેચના અધિકારી, લોક રક્ષક ભરતી બોર્ડ અને પંચાયત સેવા પસંદગી બોર્ડના અધ્યક્ષ છે અને ગયા મહિને પોલીસ ભરતી બોર્ડના અધ્યક્ષ તરીકે નિયુક્ત થયા હતા. તેઓ ગુજરાત રાજ્ય પોલીસ હાઉસિંગ કોર્પોરેશનના મેનેજિંગ ડિરેક્ટર પણ છે. ઈન્સ્પેક્ટર ડામોરે કહ્યું કે નકલી ફેસબુક પેજ નિષ્ક્રિય કરવામાં આવ્યું છે અને એવું લાગે છે કે તેના પર કંઈપણ શેર કરવામાં આવ્યું નથી, પરંતુ ખોટી માહિતી ફેલાવવા માટે તેનો દુરુપયોગ થઈ શકે છે. તેમણે કહ્યું કે બે દિવસ પહેલા 'ઓળખની ચોરી'ના આરોપમાં ઈન્ફોર્મેશન ટેક્નોલોજી (સુધારા) અધિનિયમ, 2018ની કલમ 66C હેઠળ FIR નોંધવામાં આવી હતી.

ગુજરાત પોલીસ વિભાગમાં અલગ ઈમેજ ધરાવતા હસમુખ પટેલ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર ખૂબ જ લોકપ્રિય છે. તે તાજેતરમાં રાજ્યમાં પોલીસ ભરતી યોગ્ય રીતે હાથ ધરવા

ચેતજો ક્યાંક તમારી સાથે પણ આવું ન બને...

મનગમતી પત્ની તો ન મળી પણ કરોડ રૂપિયા ગુમાવવાનો વારો આવ્યો...!

ગુજરાત | વંદન

દેશમાં જેમ જેમ છેતરપિંડી અંગે જાગૃતિ વધી રહી છે, તેમ તેમ ઠગબાજો પણ નવી નવી ટેકનોલોજીનો સહારો લઈને લોકોને ધૂતી રહ્યાં છે. છેતરપિંડીથી બચવાનો શ્રેષ્ઠ રસ્તો એ છે કે અજાણ્યા લોકો પર વિશ્વાસ ન કરવો. એટલું જ નહીં, તમે જે લોકો સાથે ઓનલાઈન સંપર્ક કરો છો તેમની કૂંડળીથી પણ વાકેફ કરો તો જ બચી શકાશે નહીંતર ચૂનો લાગવાની પૂરી શક્યતા છે. હકીકતમાં, છેતરપિંડીથી બચવાના ઉપાયો વારંવાર કહેવામાં આવે છે. તેમ છતાં લોકો આવી ઘટનાઓનો ભોગ બનતા રહે છે.

આવું જ કંઈક અમદાવાદના સોફ્ટવેર એન્જિનિયર સાથે થયું છે. કુલદીપ પટેલ નામના સોફ્ટવેર એન્જિનિયર એક મેટ્રિમોનિયલ સાઈટ દ્વારા એક મહિલાને મળ્યો હતો અને તેની સલાહ પર



ક્રિપ્ટોકરન્સીમાં આશરે 1.3 કરોડ રૂપિયાનું રોકાણ કર્યું હતું. મહિલા કૌભાંડી હોવાનું બહાર આવ્યું હતું અને તેણે જાળમાં ફસાઈને તેના તમામ પૈસા ગુમાવી દીધા હતા. ગાંધીનગર સ્થિત એક કંપનીમાં કામ કરતા સોફ્ટવેર એન્જિનિયરે સાઈબર ક્રાઈમ પોલીસનો સંપર્ક સાધ્યો હતો અને મહિલા સામે ફરીયાદ દાખલ કરાવી હતી. એન્જિનિયરનો આરોપ છે તે ક્રિપ્ટોકરન્સી કૌભાંડનો ભોગ બન્યો છે. એક મહિલાએ તેને 1.3 કરોડ રૂપિયાથી વધુનું નુકસાન પહોંચાડ્યું છે.કુલદીપ પટેલે એફઆઈઆરમાં ખુલાસો કર્યો છે કે જૂન મહિનામાં તેની મુલાકાત અદિતી નામની એક મહિલા સાથે મેટ્રિમોનિયલ સાઈટ પર થઈ હતી. અદિતિએ તેને કહ્યું કે તેનો યુકેમાં આયાત અને નિકાસનો ધંધો છે. તે સારો નફો પણ મેળવી શકે છે, આ માટે તેણે 'બાનોકોઈન'માં રોકાણ કરવું પડશે. અદિતિમાં વિશ્વાસ રાખીને પટેલે બાનોકોઈનના એક કસ્ટમર કેરના માણસ સાથે વાત કરી હતી. ત્યારબાદ તેણે પોતાની વેબસાઈટ પર પોતાનું રજિસ્ટ્રેશન કરાવ્યું અને સારા વળતરની આશામાં પૈસાનું રોકાણ કરવાનું શરૂ કર્યું. પ્રથમ 1 લાખનું રોકાણ કરવા પર તેના ક્રિપ્ટો એકાઉન્ટમાં 78 ડોલર (યુએસ ડોલર ટેથર)નો નફો જોવા મળ્યો હતો. પછી તેણે 18 વાર પૈસાનું રોકાણ કર્યું આ તમામ રોકાણો 20 જુલાઈથી 31 ઓગસ્ટની વચ્ચે કરવામાં આવ્યા હતા. પટેલે 18 સપ્ટેમ્બરના રોજ જ્યારે તેમના ખાતામાંથી 20.31 લાખ રૂપિયા ઉપાડવાનો પ્રયાસ કર્યો હતો.

અમદાવાદમાં ચોરીની 10 કાર વેચવા આવેલા કારચોર પકડાયા

ગુજરાત | વંદન

અમદાવાદ ક્રાઈમ બ્રાંચે દેશવ્યાપી વાહનચોરીની ઘટનાઓનો પર્દાફાશ કર્યો છે. ટેકનોલોજીની મદદથી 500થી વધુ પ્રિમિયમ કારની ચોરી કરનાર આંતરરાજ્ય ગેંગના બે સાગરીતને ફોર્ચ્યુનર, ક્રિસ્ટા, ક્રેટા સહિત 10 લક્ઝુરિયસ કાર સાથે પકડીને દેશવ્યાપી વાહનચોરી તથા RTO કૌભાંડનો પર્દાફાશ કર્યો છે. પોલીસે બે આરોપી સાથે 1.32 કરોડનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. આ ગેંગ મોલ, મલ્ટિપ્લેક્સને ટાર્ગેટ કરી સોફ્ટવેરની મદદથી કાર ડીકોડ કરી કારનું એક્સેસ મેળવી લેતા હતા. એક કાર ચોરવામાં આ ગેંગને માત્ર 4 મિનિટનો જ સમય લાગતો હતો. મોલ, મલ્ટિપ્લેક્સ કે વીવીઆઈપીની એન્ટ્રી હોય તેવી તમામ જગ્યાએ આ ગેંગ એક્ટિવ રહે છે. આ ગેંગ સમગ્ર દેશમાં અલગ અલગ જગ્યાએ મોંઘી કારની નજીક પોતાની કાર લઈને પહોંચી જતા હતા અને પોતાના એક સોફ્ટવેરની મદદથી કોઈ પણ કારણે ત્રણ મિનિટની અંદર ડીકોડ કરી દેતા હતા. જેથી તમામ કારનો એક્સેસ તે લોકો પાસે આવી જતો હતો. કારનું જીપીએસ બંધ થઈ જતું હતું અને કાર ચાર મિનિટની અંદર લઈને તે લોકો ફરાર થઈ જતા હતા.આ ગેંગે દેશભરમાંથી 500 કારની ચોરી કરી છે અને 10 કાર અમદાવાદમાં વેચવા આવ્યા હતા. જેની સાથે જ અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે તેમને ઝડપી લીધા છે માત્ર પ્રીમિયમ કારની જ ચોરી કરી અન્ય રાજ્યમાં ટ્રાન્સફર કરાવનાર આ ગેંગના બે શખસ પાસેથી ચોંકાવનારી વિગતો સામે આવી રહી છે.

3 વર્ષમાં 4860 હીટ એન્ડ રનના બનાવો, 3449 લોકોએ જીવ ગુમાવ્યાં...

ઝડપની મજા, મોતની સજા : ત્રણ વર્ષમાં 44,396 માર્ગ અકસ્માત, 23,384 લોકોના મોત

ગુજરાત | વંદન

ઝડપની મજા મોતની સજા એવા બેનરો-પોસ્ટરો અકસ્માત સ્થળે મુકવામાં આવે છે. પ્રચાર માધ્યમો દ્વારા લગાતાર સલાહ-સૂચન અપાઈ છે કે, જે તે વાહન નિયંત્રિત સ્પીડમાં ચલાવો જેથી માર્ગ અકસ્માતને નિવારી શકાય. પરંતુ આ સલાહ સૂચનને ઘોળીને પી ગયા હોય તેમ રાજ્યમાં છેલ્લા ત્રણ વર્ષમાં 44 હજાર કરતા વધુ અકસ્માતોમાં અંદાજે 21000 લોકોના મોત થયા છે. જેમાં અમદાવાદના નબીરા તથ્ય પટેલ દ્વારા નવ નિર્દોષ લોકોને કચડી નાખવાના બનાવનો પણ ઉલ્લેખ કરાયો નથી. તેમ છતાં આવા બનાવો નહીં બને તેની પણ કોઈ ખાતરી નથી.

રાજ્યમાં 31મી માર્ચ, 2023 સુધીના 3 વર્ષ દરમિયાન 44,396 માર્ગ અકસ્માત નોંધાયા હતા અર્થાત્ રાજ્યમાં રોજના સરેરાશ 40 જેટલા માર્ગ અકસ્માતો થયા હતા. આ માર્ગ અકસ્માતો પૈકી 23,384 વ્યક્તિઓના મૃત્યુ થયા છે એટલે કે, સરેરાશ રોજના 22 જેટલી વ્યક્તિઓના માર્ગ અકસ્માતમાં મોત થાય છે. જ્યારે આ ત્રણ વર્ષના આ સમયગાળા દરમિયાન કુલ નોંધાયેલા 44,396 માર્ગ અકસ્માતમાં 40,871

વ્યક્તિઓ ઈજાગ્રસ્ત થઈ હતી. બીજી બાજુ, રાજ્યમાં છેલ્લા 3 વર્ષ દરમિયાન 4860 હીટ એન્ડ રનના બનાવો પણ નોંધાયા હતા. જેમાં 3449 વ્યક્તિઓના મૃત્યુ થયા હતા અને 2720 વ્યક્તિઓ ઈજાગ્રસ્ત થઈ હતી. વિધાનસભા ગૃહમાં કોંગ્રેસના ધારાસભ્ય દ્વારા પૂછાયેલા લેખિત પ્રશ્નના લેખિત જવાબમાં રાજ્યના વાહન વ્યવહાર વિભાગ દ્વારા જાહેર કરાયેલી માહિતી મુજબ, રાજ્યમાં 31મી, માર્ચ, 2023 સુધીના ત્રણ વર્ષમાં નોંધાયેલા કુલ 44,396 માર્ગ અકસ્માત કેસ નોંધાયા હતા. જેમાં (1) એપ્રિલ, 2020થી માર્ચ, 2021 સુધીના વર્ષમાં 13,303 જેટલા માર્ગ-અકસ્માતના બનાવો બન્યા હતા. જ્યારે (2) એપ્રિલ, 2021થી માર્ચ, 2022 સુધીના એક વર્ષમાં 15,046 જેટલા માર્ગ-અકસ્માતના બનાવો બન્યા હતા અને (3) એપ્રિલ, 2022થી 31મી માર્ચ, 2023 સુધીમાં 16,047 માર્ગ અકસ્માતો પોલીસ દફતરે નોંધાયા હતા.

વટવા જીઆઈડીસી કેનાલ પરનો પુલ ગમે ત્યારે ઘડામ....

ભયજનક : ગમે ત્યારે દુર્ઘટના થઈ શકે

ગુજરાત | વંદન

શહેરના પૂર્વ વિસ્તારમાં વટવા-જીઆઈડીસી મચ્છુનગરમાં ખારીકટ કેનાલ પરનો 30 વર્ષ જુનો પુલ ભયજનક બની ગયો છે. જેના કારણે ગમે ત્યારે દુર્ઘટના સર્જાય તેવી દહેશત ઉભી થઈ છે. આ પુલ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા 1994માં બનાવવામાં આવ્યો હતો.

આ પુલ પર ચેતવણી પણ લખી છે કે આગળ ગરનાળું જોખમી છે અને ભારે વાહનોએ પસાર થવું નહીં. તેમ છતાં તેના પરથી રોજ હજારો વાહનો પસાર થાય છે. સ્થાનિક લોકોનું કહેવું છે કે પુલ ગમે તે ક્ષણે તૂટી શકે છે અને જાનહાનિ પણ થઈ શકે છે.

નારોલ, વટવા ગામ, વટવા-જીઆઈડીસી, ઓઢવ અને નારોલ, વટવા, વટવા જીઆઈડીસી, સરદાર પટેલ રિંગ રોડ અને રામોલ એક્સપ્રેસ હાઈવેને જોડતા આ જોખમી માર્ગ પર દરરોજ 50,000 વાહનો અવર-જવર કરે છે. લોકોએ એએમસીને તાત્કાલિક કાર્યવાહી કરવા રજુઆત કરી છે. જો કે એએમસી તેની જવાબદારી જીઆઈડીસી એસોસિયેશન પર નાખી રહ્યું હોય તેમ લાગી રહ્યું છે. લોકો કહે છે કે એએમસી તેની જવાબદારીથી ભાગી શકે નહીં. તેમની માંગ છે કે એએમસી અન્ય મોટા પુલ પ્રોજેક્ટના ભાગ રૂપે આ પુલને ફરી બનાવવાની જવાબદારી પણ ઉપાડે.

57 હજાર રૂપિયાનો ફ્રોડ કરવામાં આવ્યો હોવાની ફરિયાદ

અમદાવાદમાં AMCના ઉચ્ચ અધિકારીનું ખોટુ ફેસબુક આઈડી બનાવી ઠગાઈ કરી

ગુજરાત | વંદન

રાજ્યમાં સાયબર ફ્રોડની ઘટનાઓ વધવા માંડી છે. તાજેતરમાં જ IPS હસમુખ પટેલનું ખોટુ ફેસબુક એકાઉન્ટ બનાવવામાં આવ્યું હોવાનું સામે આવ્યું હતું. ત્યાર બાદ સમગ્ર પોલીસ વિભાગમાં આ મુદ્દે પરિપત્ર કરીને બ્લુ ટીક મેળવી લેવા માટે જણાવવામાં આવ્યું હતું. હવે અમદાવાદમાં ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશ્નરનું ખોટું ફેસબુક આઈડી બનાવીને 57 હજાર રૂપિયાનો ફ્રોડ કરવામાં આવ્યો હોવાની ફરિયાદ નોંધવામાં આવી છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશ્નર રમેશ મેરજાએ આનંદનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે, આજથી દોઢેક મહીના પહેલા હું મારી ઓફીસે ફરજ ઉપર હાજર હતો તે દરમ્યાન મને મારા એક મિત્રનો ફોન આવ્યો હતો કે તમારા નામનુ કોઈએ ફેસબુકમાં ફેક આઈ.ડી બનાવ્યું છે. જેમાંથી મારા મેસેંજર ઉપર મેસેજ આવેલ કે કોઈ સંતોષકુમારને ફર્નિચર વેચવાનુ છે જેઓ CRPFમાં નોકરી કરે છે અને તેમની બદલી થઈ ગઈ હોવાનું મને મારા મિત્રએ જણાવ્યું હતું. જેથી ફરિયાદીએ તેને કહ્યું હતું કે, મે આવો કોઈ મેસેજ કર્યો નથી અને આ મારૂ ફેક આઈ.ડી હોઈ શકે છે. ત્યારબાદ આ મારૂ ફેસબુકમાં ફરિયાદ કરીને આઈ.ડી બંધ કરાવ્યું હતું.

ત્યાર બાદ ફરિયાદીને જાણવા મળેલ કે તેમના નામના ફોટાવાળા કોઈકે અલગ-અલગ આઈ.ડી બનાવ્યા છે. જેમાં પરીવાર ના પણ ફોટા તેમાં મુકેલ છે. ફરિયાદીને તેના મિત્ર દશરથભાઈ પ્રજાપતિનો ફોન આવ્યો હતો કે, આ સંતોષકુમાર વાળો મેસેજ મારામાં તમારા ફેસબુક આઈ.ડી ઉપરથી આવ્યો હતો અને મારે ફર્નિચરની જરૂર હોવાથી તે મેસેજનો રીપ્લાય આપ્યો હતો અને તે મેસેજ માં જણાવેલ કે તમારે 57500 ઓનલાઈન ટ્રાન્સફર કરવા પડશે. બાદ તેમણે 57500 રૂપિયા ગુગલ પેથી ટ્રાંસફર કર્યા હોવાનું જણાવ્યું હતું.

AMCએ કોર્પોરેટરોની યાદી અપલોડ કરી, જાતિના પ્રતિબંધિત નામો દર્શાવ્યા!

ગુજરાત | વંદન

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન(AMC)ની વેબસાઈટ પર તમામ 48 વોર્ડમાંથી તેના 192 ચૂંટાયેલા મ્યુનિસિપલ કોર્પોરેટરોની યાદી મુકવામાં આવી છે. આ યાદીમાં કોર્પોરેટરોના નામ, લિંગ, જાતિ અને પેટા-જાતિ ઉપરાંત તેમના વોર્ડ અને કોન્ટેક્ટની વિગતો છે.

ચોંકાવનારી વાત એ છે કે, એએમસીની યાદીમાં જે જ્ઞાતિ અને પેટા-જ્ઞાતિના નામ આવે છે. તેમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ જેવી બંધારણીય રીતે માન્ય જાતિની શ્રેણીઓને બદલે જ્ઞાતિના નામો પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

તાજેતરમાં મેયર તરીકે નિમાયેલા પ્રતિભા જૈનની જ્ઞાતિનો હિન્દુ જૈન તરીકે ઉલ્લેખ કરવામાં આવ્યો છે અને ડેપ્યુટી મેયર જતીન પટેલની જ્ઞાતિનો ઉલ્લેખ હિન્દુ કડવા પાટીદાર તરીકે કરવામાં આવ્યો છે. એ જ રીતે એસસી અને એસટી કેટેગરીમાંથી આવતા અનેક કોર્પોરેટરોની જ્ઞાતિઓ અને પેટાજાતિઓ માટે પ્રતિબંધિત નામોનો ઉપયોગ કરવામાં આવ્યો છે.જે જ્ઞાતિ અને પેટા-જ્ઞાતિઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે માત્ર હિન્દુ કોર્પોરેટરો પૂરતી મર્યાદિત નથી. મુસ્લિમ કોર્પોરેટરોના પેટા સમુદાયો જેમ કે સૈયદ, છીપા, શેખ, સિપાહી અને ઘાંચીનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. જોકે સવાલ એ છે કે શા માટે લોકોને કોર્પોરેટરોની જાતિ અને પેટા-જાતિઓ વિશે જણાવવવું પડે?નાગરિકોને માત્ર એટલું જાણવાનું પુરતું છે કે તેમની ફરિયાદો માટે તેઓ તેમનો સંપર્ક કેવી રીતે કરે.

બોપલ પરિવારને લૂંટનાર પોલીસ કર્મીઓના કારનામાનો પડઘો

તોડબાજીના કિસ્સાથી શહેર પોલીસની વિશ્વસનીયતામાં ઘટાડો :કમિશ્નરની કબુલાત

ગુજરાત | વંદન

હાલમાં જ બોપલના એક પરિવાર પાસેથી પોલીસે અડધી રાત્રે અંદાજે 60 હજારની તોડબાજી અને તેમા પણ પરિવારને કહીને પોતાની અંગત એકાઉન્ટમાં ઓનલાઈન પૈસા મોકલવાનો મામલો હાઈકોર્ટ સુધી પહોંચ્યો. જેમાં હાઈકોર્ટે કરેલી ટિપ્પણીનો પડઘો ક્રાઈમ કોન્ફરન્સમાં પડ્યો હતો. એક તબક્કે શહેર પોલીસ કમિશ્નરને એમ કહેવું પડ્યું કે, તોડબાજીના કિસ્સાથી પોલીસ પરનો વિશ્વાસ ઉઠી ગયો છે અને તે એક ચિંતાનો વિષય છે.

અમદાવાદમાં પોલીસની કામગીરી અને ગુનાઓના અંગે સમીક્ષા કરવા માટે શહેર પોલીસના ઉચ્ચ અધિકારીઓની ક્રાઈમ કોન્ફરન્સ મળી હતી. જેમાં પોલીસ કમિશનર જી એસ મલિકે ગુનાખોરી અને ભેદ ઉકેલવાના પ્રમાણની ચર્ચા કરવામાં આવી હતી. સાથેસાથે પોલીસ કમિશનરે તાજેતરમાં બનેલા તોડબાજીના કિસ્સાને લઈને ચિંતા વ્યક્ત કરતા કહ્યું હતું કે તોડબાજીના કિસ્સાને કારણે નાગરિકો પોલીસ વિભાગમાંથી વિશ્વાસ રાખતા નથી. ત્યારે આવા કિસ્સામાં જવાબદાર સામે આકરી કાર્યવાહી કરવાની વાત પણ તેમણે કરી હતી.

અમદાવાદ શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ તેમજ બનતા ગુનાઓની સમીક્ષા ભેદ ઉકેલવા સહિતના વિવિધ મુદ્દાઓને ધ્યાનમાં રાખીને પાલડીના ટાગોર હોલમાં ક્રાઈમ કોન્ફરન્સ યોજવામાં આવી હતી. જેમાં શહેરના પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર્સથી માંડી તમામ ઉચ્ચ પોલીસ અધિકારીઓ હાજર રહ્યા હતા. ક્રાઈમ કોન્ફરન્સમાં પોલીસ કમિશનર જી એસ મલિકે જણાવ્યું હતું કે અમદાવાદમાં શરીર સંબધિત ગુનાના ડીટેકશન સંદર્ભમાં પોલીસની કામગીરી નોંધનીય રહી છે.

જેમાં ચાલુ વર્ષે ૭૭ હત્યા થઈ છે. જે તમામના ભેદ ઉકેલાયા છે. તો સાયબર ક્રાઈમના વધતા કિસ્સાને કારણે પોલીસ પર ભારણ ન વધે તે માટે સાયબર ક્રાઈમ સેલમાં પાંચ પોલીસ ઈન્સ્પેક્ટર અને અન્ય સ્ટાફ પણ વધારવામાં આવ્યો છે. જો ચોરીના વધતા બનાવોને લઈને ચિંતા વ્યક્ત કરવામાં આવી છે.

ધોળાકૂવામાં 500 ઝૂંપડાવાસીઓ માટે હવે હાઈરાઈઝ કોલોની ઊભી કરવામાં આવશે

ગાંધીનગરમાં ઝૂંપડપટ્ટીના દબાણની સમસ્યા દૂર કરાશે

» મહાનગરપાલિકા દ્વારા વસાહત ઉભી કરવા માટે કવાયત હાથ ધરવામાં આવી

ગુજરાત | વંદન

ગાંધીનગર શહેરમાં ઝૂંપડપટ્ટીના દબાણો વધી રહ્યા છે અને સરકારની કરોડો રૂપિયાની જમીન ઝૂંપડાઓને કારણે બિન ઉપયોગી બની છે ત્યારે ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા આગામી સમયમાં ધોળાકુવા ખાતે ઝુંપડાવાસીઓ માટે ૫૦૦ આવાસની હાઈરાઈઝ કોલોની ઉભી કરવાનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. અલગ અલગ વિસ્તારમાંથી ઝુપડપટ્ટીના દબાણો હટાવીને અહીં આવાસો ફાળવવામાં આવશે.

રાજ્યના પાટનગર ગાંધીનગર શહેરમાં સરકારની કરોડો રૂપિયાની જમીન ઉપર ઝૂંપડપટ્ટીના દબાણો ઉભાયા થયેલા છે ત્યારે શહેરના સેક્ટર ૧૩માં મહાત્મા મંદિર બનાવવાનું હતું ત્યારે દબાણ હટાવીને અહીં રહેતા ઝૂંપડાવાસીઓ માટે સેક્ટર ૨૫ જીઆઈડીસી નજીક સ્વામી વિવેકાનંદ કોલોની ઉભી કરવામાં આવી હતી અને ઝૂંપડાવાસીઓને ત્યાં સ્થળાંતરિત કરવામાં આવ્યા હતા. જોકે ત્યારબાદ ગાંધીનગરમાં ઝુંપડાવાસીઓ માટે કોઈ નવી યોજના અમલમાં મૂકવામાં આવી ન હતી. તાજેતરમાં સેક્ટર ૧૪ની ઝુપડપટ્ટીને વિવેકાનંદ નગર પાસે લઈ જવાનો વિચાર કરાયો હતો પરંતુ સ્થાનિકોના વિરોધને પગલે તે પણ માંડી વાળવામાં આવ્યો છે ત્યારે હવે ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ધોળાકૂવામાં સરકારી જમીન ઉપરના દબાણો હટાવીને અહીં ઝૂંપડાવાસીઓ માટે ૫૦૦ આવાસની હાયરાઈઝ કોલોની બનાવવાનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. હાલ કોર્પોરેશન દ્વારા ધોળાકૂવામાં જે દબાણ હટાવવામાં આવ્યા છે તે પરિવારોને પણ આ આવાસ યોજનામાં સામેલ કરી દેવામાં



આવશે ત્યારબાદ નવા વિસ્તારમાં પણ જ્યાં કોર્પોરેશનની જમીનો ઉપર ઝૂંપડપટ્ટીના દબાણો છે તેવા કોબા, રાયસણ, ભાટ, મહાત્મા મંદિર આસપાસના વિસ્તારમાં આવેલી ઝૂંપડપટ્ટીને હટાવીને તેમને આ આવાસ યોજનામાં લઈ જવામાં આવશે અહીં એક બેડરૂમ, એક સ્ટડી રૂમ, ડ્રોઈંગ રૂમ અને કિચન સહિતની સુવિધા સાથેનું ફ્લેટ ટાઈપ આવાસ બનાવીને તેમને ફાળવાશે.

30 વર્ષીય યુવકે દૂધેશ્વર બ્રિજ પરથી ઝંપલાવ્યું

ગુજરાત | વંદન

સાબરમતી નદી એ અમદાવાદનો સ્યુસાઈડ પોઈન્ટ બની ગયો હોય એવું લાગી રહ્યું છે. વધુ એક યુવકે સાબરમતી નદીમાં મોતની છલાંગ લગાવી હતી. રિવર રેસ્ક્યુ ટીમ દ્વારા યુવકને બચાવવા પ્રયત્ન કર્યો હતો પરંતુ, યુવકનું મોત થઈ ગયું છે. આ યુવકનો મૃતદેહ બોટમાં લઈને કિનારા પાસે લાવવામાં આવ્યો છે. જોકે, હજુ સુધી આ યુવકની ઓળખ થઈ નથી. રિવરફ્રન્ટ પોલીસે હાલ કાર્યવાહી શરૂ કરી છે. દૂધેશ્વર બ્રિજ પરથી આશરે 30 વર્ષીય યુવકે સાબરમતી નદીમાં મોતની છલાંગ લગાવી હતી. આ યુવકે અગમ્ય કારણોસર નદીમાં ઝંપલાવતા તે ડૂબવા લાગ્યો હતો જેથી આસપાસના લોકો ઘટનાસ્થળે જમા થઈ ગયા હતા અને તુરંત જ ફાયર વિભાગને જાણ કરી હતી. ફાયર વિભાગ દ્વારા રીવર રેસક્યુ ટીમે નદીમાંથી યુવકને બેભાન અવસ્થામાં બહાર કાઢ્યો હતો.

ફ્લાઈટ અડધો કલાક મોડી આવતા પાયલોટે પ્લેન લઈ જવાનો ઇન્કાર કર્યો

પાયલોટ: 'સોરી, મારી શિફ્ટ પુરી થઈ,હવે હું વિમાન નહી ઉડાડું, પેસન્જરોનો હોબાળો

ગુજરાત | વંદન

અમદાવાદ એરપોર્ટ પર પાયલોટે 'સોરી, હું વિમાન નહી ઉડાડુ, મારી શિફ્ટ પુરી થઈ,' કહેતા ફ્લાઈટના પેસન્જરોએ હોબાળો મચાવ્યો. 12 સપ્ટેમ્બર મંગળવારે રાતે એર ઈન્ડિયાની ફ્લાઈટ અમદાવાદથી દિલ્હી જવાની હતી. પરંતુ ફ્લાઈટના પાયલોટે વિમાન ઉડાડવાની ના પાડતા મુસાફરોએ હાલાકીનો સામનો કરવો પડ્યો. એર ઈન્ડિયા ફ્લાઈટના મુસાફરો સિક્યુરિટી ચેકિંગની પ્રક્રિયા પૂર્ણ કરી ટર્મિનલમાં ફ્લાઈટની રાહ જોતા બેઠા હતા. ફ્લાઈટ અડધો કલાક મોડી આવતા પાયલોટે ડ્યુટી ટાઈમ પૂર્ણ થતા પ્લેન લઈ જવાનો ઈનકાર કર્યો.

મંગળવારે રાતે એર ઈન્ડિયાની ફ્લાઈટ અમદાવાદથી દિલ્હી જતી ફ્લાઈટમાં 170 જેટલા પેસેન્જરો મુસાફરી કરવાના હતા. ખાસ કરીને એવા અનેક વિદ્યાર્થીઓ

આ ફ્લાઈટમાં હતા જેઓ સ્ટુડન્ટ વિઝા પર વિદેશ જવાના હતા. જ્યારે કનેક્ટિંગ ફ્લાઈટવાળા પેસેન્જરોની મુશ્કેલીઓમાં વધારો થયો હતો. પાયલોટે ફ્લાઈટ લઈ જવાની ના પાડતા પેસેન્જરોએ એરલાઈન સ્ટાફને વૈકલ્પિક વ્યવસ્થા કરવા વિનંતી કરી. પરંતુ એરલાઈને કોઈ વૈકલ્પિક વ્યવસ્થા ના હોવાનું જણાવતા કેટલાક પેસેન્જરો પોતાના ઘરે પરત ફર્યા. જ્યારે ડોમેસ્ટીક અને ઈન્ટરનેશનલ કનેક્ટિંગવાળા 40 જેટલા પેસેન્જરને હોટલમાં સ્ટે આપ્યો. અને તેમને બીજા દિવસે સવારે ફ્લાઈટમાં દિલ્હી મોકલવામાં આવ્યા.

નોંધનીય છે કે અગાઉ પણ આ પ્રકારની ઘટના બનવા પામી હતી. જેમાં પાયલોટે પોતાના કામના કલાકો પૂર્ણ થતા પ્લેન ઉડાડવાની ના પાડી હતી. છેલ્લા કેટલાક સમયથી પાઈલટ અથવા તો ક્રુ મેમ્બર દ્વારા શિફ્ટ ટાઈમ પૂર્ણ થવા અથવા તો થાકી ગયા હોવાના કારણો રજુ કરી ફ્લાઈટ ટેક ઓફ નહિ થાય તેવું કહેવામાં આવે

સાપ્તાહિક ગુજરાત વંદન **સંપાદકીય....**

વડાપ્રધાન મોદીને જન્મદિને વંદન અને જી20ની સફળતા માટે અભિનંદન...!

દેશના વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીને વંદન અને અભિનંદન આપવાના બે રૂડા પ્રસંગો બન્યા છે. 17 સપ્ટેમ્બર વડાપ્રધાનનો જન્મદિન. 1950માં જન્મેલા મોદી પોતાના જીવનકાળના 73 વર્ષ પૂરા કરીને 74મા વર્ષમાં પ્રવેશ કરી રહ્યાં છે ત્યારે તેમના જન્મદિને ગુજરાત વંદન અખબાર તેમને વંદન કરીને તેમના શતાયુ માટેની કામના વ્યકત કરે છે.

ભારતમાં જી-20 સમિટનું સફળ આયોજન અને સમાપન એ મોદીની ટીમ કરતાં તેમની પોતાની વ્યક્તિગત સફળતા કહી શકાય. ટીમ દ્વારા વિશ્વભરમાંથી નેતાઓને નિમંત્રવામાં આવ્યાં પણ તેમની સાથે આગતા સ્વાગતા, મેજબાની અને ભારતના હિતમાં તેમની સાથે રાજદ્વારી મંત્રણા કરવી, દેસના હિતને સર્વોપરિ રાખીને પોતાની તરફ વાળવાનું કામ તો મોદીએ જ કરી બતાવ્યું અને તેથી જ તો આવેલ તમામ મહાનુભાવોએ પીએમ મોદીના ભારોભાર વખાણ કરીને ભારતને યુનોમાં સુરક્ષા પરિષદમાં કાયમી સભ્યપદ મળે તેવી ભલામણ કરવાની વચનબધ્ધતા આપી. એ જ તેમની સફળતા અને કૂટનિતિ છે.

જી20ની સફળતાના મીઠા ફળ ભારતને હવે ધીમે ધીમે ચાખવા મળશે. કેમ કે ભારતે એ દેશો સાથે વ્યાપાર સહિતના જે કરારો કે સંધિઓ કરી તેનો અમલ થતાં થતાં વાર લાગી શકે અને તેમાંથી એક નિર્ણય એ પણ છે કે ભારતના લોકોને હવે સસ્તા ભાવે અમેરિકાનું એપલ ખાવા મળશે. કેમ કે સરકારે તેના પર લેવાતી 70 ટકા આયાત ડ્યુટી ઘટીને 15 ટકા કરી હોવાથી અમેરિકન એપલ મોટી માત્રામાં ભારતમાં ઠલવાશે અને ગુજરાતના અમરાપુરથી લઈને આદિપુરમાં સસ્તા ભાવે મળી શકશે.

આ ઉપરાંત તેલ-ગેસની આયાત સહિત જી-20 દેશોમાં ભારતની નિકાસમાં વધારો થાય એવા નિર્ણયો પણ લેવામાં આવ્યાં છે તેથી ભારતની નિકાસ વધતાં અર્થતંત્રને લાભ મળશે. શક્ય છે કે જી-20 સંગઠનના 20 દેશો અને હવે તો તેમાં આફ્રિકન યુનિયન ઉમેરાતા 21 દેશો સાથે વ્યાપાર સહિતના પગલાંથી દેસનું અર્થતંત્ર એટલુ મજબૂત બની શકે કે ભારત નિર્ધારીત સમય કરતાં વહેલી તકે 5 ટ્રીલિયન ડોલરની ઈકોનોમીવાળુ દેશ બની જશે.

ભારત વિશ્વના દેશોની ઈકોનોમીમાં હાલમાં વિશ્વમાં પાંચમા નંબરે છે. અને જેમ જેમ વ્યાપાર. આયાત-નિકાસ અને ઉત્પાદનો વધશે તેમ તેમ ભારત વિશ્વની ત્રીજા નંબરની ઈકોનોમીવાળો દેશ બની જશે તેમાં કોઈ બેમત નથી. પાંચમા નંબરની ઈકોનોમીવાળો દેશ અને ત્યારબાદ 5 ટ્રિલિયન ડોલરવાળો દેશ બનશે ત્યારે ભારત વિકાસશિલ દેશોની યાદીમીંથી નિકળીને વિક્સિત એટલે કે બ્રિટન વગેરેની જેમ ડેવલોપ્ડ કન્ટ્રી બની જશે.

જી-20નું સફળ આયોજન વાસ્તવમાં એક પડકાર સમાન હતું. કેમ કે આ પહેલાં ભારતે 40-50 વર્ષ પહેલા આવુ આયોજન કર્યું તે પછી તો દુનિયા કેટલી બદલાઈ ગઈ અને આજના આતંકી હુમલા ગમે ત્યારે ગમે તે સ્થળે થઈ શકે એવી ગંભીર પરિસ્થિતિમાં અમેરિકા સહિતના 20 દેશોના મહાનુભાવોની સુરક્ષા કરવી તે કોઈપણ સરકાર માટે પડકાર અને ઉચાટભર્યા જીવે રાખવા જેવુ હતું. સદભાગ્યે દિલ્હીમાં એવી કોઈ ઘટના ન બની તે સુરક્ષા વ્યવસ્થાને આભારી કહી શકાય

ભારતે અને ખાસ કરીને ગુજરાતે હવે 2036માં યોજાનાર ઓલ્મ્પિક રમતોત્સવની તૈયારીઓ આરંભી દેવી જોઈએ. અને આ સૂચિત આંતરરાષ્ટ્રીય ઈવેન્ટને પણ તે સમયની ભારત સરકાર અને ગુજરાત સરકાર જી20ની જેમ જ સાંગોપાંગ પાર પાડશે તેમાં કોઈએ માથુ ખંજવાળવાનું નથી. કેમ કે ભારત હવે પહેલાનું ભારત નથી. તે નયા ભારત છે....!!

વિસ્તારની દૃષ્ટિએ બ્રાઝિલ ભારત કરતાં મોટો દેશ પણ વસ્તી માત્ર ઉત્તરપ્રદેશ જેટલી...

ફૂટબોલપ્રેમી કોફીવાળા દેશમાં યોજાશે G-21, કેવું છે બ્રાઝિલ..?

સૌથી વધુ કોફીના ઉત્પાદનની સાથે બ્રાઝિલમાં ડ્રગની દાણચોરી અને ગુનાખોરીનો દર પણ ઊંચો...

સાપ્તાહિક ગુજરાત વંદન

દિલ્હીમાં G20 કોન્ફરન્સના સફળ આયોજન બાદ હવે તેની યજમાનીનું પ્રતિક- હથોડી બ્રાઝિલના હાથમાં છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દિલ્હીમાં બ્રાઝિલના રાષ્ટ્રપતિ લુઈઝ ઈનાસિયો લુલા દા સિલ્વાને G-20 ની અધ્યક્ષતા સોંપી દીધી છે. અધ્યક્ષપદ સોંપતી વખતે મોદીએ કહ્યું, 'હું બ્રાઝિલના રાષ્ટ્રપતિ લુઈઝ ઈનાસિયોને હાર્દિક શુભેચ્છા પાઠવું છું અને તેમને G-20નું અધ્યક્ષપદ સોંપું છું.' બ્રાઝિલ આ વર્ષે 1 ડિસેમ્બરે સત્તાવાર રીતે G20 જૂથનું પ્રમુખપદ સંભાળશે. 2024માં તે G2 સમિટનું આયોજન કરશે.

આ અવસરે બ્રાઝિલના રાષ્ટ્રપતિએ જી21 માટેના પોતાના એજન્ડાનો ઈશારો કરતાં કહ્યું કે, વિશ્વમાંથી ભૂખમરા દૂર કરવાના પ્રયાસો વધુ તીવ્ર બનાવવાની જરૂરિયાત છે. તેમણે કહ્યું, 'મહાત્મા ગાંધીને શ્રદ્ધાંજલિ આપતાં હું ખૂબ જ ભાવુક થઈ ગયો હતો... મારા રાજકીય જીવનમાં મહાત્મા ગાંધીનું કેટલું મહત્વ છે તે બધા જાણે છે... બ્રાઝિલની ત્રણ પ્રાથમિકતાઓ સામાજિક ન્યાય અને ભૂખમરો સામેની લડાઈ, ટકાઉ વિકાસ અને વિશ્વની સંસ્થાઓમાં પરિવર્તન હશે.

બ્રાઝિલના રાષ્ટ્રપતિએ પોતાની વાત કહી દીધી પણ ડિસેમ્બરથી ભારતના ઉચ્ચ અધિકારીઓ-મંત્રીઓ અને સમાપન વખતે વડાપ્રધાન હાજરી આપવાના છે એ બ્રાઝિલ દેશ કેવો છે.....

બ્રાઝિલ ભારત કરતાં ક્ષેત્રફળમાં મોટું છે.વિસ્તારની દૃષ્ટિએ બ્રાઝિલ વિશ્વનો પાંચમો સૌથી મોટો દેશ છે. વસ્તીની દ્રષ્ટિએ તેનું સ્થાન વિશ્વમાં 7મું છે. બ્રાઝિલ ભારત કરતાં ક્ષેત્રફળમાં મોટું છે. બ્રાઝિલની વસ્તી હાલમાં લગભગ 22 કરોડ છે, જે વિશ્વની કુલ વસ્તીના લગભગ 2.70 ટકા છે. બ્રાઝિલમાં જન્મ દર સતત ઘટી રહ્યો છે, પરંતુ અહીં કિશોરોમાં વધતી જતી ગર્ભાવસ્થા એક નવી સમસ્યા તરીકે ઉભરી રહી છે. આને નિયંત્રિત કરવા માટે, સરકારે એક અભિયાન શરૂ કર્યું છે, જેની ટેગલાઈન છે, 'પહેલા કિશોરાવસ્થા, પછી ગર્ભાવસ્થા.'

આ ફૂટબોલ ક્રેઝી દેશની રાજધાની બ્રાઝિલ જ છે. પોર્ટુગીઝ અહીંની સત્તાવાર ભાષા છે.ચીલી અને એક્વાડોર સિવાય, બ્રાઝિલ દક્ષિણ અમેરિકા ખંડના બાકીના તમામ દેશો સાથે સરહદો વહેંચે છે. બ્રાઝિલનું નામ બ્રાઝિલ વૃક્ષ પરથી રાખવામાં આવ્યું હોવાનું માનવામાં આવે છે અને તેનો મોટાભાગનો ભાગ વિષુવવૃત્તની દક્ષિણે આવેલો છે. તેનું ચલણ(કરન્સી) રિયાલ છે.

બ્રાઝિલ વિશ્વનો સૌથી મોટો કોફી ઉત્પાદક દેશ છે. છેલ્લા 150 વર્ષથી, તે વિશ્વના સૌથી મોટા કોફી ઉત્પાદક દેશનો દરજ્જો ભોગવે છે. તે સંતરા, શેરડી, સોયાબીન અને પપૈયાના સૌથી મોટા ઉત્પાદકોમાંનું એક છે.

જો કે, સૌથી વધુ કોફીનું ઉત્પાદન કરતું બ્રાઝિલ ડ્રગની દાણચોરી અને ગુનાના સંદર્ભમાં ખૂબ જ કુખ્યાત છે.અહીં ગુનાખોરીનો દર ઘણો ઊંચો છે. દક્ષિણ અમેરિકામાં બ્રાઝિલ એકમાત્ર એવો દેશ છે જેણે ઓલિમ્પિક ગેમ્સનું આયોજન કર્યું છે.

ઈતિહાસ કહે છે સકે, બ્રાઝિલ એક સમયે પોર્ટુગલની ગુલામીમાં હતું, તેને 7 સપ્ટેમ્બર 1822ના રોજ આઝાદી મળી. બ્રાઝિલનું પ્રથમ બંધારણ વર્ષ 1825માં બનાવવામાં આવ્યું હતું. આ દેશની રાજધાની પહેલા રિયો ડી જાનેરો હતી પરંતુ 1960માં બ્રાઝિલને રાજધાની બનાવવામાં આવી હતી.

રિયો શહેરમાં સ્થિત ઈસુ ખ્રિસ્તની 30 મીટર ઊંચી પ્રતિમા 'ક્રિસ્ટ ધ રિડીમર' વિશ્વની સાત અજાયબીઓમાં સામેલ છે.આ પ્રતિમાનું વજન અંદાજે 635 ટન છે અને તે તિજુકા નેશનલ ફોરેસ્ટમાં સ્થિત છે. કોર્કોવાડો પર્વત. ક્રાઈસ્ટ ધ રિડીમર' તે રિયો ડી જાનેરો અને બ્રાઝિલના પ્રતીક તરીકે ઓળખાય છે.બ્રાઝિલ એક સંઘીય રાષ્ટ્રપતિ બંધારણીય પ્રજાસત્તાક છે અને હાલમાં લુલા દા સિલ્વા બ્રાઝિલના રાષ્ટ્રપતિ છે. તેઓ વર્કર્સ પાર્ટીના સભ્ય છે. 27 ઓક્ટોબર, 1945ના રોજ જન્મેલા લુલા અગાઉ 2003 થી 2010 સુધી બ્રાઝિલના રાષ્ટ્રપતિ પદ પર રહી ચૂક્યા છે. 1980માં, તેમના નેતૃત્વ હેઠળ, વિદ્વાનો, બૌદ્ધિકો અને સંઘ નેતાઓના જૂથે પાર્ટીડો ડોસ ટ્રબલહાડોર્સ (PT) અથવા વર્કર્સ પાર્ટીની સ્થાપના કરી.

આ પક્ષ બ્રાઝિલની લશ્કરી સરકાર વચ્ચે રચાયેલ પ્રગતિશીલ વિચારો સાથેનો ડાબેરી પક્ષ છે. લુલા 1989 માં તેમની પ્રથમ ચૂંટણી લડ્યા હતા અને હારી ગયા હતા. તેઓ 1990ના દાયકામાં વધુ બે ચૂંટણીઓ પણ હારી ગયા હતા, પરંતુ અંતે 2003 માં પ્રમુખ બન્યા હતા અને સાત વર્ષ સુધી આ પદ સંભાળ્યું હતું. તેમણે 2022 માં ફરીથી બ્રાઝિલના રાષ્ટ્રપતિ તરીકે કાર્યભાર સંભાળ્યો હતો.ભારત અને બ્રાઝિલ વચ્ચેના સંબંધો વર્ષો જૂના છે પરંતુ તાજેતરના વર્ષોમાં નવા આયામો સ્થાપિત થયા છે. 1948માં બંને દેશો વચ્ચે રાજદ્વારી સંબંધો સ્થપાયા હતા, તે જ વર્ષે બંને દેશોએ એમ્બેસી ખોલી હતી. કોલ્ડ વોર દરમિયાન બંને દેશો વચ્ચેના પરસ્પર સંબંધોનું તાણ તૂટતું જોવા મળ્યું હતું.વાસ્તવમાં બ્રાઝિલના ગોવાની આઝાદીનો વિરોધ અને ભારતમાં તેના સમાવેશના વલણથી બંને દેશોના સંબંધો પર અસર પડી હતી. બ્રાઝિલે આઝાદ ભારતના ગોવામાં વિદેશી પોર્ટુગલના શાસનને વાજબી ગણાવી અને ગોવાને આઝાદ કરાવવા માટે ભારત દ્વારા કરવામાં આવેલી સૈન્ય કાર્યવાહીને આંતરરાષ્ટ્રીય નિયમોનું ઉલ્લંઘન ગણાવ્યુ હતું. 21મી સદીમાં બંને દેશો વચ્ચેના સંબંધો સુધર્યા અને બંને દેશોએ કરારો કર્યા. સંરક્ષણ ક્ષેત્રે સહકાર માટે કરાર 2003માં થયો હતો. ભારત અને બ્રાઝિલે પરસ્પર ચિંતાના પ્રાદેશિક અને વૈશ્વિક મુદ્દાઓને આવરી લેવા માટે 2006માં વ્યૂહાત્મક સંવાદ મિકેનિઝમની સ્થાપના કરી હતી.

આ સાથે બ્રાઝિલ આવતા વર્ષે G-20નું યજમાન પણ બનશે, જેમાં G20ની જગ્યાએ G21 સભ્ય દેશો સામેલ થશે. ભારત પહેલાં 2022માં રાષ્ટ્રપતિપદ ઈન્ડોનેશિયા પાસે હતું અને પછી આ રાષ્ટ્રપતિપદ ભારત પાસે આવ્યું. અને હવે બ્રાઝિલ પાસે રહેશે.

એમેઝોન ફોરેસ્ટમાં છે અધધ 39 હજાર કરોડ વૃક્ષો...! :

વિશ્વમાં 25 લાખથી વધુ પ્રજાતિના જંતુઓ અને પ્રાણીઓનું ઘર ગણાતું એમેઝોન ફોરેસ્ટ 55 લાખ ચોરસ કિલોમીટરના વિસ્તારમાં ફેલાયેલું છે. તેના વિશાળ કદ માટે, તેને 'વિશ્વનું ફેફસાં' કહેવામાં આવે છે. એમેઝોનના જંગલોમાં વૃક્ષો અને છોડની 16 હજારથી વધુ પ્રજાતિઓ છે અને તેમાં લગભગ 39 હજાર કરોડ વૃક્ષો છે. તે યુરોપિયન યુનિયનના દેશો કરતાં લગભગ દોઢ ગણું મોટું છે. એમેઝોનના જંગલનો લગભગ 60 ટકા બ્રાઝિલમાંથી, 13 ટકા પેરુમાંથી, 10 ટકા કોલંબિયામાંથી અને બાકીનો ભાગ ઇક્વાડોર, ગયાના, વેનેઝુએલા, બોલિવિયા, સુરીનામ અને ફ્રેન્ચ ગુયાનામાંથી પસાર થાય છે. એવું માનવામાં આવે છે કે એમેઝોનના જંગલોમાં 400 થી 500 થી વધુ આદિવાસી જાતિઓ રહે છે. એમેઝોનનું જંગલ એટલું મોટું અને વિશાળ છે કે તે 9 દેશોની સરહદોને સ્પર્શે છે.

ધર્મ

બાપ્પાની મૂર્તિ સ્થાપિત કરવાનો શુભ સમય

ગણેશોત્સવ મહારાષ્ટ્ર, પૂણે, ગુજરાત અને કર્ણાટક સહિત ઘણા રાજ્યોમાં ભવ્યતાની સાથે ઉજવવામાં આવે છે. ગણેશ ચતુર્થીને આડે ગણતરીની દિવસો બાકી છે. જેના પગલે ભક્તો પણ ગણપતિ બાપ્પાના વધામણાં માટે ખાસ તૈયારીઓ કરી રહ્યા છે. હિંદુ કેલેન્ડર અનુસાર ગણેશ ચતુર્થી ભાદરવા મહિનાના શુક્લ પક્ષમાં આવે છે જે દર વર્ષે ઓગસ્ટ કે સપ્ટેમ્બરની આસપાસ આવે છે. આ દિવસે ભક્તો પંડાલો અને ઘરે ગણપતિની મૂર્તિઓ લાવીને 10 દિવસ સુધી પૂજા કરવામાં આવે છે. અને 10માં દિવસે વિસર્જન કરવામાં આવે છે. આ વર્ષે ગણેશ ચતુર્થીનો ઉત્સવ 19 સપ્ટેમ્બર 2023એ શરૂ થશે અને 28 સપ્ટેમ્બર 2023એ વિસર્જન સાથે સમાપ્ત થશે.

હિન્દુ કેલેન્ડર અનુસાર, બાપ્પાની મૂર્તિ સ્થાપિત કરવાનો શુભ સમય 19 સપ્ટેમ્બર 2023ના રોજ સવારે 11:08 થી બપોરે 1:33 સુધીનો રહેશે. જ્યારે, વિસર્જન 10 દિવસમાં દિવસે કરવામાં આવશે.

પુરાણોમાં ઉલ્લેખ કરાયા અનુસાર, હે ગણેશ્વર તૂ ભાદ્રપદ માસના કૃષ્ણપક્ષની ચતુર્થીના રોજ ચંદ્રમાંના ઉદિત થવા પર ઉત્પન્ન થયો છે. આ તિથિમાં વ્રત કરનારના બધા વિઘ્નોનો નાશ થઈ જશે અને તેને બધી સિદ્ધિયો પ્રાપ્ત થશે. કૃષ્ણપક્ષની ચતુર્થીની રાત્રે ચંદ્રોદયના સમયે ગણેશ તમારી પૂજા કર્યા પછી વ્રતી ચદ્રમાને અર્ઘ્ય આપીને બ્રાહ્મણને મિષ્ઠાન્ન ખવડાવે. ત્યારપછી ખુદ પણ ગળ્યુ ભોજન કરે. શ્રીગણેશ ચતુર્થીનુ વ્રત કરનારાઓની મનોકામના જરૂર પૂર્ણ થાય છે.

પુસ્તક પરિચય

▪ રિપલકુમાર પરીખ

સાપ્તાહિક ગુજરાત વંદન

નરેન્દ્ર મોદી : પ્રેરણાદાયી વ્યક્તિત્વ

"અહીં રચાયો છે - આત્મવિશ્વાસનો અગાધ સાગર,
સર્વસ્વ ન્યોછાવર કરવાનો તરવરાટ,
માતૃભૂમિના કલ્યાણનાં સ્વપ્નોનો સમુદ્ર,
વામનાંથી વિરાટ બનવાની અપ્રતિમ આકાંક્ષા,
શિસ્ત અને સંગઠનનો સુભગ સંગમ,
સમર્પણયાત્રાની સરવાણી ફૂટી છે ...
ઉજ્જવળ ભવિષ્યનો પ્રકાશપુંજ દેખા દે છે."

'સાક્ષીભાવ' કાવ્યસંગ્રહ, નરેન્દ્ર મોદી.

વિશ્વનાં સર્વશ્રેષ્ઠ નેતાઓમાં જેની ગણના થાય છે, તેવા આપણાં સૌથી વધારે લોકપ્રિય વડાપ્રધાન આદરણીય શ્રી નરેન્દ્ર મોદીનું વ્યક્તિત્વ ખૂબ જ પ્રેરણાદાયી છે. જો આપણે તેમની કાર્યપધ્ધતિ જાણવી હોય, તેમની માનસિકતા તથા રાષ્ટ્રભાવના અને તેમનાં પ્લસ-માઈનસનું માર્મિક દર્શન કરવું હોય તો શું કરવું જોઈએ? તે પ્રશ્ન દરેક ભારતીય નાગરિકને ચોક્કસ થતો હશે, તે ઉપરાંત એક સામાન્ય વ્યક્તિની ચા ની નાની કિટલીથી મહાન દેશનાં લોકપ્રિય વડાપ્રધાન બનવા સુધીની સંઘર્ષાત્મક સફર કેવી રહી હશે? તેમણે કેટલાં તડકા - છાંયા જોયા હશે, કેટલાં સારા - નરસા અનુભવો કર્યા હશે. દુનિયાની સૌથી શક્તિશાળી વ્યક્તિ બનવા સુધીની તેમની એવી સફર કે જે આપણને આપણામાં રહેલી છુપી શક્તિઓને જાગૃત કરવાની તાકાત આપે છે, જીવનમાં નવું જોમ ભરે છે, દેશ માટે કંઈક નક્કર કરવાની ભાવના જગાડે છે, તેવું એક અદ્ભુત અને પ્રેરણાત્મક પુસ્તક એટલે " મોદી શા માટે મોદી છે."

લેખક અહીં પ્રસ્તાવનામાં જ સ્પષ્ટતા આપી દે છે કે, 'આ પુસ્તક કોઈ રાજનેતા વિશેનું નથી. અહીં એક એવી વ્યક્તિ વિશેના લેખો છે જેને દૂરથી જોઈને, એમાંથી શીખીને તમે તમારી લાઈફને અત્યારે છે એના કરતાં ઉપલા સ્તરે લઈ જઈ શકો છો.' લેખકના આ લેખો " મુંબઈ સમાચાર " માં તેમની દૈનિક કોલમ " ગુડ મોર્નિંગ " માં પ્રકાશિત લેખોનો સંગ્રહ છે. લેખક લખે છે, " આ પુસ્તક તેરથી પચ્ચીસ વર્ષનાં કિશોરો અને યુવાનોને પ્રેરણા મળે, ભારતનાં નાગરિકોની નવીનતમ પેઢી મોદીનાં જીવનમાંથી પ્રેરણા લઈ શકે એ રીતે લખાયું છે. અબ્રાહમ લિંકન, વિવેકાનંદ, ગાંધીજી, નેલ્સન મંડેલા, સ્ટીવ જોબ્સ અને ધીરુભાઈ અંબાણીના જીવન પર પ્રેરણા પામનારા યુવાનોને સૌથી વધુ ઉમંગ - ઉત્સાહ - સ્ફૂર્તિ " મોદી શા માટે મોદી છે " વાંચીને મળવાનાં છે એની મને ખાતરી છે."



પણ આ પુસ્તકના લેખક છે કોણ? તો જણાવી જ દઉં કે આ પ્રેરણાદાયી પુસ્તકના લેખક પણ એટલા જ પ્રેરણાદાયી છે, તેમનું જીવન પણ અનેક આરોહ - અવરોહમાંથી પસાર થયું છે. ૧૮ વર્ષની ઉંમરે તેમણે પોતાની પત્રકારત્વ તરીકેની કારકિર્દી શરૂ કરી હતી, ત્યારબાદ અનેક ખ્યાતનામ ગુજરાતી દૈનિકો અને સામયિકોમાં તંત્રીપદ પણ તેમણે શોભાવ્યું હતું. " સંવાદ " થી " વિચારધારા" સુધી અને હાલમાં " ન્યૂઝપ્રેમી " વેબસાઈટ અને યુટ્યુબ સુધીની સફર ખેડનાર, વર્ષ ૨૦૦૩માં " પાંચજન્ય વૈદ્ય ગુરુદત્ત " પારિતોષિક અને વર્ષ ૨૦૧૩માં ગુજરાત સાહિત્ય અકાદમીનું શ્રેષ્ઠ નવલકથાનું પારિતોષિક પ્રાપ્ત કરનાર આદરણીય લેખક સૌરભ શાહ આ પુસ્તકના લેખક છે.

આ પુસ્તકમાં લેખકે નીચેની દરેક વાતો વિસ્તારપૂર્વક જણાવી છે. નરેન્દ્ર મોદી પાસેથી શીખવા જેવી ૧૦ વાતો.

નરેન્દ્ર મોદીની તાકાત અને નબળાઈઓ તથા એમની સામે ઊભેલી તકો તથા એમના માથે તોળાતા જોખમોનું S.W.O.T. એનેલિસીસ.

મોદીએ વિધાર્થીઓને સંબોધીને કરેલી ઉત્સાહવર્ધક મનની વાતો. એક પણ રજા લીધા વગર મોદી ૨૪ × ૭ કેવી રીતે કામ કરી શકે છે?

કવિ નરેન્દ્ર મોદીએ ત્રણ દાયકા અગાઉ લખેલી કવિતાઓ આજના સંદર્ભમાં.

મોદીનું માર્કેટિંગ અને મોદીનાં સગાંવહાલાંઓ.

આ પુસ્તક ફક્ત મોદીપ્રેમી કે મોદીભક્તો માટે જ નથી, અહીં મારે ખાસ એ જણાવવું છે કે, આ પુસ્તક મોદી વિરોધીઓએ પણ જરૂર વાંચવું જોઈએ, કારણકે તેઓ પણ આ પુસ્તક વાંચ્યા બાદ ચોક્કસ મોદી સાહેબ પાસેથી કંઈક શીખી જ શકશે. તે ઉપરાંત દરેક ગુજરાતીએ તો આ પુસ્તક અવશ્ય વાંચવું જોઈએ, આ પુસ્તક વાંચ્યા બાદ આપણને આપણા વડાપ્રધાન પર જે ગર્વ છે તે વધી જશે, તે નિઃસંદેહ છે.

આ પુસ્તકનો એક સંવેદનશીલ કિસ્સો માણીએ, "મોદીએ ગુજરાતમાં કર્મચારીઓનો કેટલો મોટો વિશ્વાસ અને પ્રેમ મેળવ્યો હશે, એનો તદ્દન નાનકડો દાખલો છે, વર્ષ ૨૦૧૪ માં લોકસભાની ચૂંટણી જીત્યા બાદ, જ્યારે મોદી રાષ્ટ્રપતિ પાસે વડાપ્રધાનપદનો એપોઈન્ટમેન્ટ લેટર (આમ તો આમંત્રણપત્ર કહેવાય એને) લઈને મોદી ગુજરાતની વિદાય લેવા ગયા. ગાંધીનગરના વિધાનસભાગૃહના વિદાય સમારંભની એક તસવીર ફેસબુક રસિયાઓએ કદાચ જોઈ હશે. મોદી એ પિક્ચરની ફ્રેમમાં નથી, પણ ગુજરાત વિધાનસભાના સ્પીકર વજુભાઈ વાળા ' સત્યમેવ જયતે ' કોતરેલી પોતાની ખુરશી પાસે ઊભા છે. એમની પાછળ લાલ- સોનેરી સાફો અને મરુન કમરપટ્ટો પહેરીને સફેદ યુનિફોર્મધારી એક ચોપદાર ઊભો છે. એનું માથું ઝૂકી ગયું છે. ચશ્માં કાઢીને એ આંખો લૂછી રહ્યો છે..."

પ્રેરણાદાયી વિચાર

" મોદીના જીવનમાં દેખાતાં ગુણો આપણામાં ઊતર્યા પછી આપણે કદાચ મોદી ન બની શકીએ, પણ જે છીએ એના કરતાં વધારે સારા તો ચોક્કસ બની શકીએ."

રસદર્શન

આજે એક વિરલ કાવ્ય સર્જન અને રસદર્શન માણીએ...

સાપ્તાહિક ગુજરાત વંદન

શરણમ્ નાન્ય વરણમ્ નાન્ય ।
અન્ય કોઈનું વરણ પણ નહીં શરણ પણ નહીં
નિષ્કંપ ઉપવને પૂર્વાભિમુખ
ઉર્ધ્વમુખી પુષ્પ કલિકા,
અધખુલ્લી, અધબીડાયેલી.
હરિતકવચદલ ગોપિત રંગવૈભવની
અલપ ઝલપ, ઝાંખી ઝલક !
મકરંદ-પતંગને
કવચિત્ અનભિજ્ઞ,
મહદ્દઅંશે દુર્લક્ષિત !
સૂર્યરશ્મિ સ્પર્શે,
સંચરિત નવચેતન,
પ્રકાશિત રંગ-સૌરભ.
અનુગ્રહના સૂચક,
ઉજ્જવળ ભાવિના ઉદઘોષક.
નંદિત ઉરકુસુમની નમ્ર અરજ,
કૃપાદૃષ્ટિ મૈત્રેયની કાયમ રહો,
ધ્યેયલક્ષીયાત્રા
અવિરત અનવરુદ્ધ રહો.
શરણમ્ નાન્ય વરણમ્ નાન્ય ।

- ડો ભરત ગોહેલ

જીવન પ્રભાતના ક્ષિતિજને હિંગળોકિયા રંગે લાલિમા પ્રદાન કરી હોય તેવા સુંદર અલૌકિક, અને પ્રભુ સ્મરણ સહ, હૃદયસ્થ થયેલા, ભગવદીય વાતાવરણમાં અને બુદ્ધિની પણ પાર ગયેલી એવી મહાશક્તિના અનુદાનથી પ્રાપ્ત થયેલ પ્રજ્ઞાની નિશ્રામાં રચાયેલા આધ્યાત્મિક સંસારરૂપી મધુવનમાં સૂર્યના તેજ અને કે તેજોન્મયતા, જેના કિરણોથી રચાનારી અદભુત ઊર્ધ્વશૈલીની તન્મયતા પ્રાપ્ત કરવા, કળી જે ખુલી નથી અને ખુલવા જઈ રહી છે તેવી કુસુમ કળી કે જે અવસ્થા રૂપે કદાચ મારા લલાટે પણ હોઈ શકે.

મારા પ્રાકૃતિક સ્વભાવને આપની દિવ્ય દ્રષ્ટિ પ્રદાન થાવ અને દિવ્ય દૃષ્ટિના પ્રદાનથી અભિભૂત થયેલી મારી સમજની પ્રત્યંચા વધુ ટંકાર કરે અને તેથી જ આવનાર દિવસો ના મ્હારા જીવનસંઘર્ષમાં તે વધુ સહાયભૂત બને,

દિવ્ય તેજ, અનુપમ પરિમલ, અનન્ય વાતાવરણ મારા જીવનના પર્યાય બને,

કારણકે પ્રભુના કવચ કુંડળ થી રક્ષિત છતાં ગર્ભિત એવા ગોવર્ધનધારી ના વૈભવથી બલિહારી મને પ્રાપ્ત થાઓ,

ભૌતિક એવું મારું મન, ભ્રમર વૃત્તિ ને તે જ્ઞાત ન પણ હોય અથવા કદાચ મારી અલ્પમતિ એ એના તરફ દુર્લક્ષ્ય પણ સેવ્યું હોય અને સંભવિત છે, જ્ઞાન નો સૂર્ય મને સ્પર્શે મારામાં કોઈ એવી ચેતનાનો સંચાર થાય જેની અનુભૂતિ હું પ્રથમ વખત કરી રહ્યો હોઉ,

જેનાથી મારુ સમગ્ર અસ્તિત્વ તેજોદીપ, થાય દૈદિપ્યમાન થાય,

મારા અંતઃકરણમાં ઉર્જા ઉઠે કે આવનાર ભવિષ્યમાં મારા જીવનના દરેક ક્ષેત્રમાં પ્રભુ પ્રેમનું પ્રતિક બની જાય જેનાથી નિશ્ચિંત ભવિષ્ય કેજે માત્ર પ્રભુના આશ્રય માં જ હોય અને તે જ મારા ભાવિ ભવિષ્યવક્તા હોય.

આપનો અનુગ્રહ આપના વિનિયોગે આપની પ્રત્યક્ષ હોવાની ગરજ મને સારે છે અને આપના થકી આપના ચરણકમળ મારામાં અત્યંત આધ્યાત્મિકતાનો પ્રાદુર્ભાવ કરે છે.

પ્રભુને માત્ર એટલી જ પ્રાર્થના આપની કૃપાદ્રષ્ટિ મુજ પર કાયમ રહો જેનાથી મારી આધ્યાત્મની આ યાત્રા ધ્યેયલક્ષી બનો અને અને મારી દરેક ક્રિયા અવિરત અચળ રહે !

અત્યંત આકસ્મિક આ રચનાની સમક્ષ શ્રી રવિન્દ્રનાથ ટાગોરની આ અપ્રતિમ રચનાનું મનન કરીએ

અંતર મમ વિકસિત કરો
અંતર મમ વિકસિત કરો અન્તરતર હે,
નિર્મળ કરો, ઉજ્જવલ કરો, સુંદર કરો હે
જાગ્રત કરો, ઉદ્યત કરો, નિર્ભય કરો હે,
મંગલ કરો, નિરલસ નિઃસંશય કરો હે
યુક્ત કરો હે સબાર સંગે મુક્ત કરો હે બંધ,
સંચાર કરો સકલ કર્મે શાન્ત તોમાર છંદ
ચરણપદ્મે મમ ચિત્ત નિષ્પંદિત કરો હે,
નંદિત કરો, નંદિત કરો, નંદિત કરો હે

– રવીન્દ્રનાથ ટાગોર

મારા પ્રત્યેક કર્મમાં તમારા શાંત છંદનો એટલે કે લયનો સંચાર કરો

- હરીશ શાહ

Printed, Published and Owned by Editor - NIKUNJ SUDHIRKUMAR PATEL Printed at Bhaskar Printing Press, Survey No.148-P, Near Naagdevta Temple, Changodar-Bavla HighWay, Ta.Sanand, Dist. Ahmedabad, Gujarat and published from 301, Kalptaru Complex, Opp. Premchand Nagar, Jodhpur Satyagrah Chhavni Road, Ahmedabad – 380 015 Tel. 079-48987111. Co-Editor PRAVIN GHAMANDE Responsible for Selection of news under PRB Act'.

સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ દરખાસ્ત મુકાઈ

એરપોર્ટ સર્કલથી ઈન્દિરાબ્રિજ સર્કલ સુધી આઈકોનિક રોડ બનાવાશે

રોડલાઈન મંજુર થશે તો એરપોર્ટ રોડ ઉપર આવેલ 300 મિલકતને અસર થશે

ગુજરાત | વંદન

એરપોર્ટ સર્કલથી ઈન્દિરાબ્રિજ સર્કલ સુધીના રોડને આઈકોનિક બનાવવા મંજુરી માંગતી દરખાસ્ત આજે મળનારી સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ મુકવામાં આવી છે.રોડલાઈન મંજુર થશે તો એરપોર્ટ રોડ ઉપર આવેલ ૩૦૦ જેટલી મિલકતને અસર થશે.

શહેરના વી.આઈ.પી.રોડ તરીકે ગણાતા એરપોર્ટ સર્કલથી લઈ ઈન્દિરાબ્રિજ સર્કલ સુધીના રોડને ડેવલપ કરવા માટેની પ્રાથમિક કામગીરીના ભાગરુપે હયાત રોડને પહોળો કરવા મ્યુનિ.તંત્ર તરફથી દરખાસ્ત લાવવામાં આવી છે.હાલમાં બંને તરફ રોડ ક્યાંક ૪૫

તો ક્યાંક ૬૦ મીટર પહોળો છે.આ કારણથી એક જ રોડલાઈન કરી બંને તરફનો રોડ ૬૦ મીટર પહોળો કરવા મંજુરી માંગતી દરખાસ્ત સ્ટેન્ડિંગ કમિટી સમક્ષ મુકવામાં આવી છે.રોડલાઈનનો અમલ કરતા અગાઉ મ્યુનિ.તંત્ર તરફથી મંગાવવામાં આવેલ વાંધા અરજી મંગાવાતા સ્થાનિક લોકો દ્વારા ૩૦૦ વાંધા અરજી કરવામાં આવી હતી.જેનો જવાબ તંત્ર તરફથી કરવામાં આવ્યો છે.સ્થાનિકો તરફથી મ્યુનિ.તંત્રને કરવામાં આવેલી વાંધા અરજીઓમાં રોડલાઈનનો અમલ થવાથી તલાવડી સર્કલ આસપાસના ૭૦ મકાન કપાતમાં આવતા હોવાથી લોકોને ભારે હાલાકી પહોંચશે.ઉપરાંત રોડ ઉપર અવરજવર બિલકુલ બંધ થઈ જશે.આ પ્રકારની રજુઆત કરાઈ હતી.રોડલાઈનના અમલમાં ઓછી મિલકતને અસર થાય એ પ્રમાણે રોડલાઈન મુકવામા આવી છે.એરપોર્ટથી લઈ ગાંધીનગરને જોડતો આ મુખ્ય રોડ હોઈ પહોળો કરવો જરુરી છે.દરખાસ્ત કમિટીમાં મંજુર થયા બાદ અસરગ્રસ્તોને નોટિસ આપ્યા બાદ સમય અપાશે બાદમાં રોડ પહોળો કરવા કામગીરી કરાશે.

નવા વાહન ખરીદનારને RTOના ધક્કામાંથી મુક્તિ મળશે

નંબર પ્લેટ સાથે જ નવા વાહનોની ડિલીવરી કરવા ડીલર્સને તાકીદ

ગુજરાત | વંદન

ગુજરાતમાં નવા વાહનોમાં TC નંબર સિસ્ટમ દૂર કરવામાં આવી છે. નવા નિયમ પ્રમાણે, હવેથી શોરૂમમાંથી વાહન ખરીદતા જ નંબર પ્લેટ લગાવી આપવામાં આવશે. નંબર પ્લેટ લાગ્યા બાદ જ વાહન શોરૂમમાંથી બહાર નીકળી શકશે.

હવેથી નવા નંબર કાઢવાની અને નંબર પ્લેટ લગાવવાની કામગીરી પણ ડિલર્સે જ કરવાની રહેશે. તમામ વાહનોના રજિસ્ટ્રેશનથી લઈને નંબરની ફાળવણી સુધીની પ્રક્રિયા શોરૂમમાંથી જ કરવામાં આવશે, જેથી ફી અને ટેક્સ ભર્યા બાદ તરત જ વાહનમાં નંબર પ્લેટ પણ લાગી જશે.

નંબર પ્લેટ વગર વાહનોની

ડિલીવરી શોરૂમ સંચાલકો કરી શકશે નહીં. વાહનની ખરીદી બાદ સૌથી પહેલા ગ્રાહકોએ HSRP નંબર પ્લેટ મેળવવાની રહેશે. જે નંબર પ્લેટ વાહનોમાં લગાવ્યા બાદ જ ગ્રાહકોને ડિલીવરી કરી શકાશે. જેના કારણે હવે વાહનચાલકોને આરટીઓના ધક્કામાંથી મુક્તિ મળશે. જો કોઈ નંબર પ્લેટ વગરનું નવું વાહન રસ્તા પર ફરતું દેખાશે તો ડિલર સામે પણ કાર્યવાહી થઈ શકે છે. જો કાઈ શોરૂમ સંચાલક ગેરરીતિ આચરશે તો RTO દ્વારા તેની સામે કાયદાકીય પગલા ભરવામાં આવશે.

અમદાવાદમાં સીસીટીવી કેમેરા શોભાના ગાંઠિયા સમાન

સ્પીડ લિમિટનો ભંગ કરતા વાહનચાલકોને સીસીટીવી કેમેરા પકડી શકતા નથી...!

ગુજરાત | વંદન

અમદાવાદ શહેરના ટ્રાફિક જંકશન પર આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ(AI) સોફ્ટવેર ધરાવતા સીસીટીવી કેમેરા લગાવાયા છે. જોકે હવે એ સ્પષ્ટ થઈ ગયું છે કે સ્પીડ લિમિટનો ભંગ કરતા વાહનચાલકોને પકડવા માટે અમદાવાદ શહેરના સ્માર્ટ સર્વેલન્સ કેમેરાને ટ્રેનિંગ આપતા એક વર્ષનો સમય લાગશે. કેમકે આ કેમેરાનું આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સોફ્ટવેર અનેક પ્રકારના ટ્રાફિકના નિયમોનો ભંગ કરતા વાહનચાલકોને શોધી શકતું નથી.

આ મહિનાની શરૂઆતમાં એક પ્રી-બિડ મીટિંગમાં, સોફ્ટવેર ડિલરોએ અમદાવાદ મ્યુનિસિપલ

કોર્પોરેશન (AMC)ની સ્માર્ટ સિટી ટીમને અપીલ કરી હતી કે આ ઉલ્લંઘનોને શોધવા માટે એઆઈને ટ્રેનિંગ આપવા માટે મોટી માત્રામાં ફૂટેજ લેશે.

બેઠકની મિનિટ્સમાં નોંધવામાં આવ્યું હતું કે સીસીટીવી વીડિયો એનાલિટિક્સ ગ્રાફિક પ્રોસેસિંગ યુનિટ (GPU) વિના ચાલશે નહીં. ડિલરોએ સૂચવ્યું હતું કે જીપીયુને ટેન્ડરમાં શામેલ કરવામાં આવે જેથી કેમેરા ટ્રાફિક ભંગના બનાવોના ફૂટેજનું એનાલિસિસ કરી શકે. એએમસીએ અગાઉ કેમેરા શેરીમાં થૂંકવા સહિત 34 ટ્રાફિક અને નાગરિક ઉલ્લંઘનને શોધી શકે. એએમસીના એક સિનિયર અધિકારીએ જણાવ્યું હતું કે, ડિલરો દ્વારા પ્રાઈવેસીના મુદ્દાઓ ઉઠાવવામાં આવ્યા હતા. કેમકે લોકોનું કલાકો સુધી રેકોર્ડ કરવામાં આવતું હતું અને તેમણે દલીલ કરી હતી કે તેને સર્વેલન્સના કાર્યક્ષેત્રની બહાર રાખવું જોઈએ. ડિલરોએ એમ પણ કહ્યું હતું કે આ કાર્યક્રમ વાહનના ફૂટબોર્ડ્સ પર ઉભેલા મુસાફરોને શોધી શકશે નહીં, કારણ કે ટ્રાન્સપોર્ટના વાહનોમાં વ્યક્તિઓને અલગ પાડવા માટે એલ્ગોરિધમ્સ માટે મુશ્કેલ બની શકે છે.

સાપ્તાહિક રાશિફળ

પંડિત અજય શર્મા

મેષ (અ.લ.ઈ) — મિલકત સંબંધિત કોઈ સમસ્યાનો ઉકેલ આવશે, બધી જવાબદારીઓ તમારા પર લેવાને બદલે, તમારા પરિવારના સભ્યોમાં કેટલાક કામ વહેંચો. આ સાથે તમે અંગત કામમાં સારો સમય પસાર કરી શકશો અને શાંતિ અને સુલેહ-શાંતિનો અનુભવ પણ કરી શકશો.

વૃષભ (બ.વ.ઉ) — આ સપ્તાહે તમારી પ્રતિભા અને જ્ઞાનને અન્ય લોકો સમક્ષ વ્યક્ત કરો. આ સમયનો યોગ્ય ઉપયોગ કરો. યુવા જૂથ તેમના પોતાની કાર્ય તમારી ક્ષમતાને બિલકુલ ઓછી ન થવા દો કારણ કે અત્યારે કરેલી મહેનતનું પરિણામ નજીકના ભવિષ્યમાં આવશે.

મિથુન (ક.છ.ઘ) — કોઈ મૂંઝવણના કિસ્સામાં તમને વરિષ્ઠ લોકો પાસેથી સલાહ મળશે. આધ્યાત્મિક અને ધાર્મિક કાર્યોમાં સમય પસાર કરો જેના કારણે તમે આધ્યાત્મિક શાંતિ અનુભવશો. જો કોઈ સ્થાનાંતરણ સંબંધિત હોય જો કોઈ યોજના બનાવવામાં આવી રહી છે, તો તેને અમલમાં મૂકો.

કર્ક (ડ.હ) — તમારો આત્મવિશ્વાસ મજબૂત રાખો, તમને કેટલીક મોટી તકો મળી શકે છે. કેટલાક સમયથી તમારા મનમાં ચાલી રહેલ કોઈપણ સંઘર્ષનો અંત આવશે. બાળકોની વાતોને શાંતિથી સમજવાની કોશિશ કરો. ઉતાવળમાં લેવાયેલ કોઈપણ નિર્ણય ખોટો પણ હોઈ શકે છે.

સિંહ (મ.ટ) — તમને અચાનક એવા લોકો મળશે જે તમારી પ્રગતિમાં મદદ કરશે. કેટલીક નવી શક્યતાઓ પણ તમારી રાહ જોઈ રહી છે. વિદ્યાર્થીઓને ઇન્ટરવ્યુ અથવા કારકિર્દી સંબંધિત કોઈપણ પ્રવૃત્તિમાં સફળતા મળવાની શક્યતા છે. આ સમયે પોતાના લક્ષ્યને પ્રાપ્ત કરવા માટે અથાક પ્રયત્નો પણ જરૂરી છે.

કન્યા (પ.ઠ.ણ) — સોશિયલ મીડિયા અથવા ફોન કોલ દ્વારા કોઈ મહત્વપૂર્ણ માહિતી મળશે. આ અઠવાડિયું કામનો બોજ ઘણો રહેશે. પરંતુ બધા કાર્ય સમયસર પૂર્ણ કરવાથી અને સફળતા મળવાથી થાકનું વર્ચસ્વ નહીં રહે. પૂર્વજોના મામલામાં વધુ વિવાદાસ્પદ સ્થિતિઓ ઊભી થઈ શકે છે.

તુલા (ર.ત) — આ સપ્તાહે તમારે કેટલીક મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. તમે તમારી કુનેહ અને સમજણ દ્વારા ઉકેલ પણ શોધી શકશો અને તમે એક નવું જીવન શરૂ કરશો. તમે ઉર્જા સાથે તમારા કામ પર ધ્યાન કેન્દ્રિત કરી શકશો. બિનજરૂરી નકારાત્મક વાતોને કારણે મુશ્કેલીમાં મુકાશો.

વૃશ્ચિક (ન.ય) — નજીકના સંબંધી તરફથી સારા સમાચાર મળવાથી પરિવારમાં ખુશીનો માહોલ રહેશે. યુવાનો કુટુંબ સિદ્ધાંતો અને મૂલ્યોનું યોગ્ય સન્માન જાળવશે. આ સમયે બહુ સામાજિકતા ન કરો અને માત્ર તમારા કામ પર ધ્યાન આપો. તમારા શબ્દો અને વર્તનથી કોઈને પણ તકલીફ ન પડે તેનું ધ્યાન રાખો.

ધન (ભ.ધ.ફ) — આ અઠવાડિયે તમારી જાતને માનસિક અને શારીરિક સ્તરે તમે પ્રસન્નતા અનુભવશો અને તમે યોગ્ય નિર્ણયો પણ લઈ શકશો. કોઈની મધ્યસ્થીથી સંબંધિત કામ ઉકેલવાનો પ્રયાસ કરો. નાણાં સંબંધિત મામલાઓમાં પણ કોઈ પર વધારે વિશ્વાસ ન કરો. સંયમ અને ધીરજ જાળવવી જરૂરી છે.

મકર (ખ.જ) — આ સપ્તાહે તમારા કેટલાક અધૂરા કામ ફરી શરૂ થતા જણાય છે. તમને કેટલીક મહત્વપૂર્ણ માહિતી મળશે, જે તમારા ભવિષ્ય માટે લાભદાયી સાબિત થશે. તમારી ભૂતકાળની કેટલીક ખામીઓમાંથી શીખીને તમારી દિનચર્યામાં યોગ્ય ફેરફારો લાવવાનો પ્રયાસ કરો.

કુંભ (ગ.સ.શ.ષ) — સામાજિક પ્રવૃત્તિઓ તરફ તમારો ઝુકાવ રહેશે અને તમારા કામમાં વધુ સક્રિય રહેશો. તમે સિસ્ટમ દ્વારા બીજાના દિલ પણ જીતી શકો છો. મિત્રો અથવા સાથીદારો સાથે ફોન પર કોઈપણ મહત્વપૂર્ણ વાતચીત ફાયદાકારક સાબિત થશે. કોઈપણ પ્રતિકૂળ પરિસ્થિતિમાં સુધારો થશે.

મીન (દ.ચ.ઝ) — તમારી મહેનત અને ક્ષમતા પર વિશ્વાસ રાખો, આનાથી તમે કોઈપણ સમસ્યાને દૂર કરી શકો છો. સમસ્યાનો સરળતાથી ઉકેલ આવશે. ઘરની જાળવણી અને સુધારણા કાર્યની રૂપરેખા પણ બનાવવામાં આવશે. ધ્યાન રાખો કે વધુ પ્રાપ્ત કરવાની ઈચ્છા અને ઉતાવળ નુકસાન પહોંચાડી શકે છે. તેથી, પ્રવર્તમાન સંજોગોમાં સંતુષ્ટ રહેવું તમારા માટે સુખદ રહેશે. વ્યવસાય માટે દિવસ સારો રહેશે.

અમદાવાદના એસજી રોડ અપગ્રેડેશન પ્રોજેક્ટ માટે સર્વિસ લેનનો ભોગ લેવાશે?

સરકારના આર એન્ડ બી વિભાગની દરખાસ્ત એએમસીને મંજૂર નથી

ગુજરાત | વંદન

અમદાવાદને ગાંધીનગર સાથે જોડતા એસજી રોડના (SG Road) અપગ્રેડેશન પ્રોજેક્ટ અંતર્ગત રાજ્યના માર્ગ અને મકાન (આર એન્ડ બી) વિભાગ દ્વારા દરખાસ્ત કરાઈ હતી કે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) હસ્તક આવતા લગભગ 10 થી 15 મીટરની સર્વિસ લેન અને ગ્રીન સ્ટ્રિપનો ઉપયોગ રસ્તાના પુનર્ગઠન માટે કરવામાં આવશે.

જોકે આ ફેરફારો કરવામાં આવે તો ટીપી સ્કીમ્સ માથાનો દુખાવો બનશે કેમકે સર્વિસ લેન સાથે સંકળાયેલી કેટલીક સ્કિમમાં ફેરફાર કરવાની જરૂર પડશે.

વૈષ્ણોદેવી સર્કલથી સરખેજ તરફના અનેક પટ્ટાઓ પર, આવશ્યક પાર્કિંગ સ્પેસ, કાઉન્ટર ટ્રાફિક માટે માર્ગ અને મોલ્સ, શોરૂમ્સ અને વાણિજ્યિક સંસ્થાઓની હારમાળા સુધી પહોંચવાની સુવિધા આપતી સર્વિસ લેન સિક્સલેન અપગ્રેડેશન પ્રોજેક્ટનો ભાગ બની શકે છે.

એએમસીએ આ યોજના સાથે જોકદાર વાંધો ઉઠાવ્યો છે. એએમસી અને અને આર એન્ડ બીમાં રસ્તાની પહોળાઈ અંગે હજુ સંમતિ સધાઇ નથી. એએમસીના એક સિનિયર અધિકારીએ જણાવ્યું હતું કે આર એન્ડ બી વિભાગ સાથે અમે સંમત નથી. જો અમે આર એન્ડ બીની યોજનાને મંજૂરી આપીએ તો અમારે ગ્રીન સ્ટ્રિપ. નાગરિક યુટિલિટીઝ અને સર્વિસ લેનમાં પણ ફેરફાર કરવો પડશે.

વૈષ્ણોદેવી સર્કલથી સરખેજ તરફના અનેક પટ્ટાઓ પર, પાર્કિંગ સ્પેસ, કાઉન્ટર ટ્રાફિક માટે રસ્તા મોલ્સ, શોરૂમ્સ અને કોમર્શિયલ બિલ્ડિંગો સુધી જવાની સુવિધા આપતી સર્વિસ લેન એ સિક્સલેન અપગ્રેડેશન પ્રોજેક્ટનો ભાગ બની શકે છે.

ગાયકવાડ હવેલીના પોલીસ કોન્સ્ટેબલનો આપઘાત

ગુજરાત | વંદન

અમદાવાદનાં રામોલ વિસ્તારમાં રહેતા અને ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનમાં

ફરજ બજાવતા કોન્સ્ટેબલ દ્વારા પોતાનાં ઘરે ગળે ફાંસો ખાઈ આપઘાત કરતા ચકચાર મચી જવા પામી હતી. ત્યારે પોલીસ કોન્સ્ટેબલ કિરણ લકુમે અગમ્ય કારણોસર આપઘાત કરી લેતા પરિવારજનોમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો. મૃતક દ્વારા આપઘાત કરવા પાછળનું કારણ હજુ અકબંધ છે.

પોલીસ કોન્સ્ટેબલ કિરણ લકુમ દ્વારા અગમ્ય કારણોસર ઘરે ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યાની જાણ પરિવાર સહિત પોલીસ બેડામાં થતા પોલીસ બેડામાં તેમજ મિત્ર વર્તુળમાં શોક છવાઈ જવા પામ્યો હતો. ત્યારે મૃતક ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનમાં પીસીઆર 1 માં ફરજ બજાવતો હતો પોલીસ દ્વારા મૃતદેહને પીએમ અર્થે મોકલી કાયદેસરની કાર્યાવાહી હાથ ધરી હતી.

મત્સ્ય બંદર વિકસાવવાના કામો ઓક્ટોબર-2025 માં પૂર્ણ કરાશે

ગુજરાત | વંદન

રાજ્યના મત્સ્યોદ્યોગ મંત્રી રાઘવજી પટેલે જણાવ્યું કે, રાજ્યમાં માછીમારોના સર્વાંગી વિકાસ માટે રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે. રાજ્યમાં ૧,૬૦૦ કિલોમીટર દરિયાકાંઠે માછીમારી પ્રવૃત્તિનો વ્યાપ વધે અને બંદરોનો વિકાસ થાય એ માટે પણ સતત પ્રયાસો ચાલુ છે. તેના ભાગરૂપે વેરાવળ ફેઝ-૨ મત્સ્ય બંદર વિકસાવવાની કામગીરી ઓક્ટોબર-2025 સુધીમાં પૂર્ણ કરાશે.

આજે વિધાનસભા ખાતે વેરાવળ ફેઝ-૨ મત્સ્ય બંદર વિકસાવવાની કામગીરીના પ્રશ્નના પ્રત્યુત્તરમાં મંત્રીએ ઉમેર્યું કે, તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ મત્સ્યોદ્યોગ અને માછીમારોના સર્વાંગી વિકાસ માટે જે પ્રયાસો હાથ ધર્યા હતા જેના પરિણામે આજે મત્સ્ય ઉત્પાદનમાં નોંધપાત્ર વધારો થયો છે. મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ વિવિધ બંદરોના વિકાસની કામગીરી પ્રગતિ હેઠળ છે. ગીર સોમનાથ જિલ્લામાં અંદાજીત રૂપિયા 700 કરોડના ખર્ચે વેરાવળ, સુત્રાપાડા અને માઢવાડ બંદરોના કામો પ્રગતિ હેઠળ છે. આ કામો લાંબાગાળા સુધી માછીમારોને લાભ થાય એ મુજબ ગુણવત્તા યુક્ત થાય એની સંપૂર્ણ તકેદારી રાખવામાં આવે છે.

તેમણે ઉમેર્યું કે, વેરાવળ ફેઝ-૨ પ્રોજેક્ટના વિકાસ થવાથી નવી ૪,૫૦૦ જેટલી બોટોને સુવિધા ઉપલબ્ધ થશે.

સોલા તોડકાંડ બાદ પોલીસ કમિશનર એક્શન મોડમાં

એરપોર્ટ વિસ્તારમાં કડક પેટ્રોલિંગ કરવા આદેશ, નિયમોનો ભંગ કરાશે તો શિક્ષાત્મક પગલા ભરાશે

ગુજરાત | વંદન

અમદાવાદ પોલીસકર્મીઓના તોડકાંડ મામલે ગુજરાત હાઈકોર્ટે નારાજગી વ્યક્ત કરી હતી. આ મામલે હાઈકોર્ટે કડક શબ્દોમાં કહ્યું હતું કે, કાયદાના રક્ષક જ ભક્ષક બને તે વ્યાજબી નથી. હાઈકોર્ટે કહ્યું હતું કે, પોલીસ કોસ્ટેબલ કે કર્મચારીએ ફરજ દરમિયાન વર્દી પહેરવી ફરજિયાત છે. પોલીસ કર્મચારી વર્દી સાથે જ ફરજ સ્થળે હોવા જોઈએ. આ સાથે જ પોલીસકર્મીએ વર્દી સાથે નેમ પ્લેટ પણ રાખવી ફરજિયાત છે. હાઈકોર્ટના કડક આદેશ બાદ હવે પોલીસ વિભાગ એક્શનમાં આવ્યું છે. અમદાવાદ પોલીસ કમિશનર દ્વારા માર્ગદર્શિકા બહાર પાડવામાં આવી છે. જેમાં પોલીસ કમિશનરે સૂચનાની કડક અમલવારી કરવા નિર્દેશ આપ્યા છે.

અમદાવાદ શહેર પોલીસ કમિશનર જી.એસ મલિક દ્વારા બહાર પાડવામાં આવેલી માર્ગદર્શિકામાં જણાવવામાં આવ્યું છે કે, નાયબ પોલીસ કમિશનરોએ વાહન ચેકિંગના પોઈન્ટ ખાસ કરીને અમદાવાદ એરપોર્ટ ખાતેથી અમદાવાદ શહેરમાં પ્રવેશ કરતા રોડ ઉપર આવેલા પોઈન્ટ તેમજ ગુજરાત રાજ્યના અન્ય વિસ્તારમાં જવા અંગેના એસ.પી રિંગ રોડ, એસ.જી હાઈવે, રિવરફ્રન્ટ, આશ્રમ રોડ વગેરે રોડ ઉપર આવેલ પોલીસ પોઈન્ટ, હોમગાર્ડ પોઈન્ટના કર્મચારીઓને અચૂક ચેક કરવા અને વાહન ચેકિંગ દરમિયાન વિદેશ નાગરિકો/ વિદેશ પ્રવાસથી આવેલા

નાગરિકો સાથે સભ્યતાપૂર્વક વર્તન રાખવામાં આવે તે અંગે જરૂરી બ્રિફિંગ કરવું.

આ ઉપરાંત માર્ગદર્શિકામાં જણાવવામાં આવ્યું છે કે, તમામ પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જોએ પો.સ્ટે ખાતે રોલ કોલ રાખી તમામ પોલીસ કર્મચારી તથા હોમગાર્ડ જવાનો નાગરિકો સાથે સભ્ય વર્તન રાખે તે સારુ કડક સૂચના આપવી. સાથે જ નાઈટ રાઉન્ડ ફરજ દરમિયાન તમામ પોલીસ અધિકારી/કર્મચારીઓ તથા હોમગાર્ડ જવાનો નિયત યુનિફોર્મમાં પોતાની નેઈમ પ્લેટ સાથે જ હોવા જોઈએ. તો કોઈ નિયમોનો ભંગ કરશે તો તેમના વિરુદ્ધ શિક્ષાત્મક પગલા ભરાશે.

અત્રે ઉલ્લેખીય છે કે, અમદાવાદ એરપોર્ટથી આવી રહેલા દંપતી પાસેથી 2 ટ્રાફિક પોલીસ અને એક TRB જવાને 60 હજાર રૂપિયાનો તોડ કર્યો હોવાનું સરકારે ગુજરાત હાઈકોર્ટમાં સ્વીકાર્યુ હતું. સરકારે હાઈકોર્ટમાં સુનાવણી દરમિયાન કહ્યું હતું કે, આ પોલીસકર્મીઓએ તોડ કર્યાના પુરાવા મળ્યા છે. ઓગણજ ટોલ બુથના CCTVમાં પુરાવા મળ્યા છે. જેથી 2 પોલીસકર્મીઓને સસ્પેન્ડ કરાયા છે, જ્યારે એકને નોકરીમાંથી બરતરફ કરાયો છે.

અમદાવાદ સેશન્સ કોર્ટે કેજરીવાલ, સંજયસિંહની સમન્સ રદ કરવાની રિવિઝન અરજી ફગાવી

» વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ડિગ્રી માંગવાનો કેસ

ગુજરાત | વંદન

અમદાવાદ સેશન્સ કોર્ટે ગુજરાત યુનિવર્સિટી માનહાની કેસમાં દિલ્હીના સીએમ કેજરીવાલ અને આમ આદમી પાર્ટીના સાંસદ સંયજસિંહને ઝટકો આપ્યો છે. સેશન્સ કોર્ટે બંનેની મેટ્રો કોર્ટના સમન્સ રદ કરવાની રિવીઝન અરજી ફગાવી દીધી છે. હવે બંને આરોપી પાસે હાઈકોર્ટ જવાનો વિકલ્પ બચ્યો છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ડિગ્રી માંગવાના કેસમાં ગુજરાત યુનિવર્સિટી દ્વારા માનહાનિનો કેસ દાખલ કરાયો છે. આ અરજી પર કોર્ટે સમન્સ ઈસ્યુ કર્યા હતા. કેજરીવાલ અને સંજયસિંહે આ સમન્સના આદેશને સેશન્સ કોર્ટમાં પડકાર્યો હતો. જેથી આજની સુનાવણીમાં કોર્ટે બંનેની અરજી ફગાવી દીધી હતી.

અમદાવાદ સેશન્સ કોર્ટમાં આજે કેજરીવાલ અને સંજયસિંહની રિવીઝન અરજી પર સુનાવણી હાથ ધરાઈ હતી. જેથી હવે બંને પાસે માત્ર હાઈકોર્ટમાં જવાનો વિકલ્પ ખુલ્લો છે. 23 સપ્ટેમ્બરની મેટ્રો કોર્ટની મુદતમાં વધુ કાર્યવાહી ચાલશે. જેમાં સાક્ષીઓને તપાસવાની કાર્યવાહી કરાશે. મેટ્રો કોર્ટમાં કેજરીવાલ અને સંજયસિંહના વકિલે અંડરટેકિંગ આપતાં બંને જણાએ કોર્ટમાં ઉપસ્થિત રહેવામાંથી રાહત મળી છે. બંનેની રિવીઝન અરજી

પર સેશન્સ કોર્ટે અગાઉ તેમના વકીલને અઢી કલાક સુધી સાંભળ્યા હતાં. જ્યારે ફરિયાદી પક્ષના વકીલે અડધો કલાક જેટલી દલીલો કરી હતી. હવે મેટ્રો કોર્ટમાં વધુ કાર્યવાહી ચાલશે અને બંને આરોપીઓ સામે હાઈકોર્ટનો વિકલ્પ ખુલ્લો છે.

શબ્દોની સંતાકૂકડી 79 — સાપ્તાહિક ગુજરાત વંદન



ઊભી ચાવી

(1) કાપડ કે કાગળ વગેરેને ડ્રૂયો કરવાથી કે સંકેલવાથી તેમાં પડતી રેખા [4]
(2) વનસ્પતિમાં રોગ ઉત્પન્ન કરતી એક જીવાત [2]
(3) લખાણ, ટૂંકો નિબંધ [2]
(4) દીકરો, પુત્ર, વત્સ [3]
(6) બોલ, શબ્દ [2]
(9) દિલગીરી, શોક [4]
(11) વિશ્વાસઘાત, છળ, કપટ [2]
(12) ગયેલું, વીતી ચૂકેલું [2]
(13) નાની ઓરડી [3]
(14) દાદાની પત્ની, પિતામહી [3]
(17) હાથ, હસ્ત [2]

આડી ચાવી

(2) મસાલાવાળું, સ્વાદિષ્ટ, ચટાકેદાર [5]
(5) મકાનના આગળના ભાગમાં ખુલ્લી નાની જગ્યા [3]
(7) રાસભ, ગધેડો, ગર્દભ [2]
(8) પંખીઓને ચણવા માટે નખાતું અનાજ [2]
(10) લંબાઈ, પહોળાઈ અને જાડાઈથી બનતો ઘેરાવ [2]
(12) સજાગ શબ્દ આડાઅવળો થયો છે [3]
(13) જમીન કે પર્વતમાં ઊંડો પહોળો ખાડો કે બખોલ [3]
(15) આકાર, દેખાવ [2]
(16) નસીબ, કિસ્મત, ભાગ્ય [4]
(18) યુનિવર્સિટીની કોઈપણ વિદ્યાશાખાનો અધ્યક્ષ [2]
(19) સુંદર સ્ત્રી, લક્ષ્મી, વિષ્ણુની પત્ની [2]

શબ્દોની સંતાકૂકડી-78નો ઉકેલ

શબ્દોની સંતાકૂકડી-79 નો ઉકેલ આવતા અંકે

સુડોકુ — કોયડો નં. 81 — સાપ્તાહિક ગુજરાત વંદન

		7	6		2		8	
3	9			4				2
	1							3
9	6						7	
			5	8		9		1
2		8		7	1			4
			3			2	4	8
6				9	4		1	7
4		3	2			5		6

ખાનાઓમાં એકથી નવના આંક એ રીતે ગોઠવાયેલા છે કે ઊભી, આડી રોમાં એક આંક એક જ વાર આવે. તે જ રીતે દરેક કોર્નરમાં નવના ચોકઠામાં પણ એકથી નવના આંક એક એકવાર જ આવવા જોઈએ. નમૂના માટે કેટલાક આંક મૂકાયા છે. ખાલી ખાનાં હવે તમે તર્ક લગાડીને ભરી કાઢો.

સુડોકુ-81નો ઉકેલ

5	4	7	6	3	2	1	8	9
3	9	6	1	4	8	7	5	2
8	1	2	7	5	9	4	6	3
9	6	1	4	2	3	8	7	5
7	3	4	5	8	6	9	2	1
2	5	8	9	7	1	6	3	4
1	7	9	3	6	5	2	4	8
6	2	5	8	9	4	3	1	7
4	8	3	2	1	7	5	9	6

નવ નિર્માણ પામેલ બિલ્ડીંગમાં અત્યાધુનિક સુવિધાવાળા 52 કોર્ટ રૂમ તૈયાર...

ગાંધી જયંતિએ રાજકોટમાં નવી ડિસ્ટ્રીક્ટ કોર્ટનું ઉદ્ઘાટન કરવા હાઈકોર્ટને વિનંતી

ગુજરાત | વંદન

2જી ઓક્ટોબર ગાંધી જયંતિએ રાજકોટના નવા કોર્ટ બિલ્ડીંગનું ઉદ્ઘાટન કરવા વિચારણા ચાલી રહી છે. ઘણા સમયથી નવનિર્માણ પામેલ કોર્ટ બિલ્ડીંગના ઉદ્ઘાટનની રાહ જોવાય રહી છે ત્યારે એડવોકેટની આતુરતા અંત તરફ છે. નવી કોર્ટમાં હવે ફર્નિચરનું પરચુરણ કામ જ બાકી રહ્યું છે ત્યારે રાજકોટ બારના પ્રમુખ સહિતનું વકીલોનું પ્રતિનિધિ મંડળ હાઈકોર્ટના ચીફ જસ્ટિસને મળ્યું હતું.

ઉદ્ઘાટનની સૂચિત તારીખ 2 ઓક્ટોબર રાખવા અંગે ચર્ચા થયાનું સૂત્રો જણાવી રહ્યા છે. 100 કરોડથી વધુની ગ્રાન્ટનું કામ હોવાથી કેન્દ્રીય મંત્રી, સુપ્રીમ કોર્ટના જજીસ પણ કાર્યક્રમમાં ભાગ લઈ શકે છે. જેથી તેઓની હાજરી માટે 'તારીખ મેળ' કરવા પ્રયત્નો થઈ રહ્યા છે.

રાજકોટમાં જામનગર હાઈવે પર નાગેશ્વર મંદિર વિસ્તાર સામે ગોડાઉન રોડ પર ભવ્ય અને વિશાળ જગ્યામાં કોર્ટ બીલ્ડિંગ નિર્માણ પામ્યું છે. અગાઉ વકીલો માટે પૂરતી સુવિધા ન હોવાને કારણે રાજકોટ બાર એસોસિએશન દ્વારા ડિસ્ટ્રીકટ જજ, યુનિટ જજ અને હાઈકોર્ટના ચીફ જસ્ટિસને રજૂઆત કરવામાં આવી હતી અને જે રજૂઆત મુખ્યમંત્રી કાર્યાલય સુધી પહોંચી હતી અને વકીલો માટે નવા કોર્ટ બિલ્ડીંગની પાસે જ ખાસ અલગથી બિલ્ડીંગ બને તેવો હકારાત્મક અભિગમ મળતા વકીલોએ સંતોષ વ્યક્ત કર્યો હતો. હાલ નવું કોર્ટ બિલ્ડીંગ તૈયાર થતાની સાથે જ હાલની કોર્ટનું સ્થળાંતર ટૂંક સમયમાં થઈ રહ્યું હોવાની વકીલોમાં ચર્ચા વહેતી થઈ છે.

નવનિર્માણ પામેલા કોર્ટ બિલ્ડીંગમાં ફર્નિચરનું કામ જ બાકી છે અને તે પણ પૂર્ણતાના આરે છે. ત્યારે ગઈકાલે રાજકોટ બાર એસોસિએશનનું પ્રતિનિધિ મંડળ ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસ સુનીતા અગ્રવાલને

મળવા માટે પહોંચ્યુ હતું. અને જ્યાં બે ઓક્ટોબરના રોજ ગાંધી જયંતીના દિવસે નવા કોર્ટ બિલ્ડીંગનું ઉદ્ઘાટન કરવામાં આવે તેવી ચર્ચા થઈ હતી. હવે આ કાર્યક્રમમાં હાજરી આપનાર મહાનુભાવોનો સમય મેળવવા અને તમામ મહાનુભાવો, મુખ્ય મહેમાનોનો સમય મેળ કરવા પ્રયત્ન થઈ રહ્યા છે.

અત્યાધુનિક સુવિધાવાળા 52 કોર્ટ રૂમ તૈયાર નવ નિર્માણ પામેલ કોર્ટ બિલ્ડીંગમાં અત્યાધુનિક સુવિધા વાળા 52 કોર્ટ રૂમ તૈયાર છે. સાથે વિશાળ જગ્યામાં પાર્કિંગ સહિતની તમામ સુવિધા છે. રાજકોટ ડિસ્ટ્રિકટ કોર્ટનું નવું બિલ્ડિંગ રાજકોટના ઘંટેશ્વર વિસ્તારમાં આવેલી વિશાળ જગ્યા પર બનીને તૈયાર થઈ ગયું છે.

સ્વામિનારાયણ સંતોના બફાટ પર સાંસદ રમેશ ધડૂક ઉવાચ

'કોઈ એક સાધુ બોલે એમાં આખો સ્વામિનારાયણ સંપ્રદાય નથી આવતો'

ગુજરાત | વંદન

હાલમાં સાળંગપુર મંદિરમાં હનુમાનજીની પ્રતિમાની નીચેના ભીંત ચિત્રોને લઈને વિવાદનો વંટોળ ઉઠ્યો હતો. ભક્તો, હિન્દુ સંગઠનો અને સંત સમાજના વિરોધ બાદ આખરે વિવાદિત ચિત્રોને મંદિર પ્રશાસન દ્વારા હટાવી લેવામાં આવ્યા હતા. ત્યારે હાલમાં સ્વામિનારાયણના સંત દ્વારા ખોડિયાર માતા પર વાણી વિલાસ કરતું નિવેદન અપાયું હતું. જેને લઈને લોકોમાં રોષ છે ત્યારે પોરબંદરથી ભાજપના સાંસદ રમેશ ધડૂકનું નિવેદન હવે સામે આવ્યું છે.

સાંસદ રમેશ ધડૂકે કહ્યું કે, કોઈ ટિપ્પણી કરવી જોઈએ નહીં, ધર્મમાં બધા જાણે છે કે કોણ મોટું છે. મહાદેવ મોટા છે, કૃષ્ણ મોટા છે, હનુમાનજી મોટા છે, બધા જાણે છે. બધા ધર્મો પોતાના ભગવાન માટે કામ કરે છે. તેમાં રાજકારણ ન લાવવું જોઈએ. ખોટો વિવાદ ન સર્જવો જોઈએ. સ્વામિનારાયણ ધર્મ, આ વૈષ્ણવ ધર્મ છે, દરેક વ્યક્તિ પોતપોતાની રીતે ભગવાનની સેવા કરે છે, ભગવાનમાં વિશ્વાસ કરો. અને તેમાં રાજકારણ લાવશો તો કોઈપણ ધર્મને નુકસાન થશે, આવી વિનંતીઓ કોઈને દુઃખી કરવા ન કરવી જોઈએ, અંતે તો ભગવાન એક જ છે.

તેમણે આગળ કહ્યું, આ મારી અપીલ છે કે જો સ્વામિનારાયણ સંપ્રદાયના કોઈ એક સંતે કહ્યું હોય કે તે સમગ્ર સ્વામિનારાયણ સંપ્રદાયનો કોઈ એક સાધુ બોલે તો તેમાં સમગ્ર સ્વામિનારાયણ સંપ્રદાય નથી આવતો. તેને પર્સનલ ન લેવું જોઈએ. ખોડિયાર માતાજી પર બોલ્યા છે આવું તેમણે ન કરવું જોઈએ. આનો મતલબ એવો નથી કે આખો સ્વામિનારાયણ સંપ્રદાય ખરાબ છે.

આણંદમાં સેવા સેતુના કુલ આઠ તબક્કામાં ૯૯ ટકા અરજીઓનો હકારાત્મક નિકાલ

ગુજરાત | વંદન

ગુજરાતમાં સેવા સેતુ કાર્યક્રમના માધ્યમથી ગ્રામીણ વિસ્તારમાં વિવિધ સરકારી સેવાઓ-યોજનાઓના લાભ નાગરિકોના ઘર સુધી પહોંચાડવા ગુજરાત સરકાર પ્રતિબદ્ધ છે, તેમ ધારાસભ્ય શ્રી દ્વારા પૂછાયેલા પ્રશ્નનો વિધાનસભા ગૃહમાં મુખ્યમંત્રી વતી જવાબ આપતા આરોગ્ય મંત્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું હતું.

આણંદ જિલ્લાના ગ્રામીણ વિસ્તારોમાં તા. ૩૧ માર્ચ ૨૦૨૩ની સ્થિતિએ સેવા સેતુ કાર્યક્રમના કુલ આઠ તબક્કામાં આવેલી તમામ અરજીઓનો હકારાત્મક નિકાલ એટલે કે ૯૯.૮૮ ટકા પ્રશ્નોનો નિકાલ કરવામાં આવ્યો છે.

મંત્રીએ વિધાનસભા ગૃહમાં પેટલાદના ધારાસભ્ય કમલેશ પટેલ દ્વારા પુછાયેલા પ્રશ્ન અંગે વધુ વિગતો આપતા કહ્યું હતું કે, માર્ચ ૨૦૨૩માં છેલ્લા એક વર્ષમાં આણંદ જિલ્લામાં સેવા સેતુ અંતર્ગત આઠમા તબક્કામાં ૫૬ કાર્યક્રમો યોજાયા હતા, જેમાં ૫૬ સેવાઓ આવરી લેવામાં આવી હતી. આ કાર્યક્રમ હેઠળ ગ્રામીણ વિસ્તારમાંથી ૨.૨૮ લાખ અરજીઓ પૈકી તમામ અરજીઓનો એટલે કે, ૧૦૦ ટકા અરજીઓનો હકારાત્મક નિકાલ કરવામાં આવ્યો છે તેમ,મંત્રીએ ગૃહમાં ઉમેર્યું હતું.

નવરાત્રી-દિવાળી તહેવારો પૂર્વે રાજકોટને ભેટ: લાંબા અંતરની છ વધુ ટ્રેનો મળી

ગુજરાત | વંદન

સૌરાષ્ટ્રના પાટનગર ગણાતા રાજકોટ ખાતે તાજેતરમાં નવું ઈન્ટરનેશનલ એરપોર્ટ કાર્યરત થતા દેશના અનેક મેટ્રો શહેરને જોડતી હવાઈ સેવા કાર્યરત છે બીજી તરફ રાજકોટ રેલવે ડિવિઝનમાં ડબલ ટ્રેકમાં ઈલેકટ્રીફીકેશન કામગીરી પૂર્ણ થયા બાદ રાજકોટને વધુ છ નવી લાંબા અંતરની ટ્રેન ફાળવવામાં આવતા સૌરાષ્ટ્રવાસી મુસાફરો-પર્યટકોને આ રેલ સેવા ઉપયોગી નિવડશે.

સૌરાષ્ટ્રનાં જિલ્લાઓને લાંબા અંતરની ટ્રેનો ફાળવવા વખતો વખત ઉઠેલી માંગણીને ધ્યાને લઈ રેલવે તંત્રએ અમદાવાદથી ઉપડતી છ જેટલી લાંબા રૂટની ટ્રેનોને રાજકોટ સુધી લંબાવવાનો નિર્ણય લેતા મુસાફરોને પરિવહન સુવિધામાં વધારો થશે.

કેન્દ્રીય રેલ રાજયમંત્રી દર્શના જરદોશની જાહેરાત મુજબ સૌરાષ્ટ્રના લોકોને સુવિધા રહે તે માટે અમદાવાદથી ઉપડતી પટના, પ્રયાગરાજ, કોલકતા, કોલ્હાપુર, નાગપુર, હઝરત નિઝામુદ્દીન સંપર્ક ક્રાંતિ એકસપ્રેસ ટ્રેનોને રાજકોટ સુધી લંબાવવામાં આવશે.

આગામી દિવસોમાં નવરાત્રી અને દિવાળી વેકેશનનાં તહેવારો પૂર્વે જ રાજકોટ સહિતના સૌરાષ્ટ્રવાસી મુસાફરો, પર્યટકોને હવે રાજકોટથી પટના, પ્રયાગરાજ, કોલકતા, નાગપુર સહિતના ધર્મસ્થાનો અને મેટ્રો શહેરને જોડતી રેલ સેવા ઘર આંગણે ઉપલબ્ધ થતા મુસાફરોમાં આનંદ છવાયો છે.

સૌરાષ્ટ્રના પાટનગરમાં પરિવહન માટે હવાઈ, ટ્રેન, એસ.ટી. બસની સેવામાં પણ ઉમેરો થતાં આગામી તહેવારોમાં પર્યટકો-પ્રવાસીઓને દેશભરના વિવિધ સ્થળોએ પહોંચવા (આવવા-જવા) અનુકુળતા રહેશે.

રાજકોટને લાંબા અંતરની વધુ ટ્રેનો ફાળવવા અવાર નવાર ઉઠેલી માંગને ધ્યાને લઈ રેલ મંત્રાલયે રાજકોટને લાંબા અંતરની વધુ છ જેટલી ટ્રેનો ફાળવતા સૌરાષ્ટ્રવાસીઓને રેલ સેવા ઉપયોગી નિવડશે. પરિવહન ક્ષેત્રે સૌરાષ્ટ્રવાસીઓને પાટનગર રાજકોટ સુવિધાજનક બન્યું છે. અહીંથી હવાઈ, ટ્રેન અને એસ.ટી. બસ સેવા મુસાફરો-પર્યટકો માટે વધુ સુવિધાજનક બની છે. ત્યારે વધુ છ નવી ટ્રેનો મળતા સેવામાં વધારો થયો છે.

અમદાવાદથી રાજકોટ સુધી લંબાવેલ ટ્રેનો નામ અને સંખ્યા

સૌરાષ્ટ્રના લોકોને સુવિધા રહે એ હેતુથી અમદાવાદથી ઉપડતી ટ્રેનોને રાજકોટ સુધી લંબાવવામાં આવી છે. જેમાં (1) ટ્રેન નં.19421/22

અમદાવાદ-પટના એકસપ્રેસ (2) ટ્રેન નં.22967/68 અમદાવાદ-પ્રયાગરાજ એકસપ્રેસ (3) ટ્રેન નં.19413/14 અમદાવાદ-કોલકાતા એકસપ્રેસ ટ્રેન (4) નં.11049/50 અમદાવાદ-કોલ્હાપુર એકસપ્રેસ, (5) ટ્રેન નં. 22137/38 નાગપુર અમદાવાદ એકસપ્રેસ (6) ટ્રેન નં.12917/18 અમદાવાદ-હઝરત નિઝામુદ્દીન સંપર્ક ક્રાંતિ એકસપ્રેસનો સમાવેશ થાય છે.

જામનગરની જીજી હોસ્પિટલમાં ચાલુ ઓપરેશને ફોટા પાડનાર બે ડોક્ટરો સસ્પેન્ડ

ગુજરાત | વંદન

જામનગરની એક હોસ્પિટલના બે ડોક્ટરોને ચાલુ ઓપરેશને ફોટા પાડવા અને ત્યારબાદ તે સોશિયલ મીડિયામાં વાયરલ કરવા ભારે પડ્યું છે. પ્રાપ્ત માહિતી અનુસાર જામનગરની જીજી હોસ્પિટલમાં ચાલુ ઓપરેશન એ ફોટોગ્રાફી કરી અને સોશિયલ મીડિયામાં વાયરલ કરી હતી. આટલી ગંભીર બેદરકારી સામે આવતા બંને ડોક્ટરોને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે તેમજ સમગ્ર મામલે એક સમિતિની પણ રચના કરવામાં આવી છે, જેમાં ત્રણ ડોક્ટરની નિમણૂક કરવામાં આવી છે.

જામનગરની જીજી હોસ્પિટલના નોડલ ઓફિસર એસએસ ચેટરજીએ વિગત આપતા જણાવ્યું કે, બંને ડોક્ટરો દ્વારા જે ફોટો સેશન્સ કરવામાં આવ્યું છે તે નિયમની વિરુદ્ધ છે અને બંને ડોક્ટર વિરુદ્ધ પગલાં પણ લેવામાં આવ્યા છે જેથી આગામી દિવસોમાં કોઈ ડોક્ટર આવું કૃત્ય કરે નહીં. મેડિકલના નિયમ મુજબ આવી રીતે ચાલુ ઓપરેશનના ફોટા મૂકી શકાતા કે પાડી શકાતા નથી. જામનગર શહેરની સરકારી અને સૌરાષ્ટ્રની સૌથી મોટી જીજી હોસ્પિટલમાં 4 દિવસ પહેલા એક મહિલાને બ્રેઈન સ્ટ્રોકનો હુમલો આવતા ગંભીર હાલતમાં તેણીને જીજી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી જ્યાં મોડી રાત્રે તેના પર સર્જરી કરવામાં આવી હતી.

ન્યુરોસર્જન તેમજ અન્ય ડોક્ટર જેમાં ડો.પ્રતિક તેમજ ડો. ઈશ્વર હાજર હતા. તેમણે ચાલુ ઓપરેશને મહિલાનું મગજ ખૂલેલી હાલતમાં તેની સાથે પોતાના ફોટા પડાવ્યા હતા. તેમજ ઓપરેશન સફળ થયું હોય તેમ સફળતાના સંકેત દેખાડતા ચાલુ ઓપરેશને ફોટા મોબાઈલમાં પાડ્યા હતા. એટલું જ નહીં તેમણે આ ફોટા પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટમાં પણ પોસ્ટ કર્યા હતા. જે સામે આવતા ભારે હોબાળો મચી જવા પામ્યો છે.

પાટણમાં ભાજપે 10 બળવાખોર સભ્યોને સસ્પેન્ડ કર્યા

ગુજરાત | વંદન

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં હાલમાં હોદ્દાઓ પર નિમણૂંકો થઈ રહી છે. બીજી બાજુ કેટલીક સંસ્થાઓમાં ગળાકાપ સ્પર્ધા હોવાથી ભાજપ કોંગ્રેસના સભ્યોને ફોડીને સત્તા હાંસલ કરી રહી હોવાનો કોંગ્રેસે આક્ષેપ કર્યો છે.

પાટણ જિલ્લાની બે તાલુકા પંચાયતોમાં ભાજપના 10 બળવાખોર સભ્યોને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યાં છે. તાલુકા પંચાયતના પક્ષના મેન્ડેટ વિરૂદ્ધ મતદાન કરવા મુદ્દે જિલ્લા ભાજપે કાર્યવાહી કરી છે. જેમાં હારીજ તાલુકા પંચાયતના હેતલ ઠાકોરને સસ્પેન્ડ કરવામાં આવ્યાં છે.

ડે-નાઈટ મેચ બપોરે 1-30 વાગ્યાથી શરૂ થશે

રાજકોટમાં હવે ક્રિકેટ ફિવર છવાશે 27મીએ ભારત-ઓસ્ટ્રેલિયાનો વન-ડે જંગ

ગુજરાત | વંદન

એશીયાકપ વન-ડે ક્રિકેટ ટુર્નામેન્ટનો રોમાંચ ચાલી જ રહ્યો છે અને હવે આવતા સપ્તાહથી રાજકોટ ભારત અને ઓસ્ટ્રેલીયા વચ્ચે રમાનારા વન-ડે મેચનો ક્રિકેટ ફિવરમાં જકડાવા લાગવાના એંધાણ છે. 27 મી સપ્ટેમ્બરે રાજકોટમાં રમાનારા આ મેચ માટેની ટીકીટનું વેચાણ 17 મીથી શરૂ થશે. આવતા મહિનાથી શરૂ થનારા વર્લ્ડ-કપ પૂર્વેનો અંતિમ મેચ હોવાથી વિશ્વભરના ક્રિકેટ રમતા દેશો તથા ક્રિકેટ પ્રેમીઓની નજર રહેવાનું સ્પષ્ટ છે.

એશીયાકપની સમાપ્તી બાદ આવતા સપ્તાહે વન-ડે શ્રેણી રમવા માટે ઓસ્ટ્રેલીયાની ટીમ ભારત આવવાની છે. બન્ને દેશો વચ્ચે 3 મેચોની આ વન-ડે સીરીઝ છે. પ્રથમ મેચ મોહાલીમાં તથા બીજો વન-ડે ઈન્દોરમાં રમાવાનો છે.ત્રીજો વન-ડે 27 મી સપ્ટેમ્બરે રાજકોટમાં રમાશે. સીરીઝનો તથા આઈસીસી વર્લ્ડકપ પૂર્વેનો આ આખરી મેચ હશે. એટલે બન્ને દેશોનાં ખેલાડીઓનાં પરફોર્મન્સ, બન્ને ટીમોની રણનીતિ વગેરે પર અન્ય ટીમો તથા ક્રિકેટ રસીયાઓની નજર રહેવાનું સ્વાભાવિક છે. 27મીના વન-ડે મેચ પૂર્વે ભારત અને ઓસ્ટ્રેલીયા એમ બન્ને દેશોની ટીમો 25 મીએ રાજકોટ આવી જવાની અને બે બે વખત નેટ પ્રેકટીસ કરે તેવી સંભાવના છે. ડે-નાઈટ વન-ડે મેચ હોવાથી તે બપોરે 1-30 વાગ્યાથી શરૂ થશે. સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસીએશનનાં સુત્રોએ કહ્યું કે દર્શકોને સવારે 11-30 વાગ્યાથી સ્ટેડીયમમાં એન્ટ્રી મળશે. આ મેચ માટે ટીકીટનું વેંચાણ આગામી રવિવારને 17 મી સપ્ટેમ્બરથી શરૂ થશે. રૂા.1500 થી માંડીને રૂા.10,000 સુધીના ટીકીટના દર નકકી કરવામાં આવ્યા છે. 17મીથી પેટીએમ એપ, પેટીએમ ઈનસાઈડર એપ તથા વેબ મારફત ટીકીટ ઉપલબ્ધ બનશે.

અનુસંધાન પેજ 12 પરથી...

રક્તદાન- મેડિકલ...

જનતા પાર્ટી દ્વારા પ્રયત્ન કરવામાં આવશે. રાજ્યના દરેક જિલ્લાઓમાં આવેલા વૃદ્ધાશ્રમોમાં જઈ તેઓને એક સમયનું ભોજન મળી રહે તે માટેની વ્યવસ્થા કરવામાં આવી છે. ટીબીના દર્દીઓને ટી.બી.મુક્ત કરવા ખાસ કિટનું વિતરણ પણ કરવામાં આવશે. આમ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસની ઉજવણી પખવાડિયા સેવાકીય પ્રવૃત્તિ દ્વારા કરવાનો નિર્ણય ભાજપ પ્રદેશ તરફથી કરવામાં આવ્યો છે.

રાજ્યમાં 17મીથી...

સરક્યુલેશન પણ સક્રિય છે. જે આગામી 24 કલાકમાં પશ્ચિમ-ઉત્તર-પશ્ચિમ દિશામાં આગળ વધશે અને મધ્ય ભારત થઈને ગુજરાત ઉપરથી પસાર થશે.

તેમજ મોનસૂન ટ્રફ તેની સામાન્ય સ્થિતિ કરતાં દક્ષિણમાં એટલે કે રાજસ્થાન અને મધ્યપ્રદેશ થઈને પસાર થશે. જેની અસરોથી 17થી 22 સપ્ટેમ્બર દરમિયાન સમગ્ર રાજ્યમાં ફરીથી ચોમાસું સક્રિય થતાં સાર્વત્રિક હળવોથી મધ્યમ વરસાદ પડશે. જ્યારે અમદાવાદમાં 17થી 19 સપ્ટેમ્બર દરમિયાન 3થી 5 ઈંચ મધ્યમથી ભારે વરસાદ પડશે. જોકે, લો-પ્રેશરની સિસ્ટમના ટ્રેકને આધારે વરસાદનું પ્રમાણ ઓછું-વત્તું રહી શકે છે.

અમદાવાદ મ્યુનિસિપલ...

બોર્ડ લગાવવામાં આવ્યા છે, તે તમામ વાદળી કલરના છે. મેયર સહિતના પાંચેય પદાધિકારીઓની નેમ પ્લેટ આજ દિન સુધી વાદળી કલરની હતી. જેને બદલીને હવે ભગવા કલરની કરવામાં આવતા ચર્ચાનો વિષય બન્યો છે. મેયર, ડેપ્યુટી મેયર અને સ્ટેન્ડિંગ ચેરમેનની ઓફિસમાં વિપક્ષથી લઈ તમામ પ્રકારના નાગરિકો પોતાની સમસ્યા લઈને આવતા હોય છે ત્યારે આવો ભગવા કલરનો રંગની નેમ પ્લેટ આવતા કોઈ પક્ષની ઓફિસમાં જતા હોય એવો આભાસ ઊભો કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો હોવાની ચર્ચા છે.

ખાનગી વીજ...

ત્રણેય કંપનીના ભાવમાં ભારે તફાવત જોવા મળ્યો હતો. તે પછી ઓગષ્ટ 2022થી જુલાઈ 2023 સુધીમાં એસ્સાર પાવર સહિત ચાર કંપની પાસેથી એક વર્ષમાં કુલ 2621 કરોડની (પ્રોવિઝનલ) ફિક્સ ચાર્જ તરીકે વીજ ખરીદી થઈ હતી.

અનુસંધાન પેજ 1 પરથી...

13,000 કરોડની...

આ યોજના અંતર્ગત લુહાર, કુંભારો, ચણતર, ધોબી, પુષ્પવિક્રેતા, માછલીની જાળી વણનાર, તાળા બનાવનાર, શિલ્પકારો વગેરેની ગણતરી કેન્દ્ર સરકારની આ યોજનાનો લાભ મેળવનાર સંભવિત કારીગરોમાં થાય છે. કેન્દ્રીય મંત્રી વૈષ્ણવે કહ્યું કે ગ્રામીણ અર્થવ્યવસ્થામાં આ લોકોનું ખૂબ મહત્વનું યોગદાન છે. માટે જ કેન્દ્ર સરકારે તેમને ધ્યાનમાં રાખીને આ યોજના શરૂ કરી છે.

પીએમ વિશ્વકર્મા યોજના હેઠળ, વધુ કૌશલ્ય કેવી રીતે વિકસાવી શકાય તેના પર ધ્યાન આપવામાં આવશે અને પરંપરાગત કામદારોને નવા પ્રકારના ઉપકરણો અને ડિઝાઈન વિશે માહિતી મળશે આ યોજના હેઠળ પરંપરાગત કામદારોને આધુનિક સાધનોની ખરીદીમાં પણ મદદ કરવામાં આવશે. યોજના હેઠળ, બે પ્રકારના કૌશલ્ય વિકાસ અભ્યાસક્રમો છે. જેમાં પ્રથમ છે મૂળભૂત અને બીજો અદ્યતન છે. કોર્સ કરનારા કામદારોને સરકાર દ્વારા રોજના રૂપિયા સ્ટાઈપેન્ડ આપવામાં આવશે.

એશિયા કપ...

લક્ષ્યાંક મળ્યો હતો. શ્રીલંકાએ 42 ઓવરમાં 8 વિકેટ ગુમાવીને જીત મેળવી હતી. શ્રીલંકાને છેલ્લા 2 બોલમાં 6 રનની જરૂર હતી. ચારિથ અસલંકાએ આગલા બોલ પર ચોગ્ગો ફટકારી અને છેલ્લા બોલ પર 2 રન લઈને ટીમને રોમાંચક વિજય અપાવ્યો. ટીમ 11મી વખત વન-ડે એશિયા કપની ફાઈનલમાં પહોંચી છે.

'PM મોદી...

યાદી બહાર પાડવી એ નાઝીઓનું કામ કરવાની રીત છે. તેમણે એવો પણ આક્ષેપ કર્યો હતો કે વિપક્ષી ગઠબંધન 9 ચેનલોના 14 એન્કરનો બહિષ્કાર કરીને મીડિયાને ધમકી આપી રહ્યું છે.

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર જેપી નડ્ડાને સંબોધતા સિદ્ધારમૈયાએ લખ્યું, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ છેલ્લા 10 વર્ષમાં એક પણ પ્રેસ કોન્ફરન્સને સંબોધીને દરેક ભારતીય પત્રકારનો બહિષ્કાર કર્યો છે. એટલું જ નહીં, કોંગ્રેસ નેતાએ વધુમાં કહ્યું કે, એક રાજકીય પક્ષનું મુખપત્ર બનીને મીડિયાની નીતિમત્તા સાથે ચેડા કરનારા 14 એન્કરનો બહિષ્કાર કરવો કેવી રીતે ખોટું હોઈ શકે.

બીજેપીના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડાએ ભારત ગઠબંધન પર આરોપ લગાવતા એમ પણ કહ્યું હતું કે અત્યારે પણ આ પાર્ટીઓમાં ઈમરજન્સીના સમયની માનસિકતા છે. પંડિત નેહરુએ વાણી સ્વાતંત્યને નબળું પાડ્યું. ઈન્દિરા ગાંધી આ પ્રકારનું કામ કરવા માટે સુવર્ણ ચંદ્રક વિજેતા હતા અને

રાજીવ ગાંધીએ મીડિયાને નિયંત્રિત કરવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ તે ખરાબ રીતે નિષ્ફળ રહ્યા હતા.

ઈન્ડિયા એલાયન્સ દ્વારા નિર્ણય લેવામાં આવ્યો છે કે ટીવી એન્કર ચિત્રા ત્રિપાઠી, સુધીર ચૌધરી, સુશાંત સિંહ, રૂબિકા લિયાકત, પ્રાચી પરાશર, નાવિકા કુમાર, ગૌરવ સાવંત, અશોક શ્રીવાસ્તવ, અર્ણવ ગોસ્વામી, આનંદ નરસિમ્હન, ઉમેશ દેવગન, અમન. ચોપરા અને અદિતિ ત્યાગીના શોમાં કોઈપણ પક્ષ તેના પ્રવક્તાને મોકલશે નહીં. કોંગ્રેસ પ્રવક્તા પવન ખેડાએ ફેસબુક પર પોસ્ટ કરીને આ માહિતી આપી હતી.

'ઇન્ડિયા'...

વિપક્ષી દળોના ગઠબંધનને આ નિર્ણય પાછો ખેંચી લેવાનો આગ્રહ કરતાં એનબીડીએ કહ્યું કે ઈન્ડિયાની મીડિયા સમિતિના અમુક પત્રકારો / એન્કરોના શો અને કાર્યક્રમોમાં તેમના પ્રતિનિધિઓને નહીં મોકલવાના નિર્ણયથી તે વ્યથિત અને ચિંતિત છે. આ એક ખતરનાક ઉદાહરણ બનશે. કોંગ્રેસ મીડિયા વિભાગના પ્રમુખ અને ઈન્ડિયાની મીડિયા સમિતિના સભ્ય પવન ખેડાએ કહ્યું કે રોજ સાંજે પાંચ વાગ્યે અમુક ચેનલ પર નફરતની દુકાનો લગાવાતી હતી. અમે નફરતના બજારના ગ્રાહક નહીં બનીએ. અમારો ઉદ્દેશ્ય નફરત મુક્ત ભારતનો છે.

કોરોનાથી...

સંક્રમિત દર્દીના સંપર્કમાં છે. વિવિધ ક્ષેત્રોના નિષ્ણાંતો વાળી એક કેન્દ્રીય ટીમ પણ સ્થિતિની તપાસ કરવા અને ઉપચારાત્મક ઉપાય જણાવવા માટે કોઝિકોડ જિલ્લામાં પહોંચી ગઈ છે. કોન્ટેક્ટ ટ્રેસિંગ હેઠળ 1000થી વધારે લોકોની જાણકારી મેળવવામાં આવી છે."

લોકસભાની ચૂંટણી પહેલાં કોંગ્રેસને રામ રામ...

ગુજરાત કોંગ્રેસ પ્રદેશ મહામંત્રી હરેશ વસાવાનું રાજીનામું, પાટીલે કેસરિયો ખેસ પહેરાવ્યો

ગુજરાત | વંદન

દેશમાં આગામી વર્ષે લોકસભાની ચૂંટણી યોજાનાર છે ત્યારે લોકસભાની ચૂંટણીને લઈને ગુજરાતમાં ભાજપ અને કોંગ્રેસે તૈયારી શરૂ કરી દીધી છે. લોકસભાની ચૂંટણી પહેલાં કોંગ્રેસે પોતાના અધ્યક્ષ બદલી ગુજરાત કોંગ્રેસની કમાન શક્તિસિંહ ગોહિલના હાથમાં સોંપી દીધી છે, ત્યારે બીજી તરફ ભાજપે પણ અત્યારથી જ રણનીતિઓ ઘડવાનું શરૂ કરી દીધું છે. લોકસભાની ચૂંટણી નજીક આવતા પક્ષપલટો શરૂ થઈ ગયો છે. આ વચ્ચે કોંગ્રેસ માટે મોટા ઝટકા સમાન સમાચાર સામે આવ્યા છે. કોંગ્રેસ પ્રદેશ મહામંત્રી હરેશ વસાવા કોંગ્રેસને

અલવિદા કહીને વિધિવત રીતે ભાજપમાં જોડાઈ ગયા છે.

કોંગ્રેસ નેતા હરેશ વસાવાએ કોંગ્રેસમાંથી રાજીનામું આપ્યા બાદ હવે તેઓએ ભાજપનો કેસરિયો ખેસ ધારણ કરી લીધો છે. ભાજપના પ્રદેશ અધ્યક્ષ સી.આર પાટીલ દ્વારા તેમને ખેસ પહેરાવીને ભારતીય જનતા પાર્ટીમાં આવકારવામાં આવ્યા છે. હરેશ વસાવાની સાથે જ તેમના સમર્થકોએ પણ ભાજપનો ખેસ ધારણ કર્યો છે. ભાજપમાં જોડાતા પહેલા હરેશ વસાવાએ સી.આર પાટીલ સાથે સુરતમાં બેઠક યોજી હતી. બેઠક બાદ તેઓ ભાજપમાં જોડાયા હતા.

ઉલ્લેખનીય છે કે ગયા મહિને પણ કોંગ્રેસમાં મોટું ભંગાણ સર્જાયું હતું. ગત મહિને અરવલ્લી કોંગ્રેસના 350થી વધુ કાર્યકરો અને ૩૦ સિનિયર નેતાઓએ ભાજપનો ખેસ ધારણ કર્યો હતો. સી.આર પાટીલની હાજરીમાં કોંગ્રેસના 350થી વધુ કાર્યકરો અને 30 સિનિયર નેતાઓ ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા હતા.

વિદ્યાર્થીઓ-અધ્યાપકો અને કોંગ્રેસમાં વિરોધ

વિધાનસભામાં ગુજરાત પબ્લિક યુનિવર્સિટી બિલ- 2023 રજૂ કરાયુ

ગુજરાત | વંદન

રાજ્યની 15મી વિધાનસભાના ત્રીજા સત્રના ચોથા દિવસે સરકાર ગુજરાત પબ્લિક યુનિવર્સિટી બિલ- 2023 રજૂ કર્યું છે. જો આ બિલ પસાર થશે તો પ્રધ્યાપકોની નિમણૂક, બદલી, યુનિવર્સિટીની કામગીરી ઉપરાંત સરકારી ગ્રાન્ટ બાબતે પણ મહત્ત્વના નિર્ણયો રાજ્ય સરકાર હસ્તક થઈ જશે. આ ઉપરાંત તમામ યુનિવર્સિટી કે જે સરકારી છે એ તમામના અધિનિયમો પણ રદ થઈ શકશે. રાજ્ય સરકારની પૂર્વમંજૂરી વિના યુનિવર્સિટીએ અધ્યાપકો અધિકારીઓ અથવા અન્ય કર્મચારીઓની નવી જગ્યાઓ ઊભી કરી શકશે નહીં. ગુજરાત પબ્લિક યુનિવર્સિટી વિધેયકમાં રાજ્ય સરકારે ભરતી બાબતની પણ ખાસ જોગવાઈ કરી છે. આ ઉપરાંત અધ્યાપકો, અધિકારીઓ અને અન્ય કર્મચારીઓનાં પગાર-ભથ્થાં, નિવૃત્તિ પછીના લાભો અને અન્ય લાભોમાં સુધારો કરવો જોઈશે નહીં. આ સાથે જ પ્રાપ્ત થયેલ કોઈ નિર્ધારિત ભંડોળને પણ વાપરી શકશે નહીં. યુનિવર્સિટી સ્થાવર મિલકતના વેચાણ અથવા તો ભાડાની તબદિલી પણ કરી શકશે નહીં. આમ, તમામ સત્તા સરકારની પૂર્વમંજૂરી વિના કંઈપણ થઈ શકશે નહીં.

બેંક ઓફ બરોડાએ "બોબ કે સંગ ત્યોહર કી ઉમંગ" ઉત્સવ અભિયાનનો કર્યો આરંભ

■ ફેસ્ટિવલ ઓફર્સમાં હોમ, કાર, એજ્યુકેશન સહિતની લોન પર ઘણા ફાયદા મળશે

ગુજરાત | વંદન

ભારતની અગ્રણી જાહેર ક્ષેત્રની બેંકોમાંની એક બેંક ઓફ બરોડા (બેંક)એ "બોબ કે સંગ ત્યોહર કી ઉમંગ" ઉત્સવ અભિયાન શરૂ કરવાની જાહેરાત કરી છે, જે 31 ડિસેમ્બર, 2023 સુધી ચાલશે. બેંક ઓફ બરોડાના ફેસ્ટિવલ ઓફર્સમાં હોમ, કાર, પર્સનલ અને એજ્યુકેશન લોન પર ઘણા બધા લાભો અને રાહતો અને આકર્ષક વ્યાજ દર ઓફર્સ સાથે 4 નવા બચત ખાતાઓના લોંચિંગનો સમાવેશ થાય છે. બેંકે તેના ડેબિટ અને ક્રેડિટ કાર્ડ ગ્રાહકો માટે તહેવારોની ઓફર અને ડિસ્કાઉન્ટ પ્રદાન કરવા માટે ઈલેક્ટ્રોનિક્સ, ટ્રાવેલ અને ફૂડ જેવી કેટેગરીમાં ટોપ બ્રાન્ડ્સ સાથે જોડાણ પણ કર્યું છે.

તહેવારોનાં સમયગાળા દરમિયાન બેંક ઑફ બરોડા હોમ લોન દર વર્ષે 8.40 ટકાનાં અત્યંત સ્પર્ધાત્મક દરે ઉપલબ્ધ થશે, જેમાં પ્રોસેસિંગ ફીમાં સંપૂર્ણ માફી સામેલ હશે. બરોડા કાર લોન ઝીરો પ્રોસેસિંગ ફી સાથે 8.70% થી શરૂ થાય છે. એજ્યુકેશન લોન પર, બેંકે એક વિશેષ દર રજૂ કર્યો છે, જેની શરૂઆત વાર્ષિક 8.55% થી શરૂ થાય છે, 60 બેસિસ પોઈન્ટ્સ સુધીનું ડિસ્કાઉન્ટ છે, અને જે વિદ્યાર્થીઓએ દેશની ઓળખાયેલી અગ્રણી શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રવેશ મેળવ્યો છે તેમના માટે કોલેટરલ વિના. બરોડા પર્સનલ લોન્સ વાર્ષિક 10.10% થી શરૂ થાય છે - 80 બેસિસ પોઈન્ટ સુધીનું ડિસ્કાઉન્ટ, જેમાં ઝીરો



પ્રોસેસિંગ ફી અને રૂ. 20 લાખ સુધીની ઊંચી લોન મર્યાદા છે. બેંકે પર્સનલ એન્ડ કાર લોન માં ફિક્સ્ડ રેટ ઓફ ઈન્ટરેસ્ટ ઓપ્શન રજૂ કર્યો છે અને લોન લેનારાઓ હવે ફિક્સ્ડ અને ફ્લોટિંગ રેટ ઓફ ઈન્ટરેસ્ટ વચ્ચે પસંદગી કરી શકે છે.

ઉલ્લેખનીય છે કે, બેંક ઓફ બરોડાની લોન પરના વ્યાજની ગણતરી ડેઈલી રિડ્યુસિંગ બેલેન્સ પદ્ધતિ પર કરવામાં આવે છે, નહીં કે મંથલી રિડ્યુસિંગ બેલેન્સ પદ્ધતિ પર, જે લોન લેનારાઓ માટે વધુ સસ્તું બનાવે છે. ઉપરાંત બેંકે ઝડપી મોર્ગેજ-આધારિત લોન પ્રોસેસિંગ માટે વિવિધ શહેરોમાં 112 રિટેલ એસેટ પ્રોસેસિંગ સેન્ટર્સ (આરએપીસી)ની સ્થાપના કરી છે.

બેંકે તેના ગ્રાહકોના ફાયદા માટે બચત ખાતાઓની શ્રેણી પણ રજૂ કરી છે. તેમાં બોબ લાઈટ સેવિંગ્સ એકાઉન્ટ - લાઈફટાઈમ નો મિનિમમ બેલેન્સ એકાઉન્ટ સામેલ છે. બીઓબી બીઆરઓ બચત ખાતું - વિદ્યાર્થીઓ માટેનું ઝીરો બેલેન્સ સેવિંગ્સ એકાઉન્ટ (16થી 25 વર્ષ), માય ફેમિલી માય બેંક/બીઓબી પરિવાર એકાઉન્ટ - એક ફેમિલી સેવિંગ્સ એકાઉન્ટ જે સમગ્ર પરિવાર અને બરોડા એનઆરઆઈ પાવરપેક એકાઉન્ટની જરૂરિયાતોને પહોંચી વળવા માટે બનાવવામાં આવ્યું છે. બેંકે બીઓબી એસડીપી (સિસ્ટેમેટિક ડિપોઝિટ પ્લાન) પણ લોન્ચ કર્યો છે, જે રિકરિંગ ડિપોઝિટ સ્કીમ છે. તહેવારોનાં સમયગાળા દરમિયાન, આ બચત ખાતાઓ વિવિધ લાભો અને છૂટછાટો સાથે આવે છે.

બેંક ઓફ બરોડાના મેનેજિંગ ડિરેક્ટર અને ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર દેબદત્ત ચંદ જણાવ્યું હતું કે, "તહેવારોની મોસમ અમારા પર છે અને અમે પહેલેથી જ કારના વેચાણ અને ક્રેડિટ કાર્ડ ખર્ચ જેવા હાઈ-ફ્રિક્વન્સી સૂચકાંકો સાથે માંગમાં વધારો થવાના પ્રારંભિક સંકેતો જોઈ રહ્યા છીએ જે રેકોર્ડ ઉંચી સપાટી નોંધાવે છે. બેંક ઓફ બરોડાનું ઉત્સવનું અભિયાન 'બોબ કે સંગ ત્યોહર કી ઉમંગ' બચત ખાતાઓ, લોન અને ક્રેડિટ અને ડેબિટ કાર્ડ્સમાં આકર્ષક ઓફરનો એક સમૂહ સાથે લાવે છે. અમારા ડિજિટલ પ્લેટફોર્મની સુવિધા સાથે તહેવારોની આ આકર્ષક ઓફર્સ તહેવારોની મોસમને લોકો માટે વધુ લાભદાયક અને આનંદકારક બનાવશે, જેથી માંગને નોંધપાત્ર વેગ મળશે."

બેંક ઓફ બરોડાએ આ તહેવારની સિઝનમાં બેંક ઓફ બરોડા ડેબિટ અને ક્રેડિટ કાર્ડ્સ અને ઈએમઆઈ ઓફર્સ પર આકર્ષક એક્સક્લૂઝિવ ઓફર્સ અને ડિસ્કાઉન્ટ પણ રજૂ કર્યા છે. બેંકે ઈલેક્ટ્રોનિક્સ, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, ટ્રાવેલ, ફૂડ, ફેશન, એન્ટરટેઈનમેન્ટ, લાઈફસ્ટાઈલ, ગ્રોસરી અને હેલ્થ જેવી કેટેગરીમાં અગ્રણી બ્રાન્ડ્સ સાથે જોડાણ કર્યું છે. બેંક ઓફ બરોડાનું ડિજિટલ લેન્ડિંગ પ્લેટફોર્મ વિવિધ પ્રકારની લોન મેળવવા માટે એક ઝડપી અને અનુકૂળ રીત પ્રદાન કરે છે. હાલના અને નવા બંને ગ્રાહકો બોબ વર્લ્ડ મોબાઈલ બેંકિંગ એપ્લિકેશન, નેટ બેન્કિંગ અથવા બેંક ઓફ બરોડાની વેબસાઈટ દ્વારા સરળતાથી અરજી કરી શકે છે.

ક્રેડિટ ખર્ચમાં સતત વધારો થવાથી NBFC ક્રેડિટ કાર્ડ બિઝનેસથી દૂર

ગુજરાત | વંદન

ક્રેડિટ ખર્ચમાં સતત વધારો થવાથી નોન-બેંકિંગ ફાઈનાન્શિયલ કંપનીઓ (એનબીએફસી) ક્રેડિટ કાર્ડની કામગીરી શરૂ કરવા માટે ઉત્સાહિત નથી. તેના બદલે, આ નોન-બેંક ધિરાણકર્તાઓએ કન્ઝ્યુમર ડ્યુરેબલ લોન્સ, પર્સનલ લોન અને સૂક્ષ્મ, નાના અને મધ્યમ કદના સાહસો જેવા પરંપરાગત ધિરાણ ઉત્પાદનોમાં કામ કરવાનું વધુ પસંદ કરે છે.

એપ્રિલ ૨૦૨૨માં બહાર પાડવામાં આવેલ એક નિર્દેશમાં, ભારતીય રિઝર્વ બેંકએ ક્રેડિટ કાર્ડ્સ માટે મુખ્ય નિર્દેશો જારી કર્યા હતા જેમાં તેણે કહ્યું હતું કે એનબીએફસી ફક્ત પૂર્વ મંજૂરી સાથે જ ક્રેડિટ કાર્ડ વ્યવસાયમાં પ્રવેશ કરી શકે છે. જોકે, હવે એક વર્ષથી વધુ સમય થઈ ગયો છે. તેમ છતાં તેમાંથી કોઈએ આગળ વધીને ક્રેડિટ કાર્ડ રજૂ કર્યું નથી.

ક્રેડિટ કાર્ડની કામગીરીમાં જોડાવાનો ઈરાદો ધરાવતી નોન-ડિપોઝીટ લેતી કંપની સહિતની કોઈપણ કંપનીને આ વ્યવસાયમાં પ્રવેશવા માટે ચોક્કસ પરવાનગી સિવાય નોંધણી પ્રમાણપત્રની જરૂર પડશે. ક્રેડિટ કાર્ડની કામગીરી શરૂ કરવા માટે પૂર્વ-શરત રૂ. ૧૦૦ કરોડનું લઘુત્તમ નેટ માલિકીનું ભંડોળ છે. હાલમાં, એનબીએફસી વ્યક્તિગત રીતે અથવા કાર્ડ જારી કરતી બેંકો અને નોન-બેંક ધિરાણકર્તાઓ સાથે કો-બ્રાન્ડિંગ વ્યવસ્થામાં ક્રેડિટ કાર્ડ જારી કરી શકે છે. જો કે કો-બ્રાન્ડિંગ વ્યવસ્થા કાર્ડ રજૂકર્તાની બોર્ડ દ્વારા મંજૂર કરાયેલી નીતિ અનુસાર હોવી જોઈએ.

ભારતીય કંપનીઓનું લંડન શૅરબજારમાં સીધું લિસ્ટિંગ કરવા માટેના પ્રયાસો શરૂ

ગુજરાત | વંદન

ભારત અને યુકે વચ્ચે આર્થિક અને નાણાકીય સંવાદ શ્રેણી હેઠળની થયેલી 12મી બેઠકના અંતે જાહેર કરવામાં આવેલા સંયુક્ત નિવેદન અનુસાર ભારત લંડન સ્ટોક એક્સ્ચેન્જ (એલએસઈ)માં ભારતીય કંપનીઓના સીધા લિસ્ટિંગની શક્યતાઓ તપાસશે.

ભારતીય કંપનીઓના એલએસઈ ઉપર ડાયરેક્ટ લિસ્ટિંગ વિશે તકો ચકાસવામાં આવશે એવી ભારતીય સત્તાવાળાઓ દ્વારા ખાતરી આપવામાં આવતાં અમને આનંદ થયો છે, એમ યુકેના ચાન્સેલર ઓફ એક્સ્ચેકર જેરેમી હન્ટે જણાવ્યું હતું.

નાણાપ્રધાન નિર્મલા સીતારામન સાથે સંયુક્ત પત્રકાર પરિષદને સંબોધતાં તેમણે ઉમેર્યું હતું કે બંને દેશો વચ્ચે નવી પેન્શન અને વીમા ભાગીદારી કરવામાં આવી છે તે હેઠળ જ્ઞાન

અને નિપૂણતાની ભાગીદારી કરવાની યંત્રણા શરૂ થશે.

આંતરરાષ્ટ્રીય ફાઈનાન્સ સેન્ટર્સમાં લંડન ટૉચનું કેન્દ્ર છે અને વિશ્વનું બીજા ક્રમનું સૌથી મોટું ફાઈનાન્સિયલ સેન્ટર છે, પરંતુ અમારા એસેટ્સ મૅનેજરો ભારતમાં રોકાણ કરતાં નથી, તેથી ભારતમાં વિશાળ તકોને અનુલક્ષીને અમે અમારા પેન્શન અને ઈન્સ્યુરન્સ ફન્ડ્સ તરફ દૃષ્ટિકોણ અને નિયમનો બદલવા માગીએ છીએ, કારણ કે તેમની એવી પ્રબળ માગ છે કે તેઓ વધુ ને વધુ ઈન્વેસ્ટમેન્ટ ફળદાયી રોકાણમાં કરે, અને અમારી પાસે વિપુલ ભંડોળ ઉપલબ્ધ છે અને તેનો ઉપયોગ કરવા ફન્ડ મૅનેજરો આતુર છે, એમ હન્ટે જણાવ્યું હતું.

આ સાથે બંને દેશો ગિફ્ટ સિટીના વિકાસ માટે ભાગીદારી વધારે ગહન કરવા સહમત થયા હતા. હન્ટે ભારપૂર્વક જણાવ્યું હતું કે બંને દેશો ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ કરવા માટે ઘણા નિકટ આવી પહોંચ્યા છે અને આ કરારથી દ્વિપક્ષી વેપાર વધુ મજબૂત થશે.

નાણાપ્રધાન નિર્મલા સીતારામને આ મુદ્દા ઉપર સહમતી દર્શાવતાં જણાવ્યું હતું કે એફટીએ વિશે ચાલી રહેલી મંત્રણા પ્રગતિના પંથે છે, પરંતુ અમુક મુદ્દાઓ ઉપર ચર્ચા અટકી છે અને તે મુદ્દાઓ ઉપર આગળ ચર્ચા થશે. વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને યુકેના વડા પ્રધાન ઋષિ સુનક વચ્ચે એફટીએ ઉપર હસ્તાક્ષર કરવા માટે ઝડપ વધારવા માટે સહમતી સાધવામાં આવતાં જેરેમી હન્ટ દ્વારા આ જાહેરાત કરવામાં આવી હતી.

શાકભાજીની કિંમતો ઘટતા રિટેલ ફુગાવામાં ઘટાડો

ઓગસ્ટમાં રિટેલ ફુગાવો ઘટીને 6.83 ટકા નોંધાયો, RBIના નિર્ધારિત લક્ષ્ય કરતાં વધુ

ગુજરાત | વંદન

મોંઘવારીથી પરેશાન સામાન્ય જનતા માટે રાહતના સમાચાર છે. જુલાઈમાં રિટેલ ફુગાવો 7.44% સાથે 15 મહિનાના સર્વાધિક સ્તરે રહ્યા બાદ ઓગસ્ટમાં તે ઘટીને 6.83% નોંધાયો છે. ઓગસ્ટમાં શાકભાજીની કિંમતોમાં ઘટાડાને કારણે રિટેલ ફુગાવામાં ઘટાડો જોવા મળ્યો છે. જો કે હજુ પણ તે RBIના નિર્ધારિત લક્ષ્ય કરતાં વધુ છે. ખાદ્યપદાર્થોનો ફુગાવો જુલાઇના 11.51%ની તુલનાએ ઓગસ્ટમાં ઘટીને 9.94% રહ્યો છે.

ઓગસ્ટ 2022 દરમિયાન CPI આધારિત રિટેલ ફુગાવો 7 % હતો. ઓગસ્ટમાં શાકભાજીનો મોંઘવારી દર ઘટીને 26.14% રહ્યો છે જે જુલાઇ દરમિયાન 37.4% હતો. ઓઇલ અને ફેટ પ્રોડક્ટ્સના ફુગાવાનો દર -15.28 ટકા રહ્યો છે જે જુલાઈમાં -16.80 ટકા હતો. હાઉસિંગ સેક્ટરમાં મોંઘવારી દર 4.38% અને ઈંધણનો મોંઘવારી દર 4.31% હતો. કોર ફુગાવો પણ જુલાઇના 5.12%થી ઓગસ્ટમાં આંશિક સ્તરે ઘટીને 5.06% નોંધાયો છે.

સતત ત્રીજા મહિને તેમાં ઘટાડાનો ટ્રેન્ડ રહ્યો છે. આરબીઆઈએ વર્ષ 2023-24 માટે CPI ફુગાવો 5.4% રહેવાનો અંદાજ વ્યક્ત કર્યો છે. પહેલા ક્વાર્ટર માટે ફુગાવો 5.2% રહેવાનું અનુમાન વ્યક્ત કરવામાં આવ્યું છે.

ડિઝલ વાહનો પર વધુ 10% TAX ! ગડકરીને ટાંકીને રિપોર્ટ બાદ ખુલાસો: કોઈ દરખાસ્ત નથી

ગુજરાત | વંદન

દેશમાં વાહનો દ્વારા છોડાતા પ્રદુષણને ઘટાડવા ડિઝલ વાહનો પર સરકારની તવાઈ આવી શકે છે. આજે સોસાયટી ઓફ ઈન્ડીયન ઓટોમોબાઈલ એસો.ની 63મી સામાન્ય સભાને સંબોધતા સમયે કેન્દ્રીય પરિવહન મંત્રી નિતીન ગડકરીએ ડિઝલ વાહનો પર 10% પ્રદુષણ ટેક્ષ લાદવા તેઓએ નાણા મંત્રાલયને દરખાસ્ત કરી છે તેવા પ્રસરેલા અહેવાલને નકારતા કહ્યું હતું કે આ પ્રકારની કોઈ દરખાસ્ત નથી. એસો.ની બેઠકને સંબોધન કરતા સમયે ગડકરીને એવું કહેતા ટાંકવામાં આવ્યા હતા કે જો ડિઝલ આધારીત વાહનોનું ઉત્પાદન તથા તેનો ઉપયોગ યથાવત રહેશે તો સરકારને ડિઝલ પરના વાહનો પર 10% ખાસ પ્રદુષણ ટેક્ષ લાદવાની તેઓને ફરજ પડશે.

જો કે અહેવાલમાં જણાવ્યું હતું કે તેઓ

દ્વારા આ અંગે નાણામંત્રાલયને દરખાસ્ત કરવામાં આવી છે. શ્રી ગડકરીના આ વિધાનોના અહેવાલ પ્રસરતા જ શેરબજારમાં ટાટામોટર્સ, મહીન્દ્રા, મારૂતી સુઝુકી અને વિદેશી કાર કંપનીઓની ભારતમાં સબસીડરી કંપનીઓના શેરના ભાવમાં તિવ્ર ઘટાડો નોંધાયો હતો અને તેના પગલે સર્જાયેલી અફડાતફડી વચ્ચે શ્રી ગડકરીએ માઈક્રોબ્લોગીંગ પ્લેટફોર્મ 'એકસ' પર એક પોષ્ટ કરીને તેઓ દ્વારા 10% પ્રદુષણ ટેક્ષ લાદવા દરખાસ્ત કરી હોવાનું નકાર્યુ હતું. ગડકરીએ તેમની પોષ્ટમાં લખ્યું કે ડિઝલ વાહનો ખાસ પ્રદુષણ ટેક્ષ લાદવાની આ પ્રકારની કોઈ દરખાસ્ત નથી. ગડકરીએ પોષ્ટમાં લખ્યું કે ટેક્ષ વધારવાના રિપોર્ટ પર તાત્કાલીક સ્પષ્ટતા કરવી જરૂરી છે.

આ પ્રકારે ટેક્ષ વધારાની કોઈ દરખાસ્ત હાલ સરકારની વિચારણા હેઠળ નથી. શ્રી ગડકરીએ ઉમેર્યુ કે 2070 સુધીમાં ભારતને કાર્બનમાં નેટઝીરો તબકકે લઈ જવા અને ડિઝલ જેવા ઈંધણથી જે રીતે સૌથી વધુ પ્રદુષણ ફેલાય છે તથા જે રીતે વાહનોના વેચાણમાં મોટો વધારો થયો છે તે જોતા સ્વચ્છ અને પર્યાવરણલક્ષી ઈંધણને વેગ આપવો જરૂરી છે અને આ ઈંધણ આયાતના વિકલ્પમાં સસ્તુ અને ઘરેલુ તથા પ્રદુષણ મુક્ત હશે.શ્રી ગડકરીએ તેમના ભાષણમાં સ્વીકાર્યુ હતું કે ડિઝલ વાહનોને વેચાણમાં પણ ઘટાડો થયો છે. 2014માં તે 52% હતું તે ઘટીને 18% જ રહ્યું છે.હાલ સરકારે ડિઝલ વાહનો પર 28% ટેક્ષ તથા વધારાની સેસ પણ લાદી છે.

મહારાષ્ટ્ર માં ખેડૂતો ટમેટા નીચા ભાવે વેચવા મજબૂર

હવે 80 પૈસા પ્રતિ કિલો પણ ખરીદવા કોઈ તૈયાર નથી!

ગુજરાત | વંદન



એક સમયે 300 રૂપિયા પ્રતિ કિલોના ભાવે વેચાતા ટામેટાંના ભાવ હવે સામાન્ય થઈ ગયા છે. દેશમાં સામાન્ય લોકોને 30 થી 40 રૂપિયા પ્રતિ કિલોના ભાવે ટામેટાં મળી રહ્યા છે, પરંતુ ખેડૂતોનું ટેન્શન વધી ગયું છે. ખેડૂતોને ટામેટાનો પાક નકામા ભાવે વેચવાની ફરજ પડી રહી છે. મહારાષ્ટ્રના લાતુરમાં ખેડૂતોની હાલત એવી છે કે તેમને ટામેટાનો પાક માત્ર 80 પૈસા પ્રતિ કિલોના ભાવે વેચવો પડે છે. જથ્થાબંધ બજારમાં તેના ભાવમાં તીવ્ર ઘટાડો થયો છે, જેના કારણે ખેડૂતો ટામેટાના પાકનો ખર્ચ વસૂલ કરી શકતા નથી.

લાતુરના એક ખેડૂતનું કહેવું છે કે તેણે 2 થી 3 હેક્ટરમાં ટામેટાંની ખેતી કરી હતી જેથી તેને સારો નફો મળી શકે. આ પાક તૈયાર કરવા માટે 2 થી 3 લાખ રૂપિયાનો ખર્ચ થાય છે, પરંતુ હવે સ્થિતિ એવી છે કે તેઓ પોતાનો ખર્ચ પણ વસૂલ કરી શકતા નથી. ખેડૂતોએ તેની સામે વાંધો ઉઠાવ્યો છે અને રસ્તા પર ટામેટાં ફેંકીને વિરોધ કર્યો છે. ખેડૂતોએ સરકારને તેના યોગ્ય ભાવ મળે તેવી અપીલ કરી છે. નોંધનીય છે કે થોડા દિવસો પહેલા જ ટામેટાંના ભાવ આસમાને હતા. ભારે વરસાદ અને પુરવઠાના અભાવને કારણે દેશમાં ટામેટાંનો ભાવ 200 થી 300 રૂપિયાની આસપાસ પહોંચી ગયો હતો. આવી સ્થિતિમાં જંગી નફો મેળવવા માટે મોટા ભાગના સ્થળોએ ટામેટાની ખેતી શરૂ થઈ, જેની અસર ઉપજ પર પડી.

વધુ ઉત્પાદનને કારણે ટામેટાંનો પુરવઠો વધ્યો છે. સપ્લાય ચેઈન ફરી શરૂ થતાં, ટામેટાં મોટી માત્રામાં બજારોમાં પહોંચવા લાગ્યા. જેના કારણે ટામેટાંના ભાવમાં ભારે ઘટાડો જોવા મળ્યો હતો. કેન્દ્રીય કૃષિ મંત્રાલયના ડેટા પર નજર કરીએ તો 2005-06માં 5,47,000 હેક્ટરમાં ખેતી થઈ હતી જ્યારે ઉત્પાદન 99,68,000 હેક્ટર સુધી હતું. જ્યારે સત્ર 2022-23માં ટામેટાની ખેતી 8,64,000 એકરમાં થઈ હતી અને ઉત્પાદન વધીને 2,62,000 એકર થઈ ગયું હતું. આ અંદાજ 2023-24માં બમણો થવા જઈ રહ્યો છે. ટામેટાંને યોગ્ય ભાવ ન મળવાનું આ મુખ્ય કારણ છે.

રિપોર્ટ 2023 : દુનિયાભરમાં હાલ અમીર લોકોની સંખ્યામાં ઉત્તર અમેરિકા અગ્રેસર

અમેરિકામાં સૌથી વધુ 129,665 લોકો અમીર, ભારતમાં 8,880

ગુજરાત | વંદન

અલ્ટ્રાટાની વર્લ્ડ અલ્ટ્રા વેલ્થ 2023 ના રીપોર્ટ મુજબ દુનિયાભરમાં હાલ અમીર લોકોની સંખ્યા 3,95,070 છે. જેમાં સૌથી આગળ ઉત્તર અમેરિકા છે, જયારે આ લીસ્ટમાં એશિયા બીજા નંબર પર અને યુરોપ ત્રીજા નંબરે આવે છે.

સમગ્ર વિશ્વમાં ઉત્તર અમેરિકામાં સૌથી વધુ અમીર લોકો રહે છે. જેની સંખ્યા 1,42,990 છે. જો કે 2021ના પ્રમાણમાં આ સંખ્યમાં 4 ટકાનો ઘટાડો થયો છે. એટલે કે ઉત્તર અમેરિકા સૌથી અમીર લોકોના લીસ્ટમાં આમ તો આગળ છે, પરંતુ બે વર્ષ પહેલાની સરખામણીએ આમાં ઘટાડો નોંધાયો છે.

આ લીસ્ટમાં બીજા નંબરે એશિયા છે. જ્યાં 10,8,370 જેટલા અમીર રહે છે. આ યાદીમાં બીજા સ્થાને રહેલા એશિયાઈ દેશોમાં પણ છેલ્લા કેટલાક વર્ષોની સરખામણીએ અતિ સમૃદ્ધ લોકોની સંખ્યામાં 10.9 ટકાનો ઘટાડો નોંધાયો છે. આ લીસ્ટમાં ભારત એક માત્ર એવો દેશ છે જે દર વર્ષે કરોડપતિઓની પસંદગી બની રહ્યો છે, એટલે કે છેલ્લા કેટલાક વર્ષોમાં ભારતમાં 3.2 ટકાનો વધારો થયો છે, જ્યારે અન્ય તમામ દેશોમાં ઘટાડો જોવા મળ્યો છે, જ્યારે હોંગકોંગ અને જાપાન આ બે દેશોમાં અમીર લોકોની વસ્તીની વાત કરીએ તો અત્યાર સુધીનો સૌથી મોટો ઘટાડો -23% અને -21.9 ટકા નોંધાયો છે.

આ દસ દેશોમાં છે સૌથી અમીર લોકો

- અમેરિકા- 129,665
- જર્મની- 19,590
- જાપાન- 14,940
- યુનાઈટેડ કિંગડમ- 14,005
- કેનેડા- 13,320
- હોંગ કોંગ- 12,615
- ફ્રાન્સ- 11,980
- ઈટાલી- 8,930
- ભારત- 8,880

ભારતને વધુ એક ફટકો : રશિયા દ્વારા સસ્તું ખાતર આપવાનું પણ બંધ કરાયું

ગુજરાત | વંદન

યુક્રેન પર અતિક્રમણને કારણે છેડાયેલા યુદ્ધમાં પશ્ચિમી દેશોએ રશિયા પર અનેક પ્રતિબંધો લાદ્યા હતા. આ પ્રતિબંધોને કારણે અર્થવ્યવસ્થોાને મોટો ફટકો પડવાની આશંકા વચ્ચે રશિયાએ ભારત, ચીન સહિતના મિત્ર દેશોને સસ્તા દરે ક્રૂડ ઓઈલ, ખાતર અને અમુક કૃષિધાન ઓફર કર્યા હતા. જોકે આ સસ્તાના દિવસો સમાપ્ત થઈ રહ્યાં હોવાના સંકેત મળી રહ્યાં છે.ભારતને ક્રૂડ ઉપર મળી રહેલ ડિસ્કાઉન્ટ રશિયાએ ઘટાડવા અને અન્ય દેશો તરફથી પણ ઓફર થઈ રહેલા સમાન ભાવ ફેરને કારણે ભારતે રશિયાને સ્થાને અન્ય પરંપરાગત દેશો પાસેથી ક્રૂડ મંગાવવાનું શરૂ કર્યું છે. જોકે હવે રશિયાએ ભારતને સસ્તું ખાતર આપવાનું બંધ કર્યું હોવાના અહેવાલ છે.

સમાચાર એજન્સી રોઈટર્સે મુંબઈ સ્થિત ખાતર કંપનીના અધિકારીને ટાંકીને અહેવાલમાં જણાવ્યું કે છેલ્લા બે મહિનામાં વૈશ્વિક ખાતરની કિંમતો વધી રહી છે, જેના કારણે ભારતીય કંપનીઓ માટે ઘઉંના ઉત્પાદનની આગામી શિયાળાની સીઝન માટે સ્ટોક એકઠો કરવો પડકારજનક છે. પાક માટે ડીએપીની માંગ વધી છે. તેમણે કહ્યું કે જુલાઈમાં વૈશ્વિક સપ્લાયર્સ સીએફઆર (કોસ્ટ બેઝિસ) લગભગ ૩૦૦ ડોલર પ્રતિ ટનના ભાવે યુરિયા ઓફર કરી રહ્યાં હતા, પરંતુ હવે તેઓ ૪૦૦ ડોલર પ્રતિ ટનના ભાવ ઓફર કરી રહ્યા છે. વિદેશી સપ્લાયરો સાથેની વાટાઘાટોમાં સામેલ નવી દિલ્હી સ્થિત એક વરિષ્ઠ અધિકારીએ રોઈટર્સને જણાવ્યું કે રશિયા દ્વારા હવે કોઈ છૂટછાટ ઓફર નથી થઈ રહી. રશિયન કંપનીઓ બજાર ભાવે ખાતર ઓફર કરી રહી છે.

૩૧ માર્ચે પૂરા થતા નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં રશિયામાંથી ભારતની ખાતરની આયાત ૨૪૬% વધીને વિક્રમી ૪.૩૫ મિલિયન મેટ્રિક ટન થઈ હતી.

ઈ-ઓક્શનમાં સરકારે બે લાખ ટન ઘઉં ઓફર કર્યા સામે 1 લાખ 66 હજાર ટનનું વેચાણ

ગુજરાત | વંદન

હાલ ઘઉંના ભાવમાં બેતરફી વધઘટ જોવા મળી છે. માગ જળવાઈ રહી છે. દરમિયાન, સરકાર હસ્તકના ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાના સૂત્રોના જણાવ્યા મુજબ ઈ-ઓકશનના તાજેતરના ૧૧મા રાઉન્ડમાં આશરે ૧ લાખ ૬૫થી ૬૬ હજાર ટન ઘઉંનું વેંચાણ નોંધાયું છે જ્યારે આ ઓકશનના રાઉન્ડમાં ચોખાનું વેચાણ આશરે ૧૬થી ૧૭ હજાર ટનનું થયું છે. ઓપન માર્કેટ સેલ સ્કીમ હેઠળ ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા દ્વારા આવું ઓક્શન હાથ ધરવામાં આવે છે અને તાજેતરના ઈ-ઓક્શનમાં ઘઉં તથા ચોખાની માગમાં ખાસ્સી વૃદ્ધી જોવા મળી છે. આ ઈ-ઓકશનમાં દેશભરમાં વિવિધ ૫૦૦ ડેપો મારફત આશરે કુલ બે લાખ ટન ઘઉં વેંચાણ માટે ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયાએ ઓફર કર્યા હતા તેની સામે વેંચાણ ૧ લાખ ૬૬ હજાર ટનનું થયું હતું જ્યારે ૩૩૫થી ૩૪૦ જેટલા ડેપો મારફત આશરે ૪ લાખ ૮૫થી ૯૦ હજાર ટન ચોખા ઓફર કરવામાં આવ્યા હતા.

સુપ્રીમ કોર્ટે સ્પાઈસ જેટના ચેરમેન અજય સિંહની આકરી ઝાટકણી કાઢી

તાકીદ: 22મી સુધીમાં 4.15 કરોડ ચૂકવો, નહીંતર તિહાડ જેલમાં જવાની તૈયારી રાખો

ગુજરાત | વંદન

સુપ્રીમ કોર્ટે ક્રેડિટ સુઈસને ચૂકવણીના મામલે સ્પાઈસજેટ એરલાઈનના ચેરમેન અજય સિંહ સામે કડક વલણ દાખવ્યું છે. સુપ્રીમ કોર્ટે સ્પાઈસ જેટના ચેરમેન અજય સિંહની આકરી ઝાટકણી કાઢી હતી અને ૨૨ સપ્ટેમ્બર સુધીમાં પાંચ લાખ ડોલર(4.15 કરોડ)નો હપ્તો ચૂકવવાનો આદેશ આપ્યો છે. આ ઉપરાંત તેમને ૧૦ લાખ ડોલરની ડિફોલ્ટ રકમ ચૂકવવા માટે પણ કહેવામાં આવ્યું છે.

સુપ્રીમ કોર્ટે વધુમાં કહ્યું કે જો પેમેન્ટ નહીં કરવામાં આવે તો સિંહને તિહાડ જેલમાં મોકલવામાં આવશે. મીડિયા અહેવાલ મુજબ સુપ્રીમ કોર્ટે સિંહને દરેક સુનાવણીમાં કોર્ટમાં હાજર રહેવા પણ આદેશ કર્યો છે. કોર્ટે કહ્યું, 'અમારે આગામી કડક પગલા તરફ આગળ વધવું પડશે. તમે બંધ કરી દેશો તો અમને વાંધો નથી. વાંધા-વચકા અને ટાળવાના આ ધંધા બહુ થયા... તમારે સંમતિની શરતોનું પાલન કરવું પડશે. જો તમે મરી જાવ તો પણ અમને કોઈ ફરક નથી. આ બહુ થઈ ગયું છે.'

સ્પાઈસ જેટે એરક્રાફ્ટ એન્જિનના મેન્ટેનન્સ માટે 2011માં સ્વિટ્ઝર્લેન્ડ સ્થિત કંપની SRT ટેક્નિક (ક્રેડિટ સુઈસ) સાથે 10 વર્ષની ડીલ કરી હતી. 2013માં ક્રેડિટ સુઈસે સ્પાઈસજેટ પર સમયસર ચુકવણી ન કરવાનો આરોપ લગાવીને કેસ દાખલ કર્યો હતો.

આ કેસની સુનાવણી દરમિયાન મદ્રાસ હાઈકોર્ટે સ્પાઈસ જેટને 2021 સુધીમાં બંધ કરવાનો આદેશ આપ્યો હતો. હાઈકોર્ટના આ આદેશ સામે સ્પાઈસ જેટે સુપ્રીમ કોર્ટમાં અરજી કરી હતી. આ પછી, SCએ બંને પક્ષોને પરસ્પર સંમતિથી મામલો ઉકેલવા કહ્યું હતું.

ક્રેડિટ સુઈસ અને એરલાઈન વચ્ચે મે 2022માં કરાર કરવામાં આવ્યો હતો. જે અંતર્ગત સ્પાઈસ જેટને એડવાન્સ પેમેન્ટ અને બાકી ચૂકવણી તરીકે લગભગ 199 કરોડ રૂપિયા ક્રેડિટ સુઈસને એક ચોક્કસ સમયમાં ચુકવવાની વાત કરી હતી.

વૈશ્વિક રોકાણ કંપની કેકેઆર રિલાયન્સ રિટેલમાં રૂ.2069.50 કરોડનું રોકાણ કરશે

■ આર.આર.વી.એલનું વેલ્યુએશન રૂ.3 લાખ કરોડે પહોંચ્યું

ગુજરાત | વંદન

રિલાયન્સ રિટેલ વેન્ચર્સ લિમિટેડ (આરઆરવીએલ)એ આજે જાહેરાત કરી હતી કે વૈશ્વિક રોકાણ કંપની કેકેઆર તેની સહયોગી કંપની થકી રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડની પેટાકંપની આરઆરવીએલમાં રૂ.2,069.50 કરોડનું રોકાણ કરશે. આ રોકાણમાં આરઆરવીએલની પ

વાળને ખરતા અટકાવવા માટે અજમાવો આ ઉપાયો

આજકાલ નાની વયમાં વાળ સફેદ થવા અને વાળ ખરવાની સમસ્યા સામાન્ય બની રહી છે. હેરની સારસંભાળ માટે, માથામાં નાળિયેર તેલની માલિશ કરવાની સલાહ આપવામાં આવે છે. આ ઉપાયો અપનાવવાથી તમારા વાળ પહેલા જેવા જ કાળા અને ઘટ્ટ પણ થશે.

નાળિયેર તેલ અને લીમડાના પાન

વાળના નિષ્ણાતોના મતે, જો તમારા વાળના મૂળ નબળા થઈ રહ્યા છે, તો તમે નારિયેળના તેલમાં મીઠા લીમડાના પાનનો ઉપયોગ કરી શકો છો. આ માટે સૌ પ્રથમ પાંદડાને સૂકવી લો. ત્યાર બાદ તે સૂકા પાનને નારિયેળના તેલમાં નાખીને ગરમ કરો. થોડીવાર ગરમ કર્યા પછી, તે તેલને કાઢી લો અને તેને ઠંડુ કરો અને પછી તે દ્રાવણને વાળના મૂળમાં લગાવો. આમ કરવાથી તમારા વાળના મૂળ મજબૂત બને છે અને વાળ ખરવા પણ લાગે છે.

નારિયેળ તેલમાં એલોવેરા જેલ મિક્સ કરો

વાળમાં નાળિયેર તેલમાં એલોવેરા લગાવવું પણ ખૂબ જ ફાયદાકારક માનવામાં આવે છે. ખરેખર, એલોવેરા જેલમાં વિટામિન-એ, બી અને બી12 જેવા ઘણા પોષક તત્વો મળી આવે છે. જ્યારે નારિયેળ તેલમાં એન્ટીબેક્ટેરિયલ અને એન્ટિમાઈક્રોબાયલ ગુણ હોય છે. આ બંનેના મિશ્રણને લગાવવાથી વાળ મજબૂત બને છે અને તેમાં ખંજવાળની સમસ્યા પણ રહેતી નથી. તેનાથી વાળમાં ચમક પણ વધે છે

એરંડાના તેલનો ઉપયોગ

વાળ ખરતા અટકાવવા માટે તમે નારિયેળના તેલમાં એરંડાનો ઉપયોગ પણ કરી શકો છો. એરંડાના તેલમાં ફેટી એસિડ અને એન્ટીઓક્સીડેન્ટ હોય છે, જે મૂળને મજબૂત બનાવે છે અને વાળ ખરતા અટકાવે છે. આ બંનેનું મિશ્રણ લગાવવાથી વાળમાં જમા થયેલી ગંદકી પણ દૂર થાય છે અને સમય પહેલા સફેદ થતાં નથી.

કોળાના બીજમાં અનેક ગુણોનો ભરેલો છે ભંડાર

કોળુ જેને પમ્પકીન કહેવાય છે, તેના બીજ મોટા ભાગે લોકો ફેંકી દેતા હોય છે. પણ કોળાના બીજમાં અનેક ગુણોનો ભંડાર હોય છે. કોળાના બીજને જો થોડા પણ ડાયટમાં સામેલ કરી લેવામાં આવે તો, આપણને કેટલીય બીમારીઓથી બચાવી શકે છે. તે પોષક તત્વોથી ભરપૂર હોય છે. થોડી માત્રામાં પણ કોળુના બીજ ખાવાથી હેલ્દી ફેટ, મેગ્નેશિયમ, ઝિંક, પ્રોટીન, ફાઈબર, કાર્બોહાઈડ્રેટ, મેગ્નીઝ, આયરન, કેટલાય પ્રકારના વિટામિન સહિત એન્ટીઓક્સિડેંટ્સનો હાઈ ડોઝ મળી શકે છે. હાઈ એન્ટીઓક્સિડેંટ્સના કારણે કોળાના બીજ કેન્સર સહિત કેટલીય બીમારીઓથી બચાવે છે. તે કોલેસ્ટ્રોલ અને બ્લડ શુગરને ખૂબ જ જલ્દી ઘટાડી દે છે.

પેશાબ સંબંધિત સમસ્યાઓથી મુક્તિ : કોળાના બીજના સેવનથી પેશાબ સંબંધિત સમસ્યાઓથી છુટકારો અપાવે છે. પમ્પકીન સીડ્સ પ્રોસ્ટેટિક હાઈપરલેપ્સિયા જેવી બીમારીઓથી રાહત પહોંચાડે છે. કોળાના બીજ બ્લેડરની બીમારીથી છુટકારો અપાવે છે. આ યૂરેનરી ઈંફેક્શનને કામ કરે છે અને યૂરીનરી ફંક્શનને તેજ કરે છે.

હાર્ટ એટેકના ખતરામાં કમી : કોળાના બીજમાં એન્ટીઓક્સિડેંટ્સ, મેગ્નેશિયમ, ઝિંક અને અનસૈચુરેટેડ ફેટ જોવા મળે છે, જે હાર્ટના હેલ્થ માટે ખૂબ જ ઔષધિવર્ધક છે. એટલા માટે કોળાના બીજ હાર્ટ એટેક અથવા સ્ટ્રોકના જોખમને કમ કરે છે. તો વળી કોળાના બીજને કોલેસ્ટ્રોલ લેવલને પણ ખૂબ જ કમ કરે છે, જેનાથી ધમણીઓમાં પ્લેક જમા થવાનો ખતરો કમ કરે છે. એક અધ્યયનમાં જણાવ્યા અનુસાર કોળાના બીજ ગુડ કોલેસ્ટ્રોલને વધારે છે અને બેડ કોલેસ્ટ્રોલને ઘટાડે છે.

બ્લડ શુગરમાં કમી : કોળાના બીજમાં ડાયાબિટીઝ દર્દીને ખૂબ જ ફાયદો મળે છે. તેનાથી બ્લડ શુગરને ઘટાડી શકે છે. ઉંદર પર કરવામાં આવેલા એક સંશોધનમાં કોળાના બીજના પાઉડરથી તેમાં બ્લડ શુગરને ખૂબ જ વધારે માત્રામાં ઘટાડે છે. તો વળી માણસો પર કરવામાં આવેલા એક અન્ય અધ્યયનમાં એ સામે આવ્યું છે કે, રોજ 65 ગ્રામ કોળાના બીજ ખાવાથી વધારે બ્લડ શુગરને કમ કરી શકાય છે.

બાળકોને ગેસની સમસ્યા થાય તો અપનાવો આ ઘરેલુ નુસ્ખા

નાના બાળકોને ગેસની તકલીફ સૌથી વધારે થતી હોય છે. પેટમાં ગેસની સમસ્યા થાય ત્યારે બાળક રડવા લાગે છે. બાળક નાનુ હોવાથી તે બોલી શકતું નથી. જેના કારણે માતા-પિતા એ જાણી શકતા નથી કે તેને શું થઈ રહ્યું છે. આવી સ્થિતિમાં માતા-પિતા પણ પરેશાન થઈ જાય છે. આમ, તમારા બાળકને પણ વારંવાર પેટમાં ગેસ થઇ જાય છે તો આ ઘરેલુ ઉપાયો અસરકારક છે.

ઈલાયચી

ઈલાયચીમાં આયર્ન, ફાઈબર, પોટેશિયમ, મેગ્નેશિયમ, ફોસ્ફરસ અને વિટામિન C જેવા ઘણા પોષક તત્વો હોય છે જે પાચન અને ગેસ સંબંધિત સમસ્યાઓને દૂર કરે છે. બાળકને એલાયચીવાળુ દૂધ આપી શકો છો અથવા જમવામાં પણ 1 કે 2 એલાયચી મિક્સ કરીને આપો. એલાયચી બાળકોને આપવાથી ઉલ્ટી અને પાચન સંબંધી ઘણી સમસ્યાઓને દૂર થાય છે.

અજમો

અજમો શરીર માટે ખૂબ જ ફાયદાકારક છે. તેને ખાવાથી ખોરાક સરળતાથી પચી જાય છે. બાળકોને અજમો આપવા માટે એક બાઉલમાં 1/4 વાટકી પાણીને ઉકાળી લો. પાણીને ઉકળ્યા પછી તેમાં 1/2 ચમચીથી ઓછો અજમો ઉમેરો. પાણીને સારી રીતે ઉકાળ્યા પછી તેને ગાળીને નવશેકું પાણી બાળકને પીવડાવો. બાળકને અજમાની ચા પણ આપી શકાય છે. બાળકને અજમો મર્યાદિત માત્રામાં જ આપો.

બબુ પોચા ખાવાના અઢળક ફાયદા...

બબુ પોચા એ ખુબ જ લોકપ્રિય ફળ છે. ભારતમાં આ ફળની ખેતી ઉત્તર પ્રદેશ, પંજાબ અને કાશ્મીરમાં થાય છે. બબુ પોંચામાં રહેલ ખનીજ વિટામિન સ્વાસ્થ્ય માટે ખુબ લાભદાયી છે. તેના અઢળક ફાયદા વિષે બહુ ઓછા લોકો જાણે છે.

બબુ પોચા ખાવાથી પાચનક્રિયા સારી રહે છે. જે લોકોને જમ્યા પછી ખાધેલું પચવામાં પ્રોબ્લેમ થતો તેના માટે આ ફળ મદદરૂપ થાય છે. તેમાં ફાયબર સારી માત્રમાં હોય છે તેનાથી પાચનતંત્ર મજબૂત બને છે. તેમાંથી આયરન મળતું હોવાથી તે હિમોગ્લોબીન સારી માત્રમાં વધારી શકે છે.

આ ફળમાં વિટામિન સી પણ હોય છે જે રોગ પ્રતિકારક શક્તિ વધારવાનું કામ કરે છે. શરીરને અલગ અલગ રોગોથી લડવાની તાકાત મરે છે. તમને જો હાડકાને લગતી કોઈ સમસ્યા હોય તો આ ફળ નું સેવન ફાયદાકારક રહેશે. આમ બુરોન નામનું રાસાયણિક તત્વ મળી રહે છે જે કેલ્શિયમ લેવલને જારવી રાખવાનું કામ કરે છે.

બબુ પોચાને ખાવાથી સ્કીન પણ ચમકે છે અને બોડીને ભરપૂર એનર્જી મળે છે. શરીર ઉપર સોજો આવ્યો તો તેને ઓછો કરવામાં પણ મદદરૂપ થાય છે. તમે વધુ મહેનત વાળું કામ કર્યું અથવા કસરત કરીને આવ્યા હોય તો આનો જ્યુસ પીવાથી મસલ્સ ને આરામ મળે છે. તમે દિવસભર કામ કરીને થાક્યા હોય તો આ એક ફળ ખાઈ લો તો તણાવમુક્ત થઈ જાઓ છો.

તહેવારની મોસમમાં ઘરે બનાવો અંજીર બરફી

તહેવારની મોસમ ચાલી રહી છે, દરેકના ઘરે તહેવાર પર ગળ્યું બનાવવામાં આવે છે. તહેવાર દરમિયાન ઘણા લોકોના ઘરે બરફી બનાવવામાં આવે છે. તે ખૂબ જ સરળતાથી તૈયાર પણ થાય છે. ઘણા લોકો બરફી ઘરે બનાવે છે, પરંતુ તે બજાર જેટલી નરમ નથી બનતી. પરંતુ અમે તમને સોફ્ટ અંજીરની બરફી કેવી રીતે બનાવવી તેના વિશે જણાવીશું. જેને મોઢામાં મુકતા જ પીગળવા લાગશે. આ મીઠાઈનો સ્વાદ એવો છે કે બાળકોને પણ તે ખૂબ પસંદ આવે છે. તો ફટાફટ નોંધી લો અંજીરની બરફીની રેસિપી

સામગ્રી

175 ગ્રામ અંજીરના ટુકડા, 75 ગ્રામ બીજ વગરની ખજૂર, 50 ગ્રામ કિસમિસ, 50 ગ્રામ પિસ્તા ઝીણા સમારેલા, 50 ગ્રામ કાજુ ઝીણા સમારેલા, 50 ગ્રામ બદામ ઝીણી સમારેલી, 04 ચમચી દેશી ઘી.

અંજીરની બરફી બનાવવાની રીત

સૌથી પહેલા અંજીર, ખજૂર અને કિસમિસને મિક્સરમાં પીસીને પેસ્ટ બનાવી લો. ધ્યાન રાખો પીસતી વખતે પાણી નાખવાનું નથી. હવે પેનને ગેસ પર મૂકો તેમાં બે ચમચી દેશી ઘી ઉમેરો. ત્યારબાદ કાજુ, બદામ અને પિસ્તાને હલકા સોનેરી થાય ત્યાં સુધી સાંતળો. જે બાદ તેને એક વાસણમાં કાઢી લો. હવે આ પેનમાં ફરીથી ઘી નાખી ધીમી આંચ પર અંજીરની પેસ્ટ ઉમેરો અને સાતથી આઠ મિનિટ સુધી સાંતળો. આ પછી તેમાં શેકેલા કાજુ, બદામ અને પિસ્તા ઉમેરો. હવે ગેસ બંધ કરીને મિશ્રણને ઘી લગાવીને ગ્રીસ કરેલી થાળી અથવા ચોકીમાં કાઢો. જે બાદ તેને આખી થાળીમાં ફેલાવી દો અને બે કલાક માટે સેટ થવા દો. હવે છરી વડે તમારા મનપસંદ આકારમાં કાપો. તૈયાર છે હેલ્ધી અંજીર બરફી.

ગ્લિસરીનમાં ગુલાબજળ મિક્સ કરી લગાવવાથી ચહેરો ચમકી જશે

જ્યારે જ્યારે વાતાવરણમાં ફેરફાર થાય તો તેની અસર ત્વચા પર સૌથી પહેલા થાય છે. તેવામાં બદલતા વાતાવરણમાં ત્વચાની સંભાળ રાખવા માટે અલગ અલગ વસ્તુઓ સાથે રાખવી પડે છે. સ્કીન કે રૂટિનમાં આજ સુધી તમે અલગ અલગ વસ્તુઓનો સમાવેશ કર્યો હશે. બદલતા વાતાવરણમાં તમે ત્વચાની સંભાળ લેવા માંગો છો અને ત્વચા પર કુદરતી ગ્લો વધે તેવી ઈચ્છા ધરાવવો છો તો ગ્લિસરીનને અલગ અલગ વસ્તુઓ સાથે ઉપયોગમાં લેવાનો રાખો.

ગ્લિસરીન અને ગુલાબજળ : ત્વચા પર ડ્રાયનેસની સમસ્યા હોય તો ગ્લિસરીનમાં ગુલાબજળ મિક્સ કરી ચહેરા પર લગાડો. પાંચ મિનિટ પછી ઠંડા પાણીથી ચહેરો સાફ કરો તેનાથી ત્વચાનું મોઈશ્ચર જળવાયેલું રહેશે.

ગ્લિસરીન અને મુલતાની માટી : ત્વચા પર ડાઘ થઈ ગયા હોય તો મુલતાની માટીમાં ગ્લિસરીન ઉમેરીને ફેસપેક તૈયાર કરી તેને ચહેરા પર લગાડો. આ ફેસપેક નો ઉપયોગ કરવાથી ચહેરાના ડાઘ ધબ્બા દૂર થાય છે.

ગ્લિસરીન અને મધ : મધ અને ગ્લિસરીનનો ઉપયોગ કરવાથી ત્વચા પરના પીગમેન્ટેશનથી રાહત મળે છે. સાથે જ એકને અને ખીલથી પણ મુક્તિ મળે છે.

ગ્લિસરીન અને લીંબુ : જો ત્વચા પર ખંજવાળ ખીલ વધારે પ્રમાણમાં થઈ ગયા હોય તો ગ્લિસરીનમાં લીંબુનો રસ મિક્સ કરી ચહેરા પર અપ્લાય કરો થોડીવાર પછી તાજા પાણીથી ચહેરો સાફ કરો.

મધ-તજનું સેવન કરવું પીરિયડ્સના દુઃખાવા દરમિયાન ફાયદાકારક...

લગભગ દરેક ભારતીય ઘરોમાં તજનો ઉપયોગ મસાલા તરીકે થાય છે. તેનો ઉપયોગ ઘણા પ્રકારના નાસ્તા, વનસ્પતિ અને હર્બલ પીણાંમાં થાય છે. પરંતુ તજ અને મધનો ઉપયોગ કરવાથી પીરિયડ્સ દરમિયાન થતા દુખાવામાં ઘણી રાહત મળે છે. પીસીઓએસની સમસ્યા અને મેનોપોઝ દરમિયાન થતી સમસ્યાઓને દૂર કરવા માટે મહિલાઓ પણ તજનું સેવન કરી શકે છે.

તજમાં મેગ્નેશિયમ, આયર્ન, ફોસ્ફરસ, કાર્બોહાઈડ્રેટ્સ, પ્રોટીન, કેલ્શિયમ, મેંગેનીઝ, કોપર, ઝિંક, વિટામિન્સ, નિયાસિન, થિયામીન અને લાઈકોપીન જેવા પોષક તત્વો મળી આવે છે. આ તમામ પોષક તત્વો તમારા શરીરને મજબૂત બનાવવામાં મદદરૂપ સાબિત થઈ શકે છે. મહિલાઓ માટે તજ ખૂબ જ ફાયદાકારક સાબિત થઈ શકે છે. આ પોષક તત્વો તમારી રોગપ્રતિકારક શક્તિને પણ મજબૂત બનાવે છે. આ તમારી ઘણી સમસ્યાઓનું નિરાકરણ લાવી શકે છે.

પીરિયડ્સમાં ઘણી સ્ત્રીઓને ભારે દર્દ અને પેટ સંબંધિત સમસ્યાઓનો પણ સામનો કરવો પડે છે. આવી સ્થિતિમાં તજમાં રહેલા ફાઈબર, પોટેશિયમ અને અન્ય પોષક તત્વો આ સમસ્યાઓને દૂર કરી શકે છે. આ માટે તમે તજનું પાણી પી શકો છો.

આ રીતે કરો ઉપયોગ

- તજનું પાણી બનાવવા માટે તમે તજને આખી રાત પલાળીને રાખી શકો છો. આ સિવાય તમે તજને પાણીમાં 10 મિનિટ ઉકાળીને પી શકો છો.
- પીરિયડ્સના દુખાવા દરમિયાન તજ પાવડર અને મધનું સેવન કરી શકાય છે. આ ખૂબ જ આરામદાયક હોઈ શકે છે.
- પેટ સંબંધિત સમસ્યાઓથી છુટકારો મેળવવા માટે તમે તજ અને લીંબુ પાણી પી શકો છો.
- આ સિવાય તમે તજ અને ગોળની પેસ્ટ પણ ખાઈ શકો છો. તેનાથી ગળાની સમસ્યામાં રાહત મળે છે.

ભારતીય ફૂટબોલ ટીમના ખેલાડીઓની પસંદગી કોચે નહીં પણ જ્યોતિષે કરી!

ગુજરાત | વંદન

ફૂટબોલનો ક્રેઝ માત્ર દેશમાં જ નહીં પરંતુ સમગ્ર વિશ્વમાં જોવા મળે છે. ટીમમાં કયા ખેલાડીને તક આપવી જોઈએ અને કોને ટીમમાંથી બહારનો રસ્તો બતાવવો જોઈએ. આ નિર્ણય લેવાનું કોઈ પણ ટીમના કોચના હાથમાં રહેલુ છે પરંતૂ જો ખેલાડીના ફિટનેસને નહીં પણ કુંડલીને ધ્યાનમાં રાખીને ખેલાડીઓની પસંદગી કરવામાં આવે તો?

ટીમમાં સામેલ થવા માટે ફિટનેસની સાથે ખેલાડીઓના ગ્રહો અને નક્ષત્રો પણ યોગ્ય હોવા જોઈએ. એક નામી મીડિયાના અહેવાલ અનુસાર, ભારતીય ફૂટબોલ ટીમના કોચ ઈગોર સ્ટીમેકે ગયા વર્ષે ઘણી મેચો માટે ટીમમાં ખેલાડીઓની પસંદગી કરવા વ્યાવસાયિક જ્યોતિષી ભૂપેશ શર્માની મદદ લીધી હતી. એટલું જ નહીં, જ્યોતિષીએ ખેલાડીઓને ગ્રહો અને નક્ષત્રો યોગ્ય સ્થિતિમાં હોય તો ભારતીય ફૂટબોલ ટીમમાં રમવાની તક આપી હતી.

રિપોર્ટ અનુસાર, ગયા વર્ષે જૂનમાં એશિયન કપ ક્વોલિફાયરમાં

અફઘાનિસ્તાન સામેની મેચના 48 કલાક પહેલા ટીમના કોચ સ્ટીમેકે 11 ખેલાડીઓના નામની યાદી જ્યોતિષ ભૂપેશ શર્માને મોકલી હતી.

એવી માહિતી પણ છે કે, જ્યોતિષીએ કેટલાક ખેલાડીઓના નામ સામે ટિપ્પણી પણ કરી હતી. ખેલાડીઓની પસંદગીની સાથે સાથે જ્યોતિશીએઆ લિસ્ટમાં ખેલાડીઓની નામની સામે કમેન્ટ કે માર્ક પણ કર્યું હતુ કે, કોણ સારું પ્રદર્શન કરશે અને કોણ નહીં? આ સિવાય ટીમમાં કોને સામેલ કરવા જોઈએ તે ખેલાડીઓને ઓળખવા માટે રેડ સિગ્નલનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

આ રિપોર્ટ અનુસાર, દરેક મેચ પહેલા સ્ટીમેકે ટીમને ફાઈનલ કરતા પહેલા જ્યોતિષી પાસેથી માહિતી માંગી હતી અને ઈજાગ્રસ્ત અને સબ્સિટ્યૂટ પ્લેયર અંગેની રણનીતિ પણ શેર કરી હતી.

આટલું જ નહીં AIFFના તત્કાલીન જનરલ સેક્રેટરી કુશલ દાસે કોચ સ્ટીમેક અને એસ્ટ્રોલોજર ભૂપેશ વચ્ચે મીટિંગની વ્યવસ્થા કરી હતી. દાસે કહ્યું કે, "અમે ટીમના ખેલાડીઓની પસંદગીમાં બે મહિના માટે એસ્ટ્રોલોજર ભૂપેશ શર્માની મદદ લીધી હતી. આ સિવાય લગભગ 12થી 15 લાખ રૂપિયાની ચુકવણી પણ કરવામાં આવી હતી.

વન-ડેમાં 10 હજાર રન પૂરા કરનાર રોહિત છઠ્ઠો ભારતીય ખેલાડી

ગુજરાત | વંદન

શ્રીલંકાના કોલંબોના આર કે પ્રેમદાસા સ્ટેડિયમમાં રમાઈ રહેલી શ્રીલંકા સામેની એશિયા કપની મેચમાં ભારતીય કેપ્ટન રોહિત શર્માએ મોટી ઉપલબ્ધિ મેળવી છે. રોહિત શર્માએ વનડે ઈન્ટરનેશનલમાં તેના 10,000 રન પૂરા કર્યાં છે. રોહિત વનડે ઈન્ટરનેશનલમાં દસ હજાર રન પૂરા કરનાર છઠ્ઠો ભારતીય બેટર છે. રોહિતે કાસુન રાજિથાની બોલ પર સિક્સ ફટકારીને આ ઉપલબ્ધિ હાંસલ કરી.

રોહિતે 241 ઈનિંગમાં 10,000 રન પૂરા કર્યાં છે. સૌથી ઝડપી 10,000 રન પુરા કરવાના મામલે રોહિત કોહલી પછી બીજા નંબરે આવે છે. કોહલીએ 205 ઈનિંગમાં 10 હજાર રન પૂરા કર્યાં છે. આ લિસ્ટમાં સચિન તેંડુલકર ત્રીજા નંબરે છે સચિન 259 ઈનિંગમાં 10,000 રન પૂરા કર્યાં હતા.

રોહિત શર્માએ અત્યાર સુધી 248 વનડે આંતરરાષ્ટ્રીય મેચ રમી છે. આ 248 મેચની 241 ઈનિંગમાં રોહિત શર્માએ 10025 રન બનાવ્યા છે. રોહિત શર્માના નામે વનડે ફોર્મેટમાં 30 સદી છે. આ સિવાય રોહિત શર્માએ 50 વખત 50નો આંકડો પાર કર્યો છે. રોહિત શર્મા ઈતિહાસમાં એકમાત્ર બેટર છે, જેણે વનડે ફોર્મેટમાં 3 વખત બેવડી સદી ફટકારી છે.

વનડેમાં 10 હજાર રન બનાવનાર ભારતીય બેટર

- 18426- સચિન તેંડુલકર
- 13024- વિરાટ કોહલ
- 11363- સૌરવ ગાંગુલી
- 10889- રાહુલ દ્રવિડ
- 10773- મહેન્દ્ર સિંહ ધોની
- 10000- રોહિત શર્મા

ઇન્ટરનેશનલ હોકી ફેડરેશને પાકિસ્તાનને આપ્યો ઝટકો

પાકિસ્તાન પાસેથી હોકી ઓલિમ્પિક ક્વોલિફાયરની યજમાની પરત ખેંચી

ગુજરાત | વંદન

ઈન્ટરનેશનલ હોકી ફેડરેશન (FIH) એ પાકિસ્તાન હોકી ફેડરેશન (PHF)ને મોટો ઝટકો આપ્યો છે. ઈન્ટરનેશનલ હોકી ફેડરેશને પાકિસ્તાન હોકી ફેડરેશન પાસેથી ઓલિમ્પિક ક્વોલિફાઈંગ ટુર્નામેન્ટની યજમાની કરવાનો અધિકાર પાછો ખેંચી લીધો છે. હોકી ઓલિમ્પિક ક્વોલિફાયર ટૂર્નામેન્ટ આવતા વર્ષે જાન્યુઆરીમાં પાકિસ્તાનમાં યોજાવાની હતી, પરંતુ પીએચએફ અને પાકિસ્તાન સ્પોર્ટ્સ બોર્ડ (પીએસબી) વચ્ચેના ઝઘડાને કારણે ઈન્ટરનેશનલ હોકી ફેડરેશને પાકિસ્તાન પાસેથી યજમાનીના અધિકારો પાછા ખેંચી લીધા હતા.

પાકિસ્તાન હોકી ફેડરેશનના એક સૂત્રએ કહ્યું, "અમારા યજમાની અધિકારો પાછા ખેંચીને, ઈન્ટરનેશનલ હોકી ફેડરેશન એ સ્પષ્ટ કરી દીધું છે કે સ્પોર્ટ્સ બોર્ડ અને સરકાર ઈવેન્ટની સફળ યજમાની માટે પાકિસ્તાન હોકી ફેડરેશનને સહકાર આપવા તૈયાર નથી." ઈન્ટરનેશનલ હોકી ફેડરેશનનો નિર્ણય પાકિસ્તાન હોકી માટે આ એક મોટો ફટકો છે, જેને એક દાયકા કરતાં વધુ સમય બાદ આંતરરાષ્ટ્રીય કાર્યક્રમનું આયોજન કરવાનો અધિકાર મળ્યો હતો.

પાકિસ્તાન હોકી ફેડરેશને પહેલા જ કહ્યું હતું કે, ઓલિમ્પિક ક્વોલિફાયર જાન્યુઆરીમાં લાહોરમાં યોજાશે. પીએચએફમાં દખલ કરવાના પાકિસ્તાન સ્પોર્ટ્સ બોર્ડના પ્રયાસોથી અરાજકતાની સ્થિતિ સર્જાઈ છે. સરકારના આંતર-પ્રાંતીય સંકલન મંત્રાલય અને પાકિસ્તાન હોકી ફેડરેશન દ્વારા પ્રોત્સાહિત થયેલા ઘણા ભૂતપૂર્વ ઓલિમ્પિકનો પીએચએફમાં બળવો કરવાનો પ્રયાસ કરી રહ્યા છે.

મહિલા ટેનિસ ખેલાડી માર્ગારેટ કોર્ટની બરાબરી કરી

નોવાક જોકોવિચ મેન્સ સિંગલ્સમાં 24 ગ્રાન્ડ સ્લેમ જીતનાર એકમાત્ર ખેલાડી

ગુજરાત | વંદન

સર્બિયાના સ્ટાર ટેનિસ ખેલાડી નોવાક જોકોવિચે યુએસ ઓપનમાં ડેનિલ મેદવેદેવને હરાવીને 24મું ગ્રાન્ડસ્લેમ જીત્યું હતું. જોકોવિચે સૌથી વધુ ગ્રાન્ડસ્લેમ જીતવા મામલે સેરેના વિલિયમ્સ (23) ને પછાડીને ઓસ્ટ્રેલિયાની પૂર્વ નંબર-1 સ્ટાર ખેલાડી માર્ગરેટ કોર્ટની બરાબરી કરી લીધી છે. આ તેના કરિયરનો ચોથો યૂએસ ઓપન ખિતાબ છે. જોકોવિચ આ પહેલા 2011, 2015 અને 2018માં યુએસ ઓપન મેન્સ સિંગલ્સમાં ચેમ્પિયન રહી ચુક્યો છે.

2021માં જ્યારે અંતિમ વખત જોકોવિચ યુએસ ઓપનની ફાઈનલમાં પહોંચ્યો હતો ત્યારે મેદવેદેવે તેને હરાવીને ટાઈટલ પોતાના નામે કર્યું હતું. એવામાં આ સર્બિયન ખેલાડી બદલાના મૂડમાં મેદાનમાં ઉતર્યો હતો. જોકોવિચે આસાનીથી પ્રથમ સેટને 6-3થી પોતાના નામે કર્યો હતો. તે બાદ મેદવેદેવ બીજા સેટમાં ટક્કર આપતો જોવા મળ્યો હતો જોકે, ટાઈ બ્રેકરમાં____જોકોવિચે બાજી

મારી લીધી હતી અને આ સેટ પણ તેને 7-6 (5)થી પોતાના નામે કરી લીધો હતો. તે બાદ ત્રીજા સેટમાં મેદવેદેવ જોકોવિચની આસપાસ પણ જોવા મળ્યો નહતો. સર્બિયાના સ્ટાર ખેલાડી જોકોવિચે અંતિમ સેટ 6-3થી પોતાના નામે કરીને 24મોં ગ્રાન્ડસ્લેમ જીત્યો હતો.

નોવાક જોકોવિચ 24માં ગ્રાન્ડસ્લેમ સાથે મેન્સ સિંગલ્સમાં સૌથી વધુ ટાઈટલ જીતનાર ખેલાડી છે પણ ઓલ ઓવર તેને ઈતિહાસ રચવા માટે વધુ એક ગ્રાન્ડસ્લેમ જીતવું પડશે. આ 24માં ખિતાબ સાથે તેને માર્ગરેટ કોર્ટની બરાબરી કરી લીધી છે, જેને મહિલા સિંગલ્સમાં રેકોર્ડ 24માં ટાઈટલ જીત્યા હતા. એવામાં હવે જોકોવિચ આવતા વર્ષે ઓસ્ટ્રેલિયન ઓપનમાં જ 25મોં ગ્રાન્ડસ્લેમ જીતીને આ રેકોર્ડ પોતાના નામે કરવા માંગશે.

ચાઈનામેન બોલરે રચ્યો ઈતિહાસ

કુલદીપ યાદવ સૌથી ઝડપી 150 વિકેટ લેનાર લેફ્ટ આર્મ સ્પિનર બન્યો

ગુજરાત | વંદન

એશિયા કપ 2023ના સુપર-4માં બીજી મેચ ભારતીય ટીમ અને શ્રીલંકા વચ્ચે રમાઈ હતી. આ મેચમાં કુલદીપ યાદવે શાનદાર બોલિંગ કરી હતી. આ સાથે તેણે વનડેમાં મોટી સિદ્ધિ પણ પ્રાપ્ત કરી લીધી છે.

ભારતીય ટીમના લેફ્ટ આર્મ સ્પિનર કુલદીપ યાદવે શ્રીલંકા સામે 9.3 ઓવરમાં 43 રન આપીને 4 વિકેટ ઝડપી હતી. શાનદાર ફોર્મમાં ચાલી રહેલા કુલદીપે પાકિસ્તાન સામે પણ જબરદસ્ત બોલિંગ કરી હતી અને તે મેચમાં 5 વિકેટ લીધી હતી. શ્રીલંકા સામે 4 ચાર વિકેટ લેતાની સાથે જ કુલદીપે વનડેમાં 150 વિકેટ પણ પૂરી કરી હતી. તેણે આ સિદ્ધિ 88 મેચોમાં પ્રાપ્ત કરી હતી. અ સાથે જ તે વનડેમાં સૌથી ઝડપી 150 વિકેટ લેનાર લેફ્ટઆર્મ સ્પિનર પણ બની ગયો છે. આ પહેલા આ રેકોર્ડ બાંગ્લાદેશના ખેલાડી અબ્દુર રઝાકના નામે હતો. રઝાકે 108 વનડેમાં આ કારનામું કર્યું હતું.

ઓવર ઓલ સ્પિનર્સના કુલદીપ ચોથા નંબરે છે. તે

વનડેમાં સૌથી ઝડપી 150 વિકેટ લેનાર સ્પિનર

- સકલેન મુશ્તાક - 78 મેચમાં
- રાશિદ ખાન - 80 મેચમાં
- અજંતા મેન્ડિસ - 84 મેચમાં
- કુલદીપ યાદવ - 88 મેચમાં
- ઈમરાન તાહિર - 89 મેચમાં

વનડેમાં સૌથી ઝડપી 150 વિકેટ પૂરી કરનાર ચોથો સ્પિનર છે. આ લિસ્ટમાં પહેલા નંબરે પાકિસ્તાની ખેલાડી સકલેન મુશ્તાક છે. મુશ્તાકે 78 મેચોમાં 150 વિકેટ લીધી હતી. અફઘાનિસ્તાનના રાશિદ ખાન 80 મેચો સાથે બીજા નંબરે, શ્રીલંકાના અજંતા મેંડિસ 84 મેચો સાથે ત્રીજા નંબરે છે. કુલદીપ યાદવ ભારત તરફથી વનડેમાં બીજો સૌથી ઝડપી 150 વિકેટ લેનાર બોલર છે. આ લિસ્ટમાં ટોપ પર મોહમ્મદ શમી છે. શમીએ 80 મેચોમાં અ સિદ્ધિ હાંસલ કરી હતી.

19 સપ્ટે.થી ચીનના હાંગઝોઉમાં એશિયન ગેમ્સનો પ્રારંભ

એશિયન ગેમ્સ-2023 માટે ભારતીય ફૂટબોલ ટીમનું એલાન

ગુજરાત | વંદન

19 સપ્ટેમ્બરથી ચીનના હાંગઝોઉમાં એશિયન ગેમ્સનો પ્રારંભ થવા જઈ રહ્યો છે. ત્યારે આ માટે ભારતીય ફૂટબોલની જાહેરાત કરાઈ છે. જેમાં ટીમમાં 17 ખેલાડીઓને ટીમનો હિસ્સો બનાવવામાં આવ્યા છે. નોંધનીય છે કે ઓલ ઈન્ડિયા ફૂટબોલ ફેડરેશન દ્વારા અગાઉ પણ એશિયન ગેમ્સ માટે ટીમ જાહેર કરાઈ હતી. જોકે બાદમાં ટીમોએ ઈન્ડિયન સુપર લીગમાં રમી રહેલા ખેલાડીઓને છોડવાનો ઈન્કાર કર્યો હતો. જેને લઈને હવે AIFFએ નવી ફૂટબોલ ટીમની જાહેરાત કરી છે. જેમાં યુવાનોને તક મળી છે.

બીજી તરફ કલ્યાણ ચૌબેએ કહ્યું કે ભારતીય ફૂટબોલ ટીમ 9 વર્ષ બાદ એશિયન ગેમ્સનો હિસ્સો બનવા જઈ રહી છે. ભારત સરકાર અને ખાસ કરીને રમત મંત્રાલય તરફથી મળેલા સમર્થનને કારણે જ આ શક્ય બન્યું હોવાનું તેમણે અંતમાં તેઓએ જણાવ્યું હતું. વધુમાં ભારતીય ટીમ સારૂ પ્રદર્શન કરે તેવો આશાવાદ વ્યક્ત કર્યો હતો.

ફૂટબોલના ખેલાડીઓમાં ગુરમીત સિંહ, ધીરજ સિંહ મોઈરાંગથેમ, સુમિત રાઠી, નરેન્દ્ર ગેહલોત, અમરજીત સિંહ કિયામ, સેમ્યુઅલ જેમ્સ, રાહુલ કેપી, અબ્દુલ રબીહ અંજુકંદન, આયુષ દેવ છેત્રી, બ્રાઈસ મિરાન્ડા, અઝફર નુરાની, રહીમ અલી, વિન્સી બેરેટો, સુનીલ છેત્રી, રોહિત દાનુ, ગુરકીરત સિંઘ, અનિકેત જાધવને સ્થાન મળ્યું છે.

વન-ડે ક્રિકેટમાં વિરાટનો 'વિરાટ' રેકોર્ડ

કોહલી વન-ડેમાં સૌથી ઝડપી 13 હજાર રન બનાવનાર ખેલાડી બન્યો

ગુજરાત | વંદન

એશિયા કપ 2023ના સુપર-4માં રિઝર્વ ડે પર ભારત- પાકિસ્તાન વચ્ચે મુકાબલો ખેલાયો હતો. જેમાં વિરાટ કોહલીએ પાકિસ્તાન સામે ધમાકેદાર સદી ફટકારી હતી. આ સદી ફટકારતા જ કોહલીએ વન-ડે કરિયરમાં સૌથી ઝડપી 13 હજાર રન પૂરા કરનાર બેટ્સમેન બની ગયો છે.

કોલંબોના આર. પ્રેમદાસા સ્ટેડિયમમાં વરસાદ બાદ કોહલી અને રાહુલે આક્રમક સેન્ચુરી ફટકારી હતી. કોહલીએ તેની આંતરરાષ્ટ્રીય કારકિર્દીની 77મી સદી અને વન-ડેમાં 47મી સદી પૂરી કરી છે. કોહલીએ 94 બોલમાં અણનમ 122 રન બનાવ્યા જેમાં 9 ચોગ્ગા અને ત્રણ છગ્ગાનો સમાવેશ થાય છે.

આ ઈનિંગ દરમિયાન કોહલી વન-ડે ઈન્ટરનેશનલમાં સૌથી ઝડપી 13 હજાર રન પૂરા કરનાર ખેલાડી બની ગયો છે. કોહલીએ આ મામલે ભારતીય ટીમના પૂર્વ દિગ્ગજ ક્રિકેટર સચિન તેંડુલકરનો રેકોર્ડ તોડ્યો છે. તેંડુલકરે 321 ઈનિંગ્સમાં 13 હજાર રન પૂરા કર્યા હતા. જ્યારે વિરાટે માત્ર 267 ઈનિંગ્સમાં 13000 હજાર રન બનાવી લીધા છે.

જો કે, એક અદ્ભુત સંયોગ એ છે કે 'ક્રિકેટના ભગવાન' સચિન તેંડુલકરે પણ પાકિસ્તાન સામે 16 માર્ચ 2004ના રોજ રાવલપિંડીમાં 330 મેચોની 321મી

ઈનિંગમાં 13 હજાર રન પૂરા કર્યા હતા. આ મેચમાં સચિને 141 રનની ધમાકેદાર ઈનિંગ રમી હતી. જેના કારણે ભારતે પાકિસ્તાનને 12 રને હરાવ્યું હતું. વિરાટે પણ પાકિસ્તાન સામેની મેચમાં સદી ફટકારીને 13 હજાર રન પૂરા કર્યા છે. કોહલી અને સચિન સિવાય માત્ર રિકી પોન્ટિંગ, સનથ જયસૂર્યા અને કુમાર સંગાકારા જ વન-ડે ઈન્ટરનેશનલમાં 13 હજાર રન પૂરા કરી શક્યા હતા.®

એશિયા કપ રમી ચૂકેલા 4 ખેલાડીઓ ટીમમાંથી આઉટ

વન-ડે વર્લ્ડ કપ માટે ટીમ અફઘાનિસ્તાનનું એલાન

ગુજરાત | વંદન

ભારતમાં રમાનાર વન-ડે વર્લ્ડ કપ માટે અફઘાનિસ્તાનની ટીમની જાહેરાત કરવામાં આવી છે. અફઘાન બોર્ડે ટીમની કમાન હશમતુલ્લાહ શાહિદીને સોંપી છે. બોર્ડે વર્લ્ડ કપ અભિયાન માટે ટીમમાં મોટા ફેરફારો કર્યા છે. એશિયા કપ રમી ચૂકેલા 4 ખેલાડીઓને ટીમમાંથી બહાર કરવામાં આવ્યા છે, જ્યારે 3 નવા ચહેરાઓને સ્થાન આપવામાં આવ્યું છે.

હશમતુલ્લાહ શાહિદીને વર્લ્ડ કપ માટે ટીમની આગેવાની સોંપવામાં આવી છે. એશિયા કપ રમી ચૂકેલા 4 ખેલાડીઓને આ ટીમમાંથી બહાર કરવામાં આવ્યા છે, જ્યારે 3 નવા ખેલાડીઓને વર્લ્ડ કપની ટિકિટ મળી છે.

ડ્રોપ કરાયેલા ખેલાડીઓના નામ ગુલબદ્દીન નાઈબ, ફરીદ અહેમદ, શરાફુદ્દીન અશરફ, કરીમ જનાત અને મોહમ્મદ સલીમ છે. તેમાંથી ગુલબદ્દીન, ફરીદ અને શરાફુદ્દીન ટીમના ત્રણ રિઝર્વ ખેલાડીઓ છે. જ્યારે નવા ચહેરાઓમાં ઈકરામ અલી ખિલ, નૂર અહેમદ અને નવીન-ઉલ-હકનો સમાવેશ થાય છે. અફઘાનિસ્તાનની ટીમ 7 ઓક્ટોબરથી ધર્મશાલામાં બાંગ્લાદેશ સામે તેના વર્લ્ડ કપ અભિયાનની શરૂઆત કરશે. વર્લ્ડ કપ 5 ઓક્ટોબરથી શરૂ થશે.

વર્લ્ડ કપ માટે અફઘાનિસ્તાનની ટીમ | હશમતુલ્લાહ શાહિદી (કેપ્ટન), ઈબ્રાહિમ ઝદરાન, રહેમાનુલ્લાહ ગુરબાઝ (વિકેટકીપર), રહમત શાહ, નજીબુલ્લાહ ઝદરાન, મોહમ્મદ નબી, ઈકરામ અલી ખિલ, રિયાઝ હસન, અબ્દુલ્લા ઓમરઝાઈ, રાશિદ ખાન, અબ્દુલ રહેમાન, નાબર અહેમદ, મુજીબ ઉર રહેમાન, ફઝલહક ફારૂકી અને નવીન-ઉલ-હક.

વર્લ્ડકપ પહેલા નિવૃત્તિ પરત લેતા જ બેન સ્ટોક્સે 182 રનની વિક્રમી ઈનિંગ રમી

ગુજરાત | વંદન

ભારતમાં 5 ઓક્ટોબરથી ક્રિકેટના મહાકુંભ વર્લ્ડકપનો આરંભ થવાનો છે. ત્યારે 2019 વર્લ્ડકપના હિરો બેન સ્ટોક્સે વર્લ્ડકપ રમવા માટે વન-ડે ક્રિકેટમાંથી નિવૃત્તિ પરત લીધી અને ટીમમાં પરત ફર્યો છે. ત્યારે વર્લ્ડકપ પહેલા ન્યૂઝીલેન્ડ સામે વન-ડે સિરીઝ રમાઈ રહી છે. જેમાં બેન સ્ટોક્સે ત્રીજી વન-ડે મેચમાં આક્રમક સેન્ચુરી ફટકારીને ઈતિહાસ રચી દીધો છે. સ્ટોક્સે 124 બોલમાં 15 ચોગ્ગા અને 9 છગ્ગાની મદદથી 182 રનની ઈનિંગ રમી હતી. જોકે, બેવડી સદી મારવાથી સ્ટોક્સ ચૂકી ગયો હતો.

ઈંગ્લેન્ડના ઓલ રાઉન્ડર ખેલાડી સ્ટોક્સ એક ઈનિંગ્સમાં સૌથી વધુ રન કરનાર ઈંગ્લીશ ખેલાડી બની ગયો છે. સ્ટોક્સે વન ડે ફોર્મેટમાંથી નિવૃત્તિ જાહેર કરી હતી પરંતુ ગત મહિને નિવૃત્તિ પાછી ખેંચીને આ કમાલ કરી હતી. આ સાથે જ તેમણે જેસન રોયનો ૧૮૦ રનની ઈનિંગ્સનો રેકોર્ડ તોડયો છે. જેસન રોયે ૨૦૧૮માં ઓસ્ટ્રેલિયા વિરુદ્ધ વધુ રનનો વિક્રમ સર્જયો હતો.

ટોસ હાર્યા બાદ પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી ઈંગ્લેન્ડની ટીમની શરુઆત ખૂબજ નબળી રહી હતી. જોની બેયરસ્ટો શૂન્ય જયારે જો રુટ ૪ રને આઉટ થયા હતા. ત્યાર પછી ડેવિડ મિલાન અને સ્ટોક્સે મોરચો સંભાળ્યો હતો. બંને ત્રીજી વિકેટ માટે ૧૯૯ રનની પાર્ટનરશીપ કરી હતી. ડેવિડ મિલાન ૯૬ રને બોલ્ટનો શિકાર બન્યો હતો.

ઉલ્લેખનીય છે કે, ઈંગ્લેન્ડે 48.1 ઓવરમાં 368 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. 369 રનના ટાર્ગેટની પીછો કરવા ઉતરેલી ન્યૂઝીલેન્ડની ટીમ 187 રનમાં જ સમેટાઈ ગઈ હતી. પરિણામે ઈંગ્લેન્ડનો 181 રનથી વિજય થયો હતો.

વન-ડે વર્લ્ડકપ માટે કીવી ટીમનું એલાન

કેન વિલિયમસન વર્લ્ડ કપમાં ન્યૂઝીલેન્ડ ટીમનો ફરી કેપ્ટન

ગુજરાત | વંદન

ભારતમાં 5 ઓક્ટોબરથી શરૂ થનારા વન-ડે વર્લ્ડ કપ માટે ન્યૂઝીલેન્ડની ટીમની જાહેરાત કરવામાં આવી છે. ન્યૂઝીલેન્ડ ક્રિકેટ બોર્ડે ખેલાડીઓના પરિવાર દ્વારા ટીમની જાહેરાત કરી છે. બોર્ડે તેના સત્તાવાર સોશિયલ મીડિયા એકાઉન્ટ પર તેનો વીડિયો પોસ્ટ કર્યો છે. ટીમની કેપ્ટનશિપ ઈજામાંથી પરત ફરી રહેલા કેન વિલિયમસન પાસે રહેશે. ભારતમાં રમાનારો વન-ડે વર્લ્ડ કપ 5 ઓક્ટોબરથી શરૂ થઈ રહ્યો છે. છેલ્લી વખતની રનર અપ ન્યૂઝીલેન્ડની ટીમનો પ્રથમ મુકાબલો ડિફેન્ડિંગ ચેમ્પિયન ઈંગ્લેન્ડ સામે 5 ઓક્ટોબરે અમદાવાદમાં થશે.

વર્લ્ડ કપ માટે ન્યૂઝીલેન્ડની ટીમ કેન વિલિયમસન (કેપ્ટન), ટ્રેન્ટ બોલ્ટ, માર્ક

ચેપમેન, ડેવોન કોનવે, લોકી ફર્ગ્યુસન, મેટ હેનરી, ટોમ લાથમ (વાઈસ-કેપ્ટન, વિકેટકીપર), ડેરીલ મિચેલ, જિમી નીશમ, ગ્લેન ફિલિપ્સ, રચિન રવીન્દ્ર, મિચેલ સેન્ટનર, ઈશ સોઢી, ટિમ સાઉથી અને વિલ યંગ.

નોંધનીય છે કે, ઈન્ડિયા, ઓસ્ટ્રેલિયા, સાઉથ આફ્રિકા, ઈંગ્લેન્ડ સહિતની ટીમોએ ટીમની જાહેરાત કરી દીધી છે. ત્યારે હવે ન્યૂઝીલેન્ડ ક્રિકેટ બોર્ડે પણ પોતાની ટીમની જાહેરાત કરી દીધી છે.

પીએમ મોદી આજે નવી સંસદ પર તિરંગો ફરકાવશે

કેન્દ્ર સરકારે સંસદના 'વિશેષ સત્ર'નો એજન્ડા કર્યો જાહેર

ગુજરાત | વંદન

કેન્દ્ર સરકારે 18 થી 22 સપ્ટેમ્બર સુધી સંસદના વિશેષ સત્રનો પ્રસ્તાવિત એજન્ડા જાહેર કરી દીધો છે. આ અંગે માહિતી શેર કરતાં સરકારે જણાવ્યું કે સત્રના પ્રથમ દિવસે લોકસભા અને રાજ્યસભામાં 75 વર્ષમાં સંસદની યાત્રા પર ચર્ચા થશે. આ દરમિયાન બંધારણ સભાને લઈને આજ સુધીની સંસદીય યાત્રા અંગે ચર્ચા કરાશે. જ્યારે સત્ર દરમિયાન ચાર બિલ પણ રજૂ કરાશે. વડાપ્રધાન મોદી પોતાના જન્મદિવસ પર નવી સંસદ પર તિરંગો ફરકાવશે.

પોસ્ટ ઓફિસ બિલ 2023 અને મુખ્ય ચૂંટણી કમિશનર અને અન્ય ચૂંટણી કમિશનરોની નિમણૂક સંબંધિત બિલ રાજ્યસભામાં વિશેષ સત્રમાં રજૂ કરવામાં આવશે. બંને બિલ રાજ્યસભામાં રજૂ થયા બાદ લોકસભામાં રજુ કરવામાં આવશે.

એડવોકેટ્સ એમેન્ડમેન્ટ બિલ 2023 અને પ્રેસ એન્ડ રજિસ્ટ્રેશન ઑફ પીરિયોડિકલ બિલ 2023 લોકસભામાં રજૂ કરવામાં આવશે. આ બંને બિલો ચોમાસુ સત્ર દરમિયાન 3 ઓગસ્ટના રોજ રાજ્યસભા દ્વારા પસાર કરવામાં આવ્યા હતા. આ પછી, તેમને 4 ઓગસ્ટે લોકસભામાં રજૂ કરવામાં આવ્યા હતા, પરંતુ મણિપુર મુદ્દે વિપક્ષના હોબાળાને કારણે આ બિલો પસાર થઈ શક્યા ન હતા.

મોદી સરકાર દ્વારા બોલાવવામાં આવેલા આ પાંચ દિવસીય વિશેષ સત્રના એજન્ડાને લઈને વિપક્ષ સતત સવાલો ઉઠાવી રહ્યો હતો. કોંગ્રેસ દ્વારા સરકારને નિશાન બનાવવામાં આવી રહી હતી. વિપક્ષે માંગ કરી હતી કે સરકાર એજન્ડા જાહેર કરે. હવે મોદી સરકારે આ અંગેનો પ્રસ્તાવિત એજન્ડા બહાર પાડ્યો છે. કારણ કે, એવી અટકળો હતી કે વિશેષ સત્ર દરમિયાન સરકાર 'એક રાષ્ટ્ર, એક ચૂંટણી' અને દેશનું નામ INDIAથી બદલીને ભારત કરવાનો પ્રસ્તાવ લાવી શકે છે.

દેશની તાકાતમાં થશે પ્રચંડ વધારો

સ્પેનથી આવી રહ્યું છે 'C-295', 40 વિમાનોનું ઉત્પાદન વડોદરામાં થશે

ગુજરાત | વંદન

દેશની તાકાતમાં આજે પ્રચંડ વધારો થયો છે. કારણકે ભારતને આજે પ્રથમ C-295 ટેક્ટિકલ મિલિટરી એર લિફ્ટ પ્લેન મળવા જઈ રહ્યું છે. સ્પેનના સેવિલે પ્લાન્ટમાં તૈયાર થયેલ C-295ને ભારત લાવવા વાયુસેનાના વડા એર ચીફ માર્શલ વીઆર ચૌધરી સ્પેન પહોંચ્યા હતા. હાલ C-295 ટેક્ટિકલ મિલિટરી એર લિફ્ટ પ્લેનને આગ્રા એરબેઝમાં તૈનાત કરાશે. દેશમાં લવાયેલ આ પ્રથમ એરક્રાફ્ટનું હિંડન એરબેઝ ઈન્ડક્શન કરવામાં આવશે.

જ્યારે મે 2024માં બીજું C-295 એર લિફ્ટ પ્લેન દેશને મળે તેવા સંજોગો વર્તાઈ રહ્યા છે. ખાસ વાત એ પણ જાણવા મળી રહી છે કે લગભગ 56 એરક્રાફ્ટ લાવવાનું આયોજન ચાલી રહ્યું છે. એવું પણ જાણવા મળી રહ્યું છે કે 16 તૈયાર એરક્રાફ્ટ આવશે અને 40 એરક્રાફ્ટનું ગુજરાતના વડોદરામાં નિર્માણ કરવામાં આવી શકે છે. ટાટા એડવાન્સ સિસ્ટમ કંપની 2024 થી તેને તૈયાર કરશે. હાલમાં તેની અંતિમ એસેમ્બલી લાઈનનું કામ પ્રગતિ હેઠળ છે. જે 2026માં તૈયાર થઈ જશે. એરબસ અને ટાટાના હૈદરાબાદ અને નાગપુર પ્લાન્ટમાં 14,000 થી વધુ સ્વદેશી ભાગો તૈયાર કરી અને અંતિમ એસેમ્બલિંગ માટે વડોદરા મોકલવામાં આવશે.

મુંબઈની આઈકોનિક ડબલ ડેકર લાલ બસોને આ સપ્તાહમાં ભાવભીની વિદાય

ગુજરાત | વંદન

આઠ દાયકાથી મુંબઈની આગવી ઓળખ બની ચૂકેલી આઈકોનિક ડબલ ડેકર લાલ બસો આ ૧૫મી સપ્ટેમ્બરથી માર્ગો પર દોડતી બંધ થઈ છે. હાલ બેસ્ટના કાફલામાં મુંબઈ દર્શન માટે ઉપયોગમાં લેવાતી ત્રણ ઓપન ડેક બસો સહિત માત્ર સાત ડબલ ડેકર જ હયાત છે. આ તમામ બસો તેનું આયુષ્ય પૂર્ણ કરી ચૂકી હોવાથી તેને પાછી ખેંચી લેવાનું નક્કી કરાયું છે. જોકે, અનેક બસ પ્રેમી મુંબઈગરાઓએ રાજ્ય સરકારને એક ભાવુક અપીલ કરી આ બસોને સાવ ભંગારવાડે નહીં નાખવા અને તેમાંથી કમસેકમ બે બસોને અનિક ડેપો સ્થિત મ્યુઝિયમમાં સાચવી રાખવા જણાવ્યું છે.

૧૯૯૦ના દાયકાથી પ્રવાસીઓને શહેરના જોવાલાયક સ્થળોના દર્શન કરાવતી ઓપન ડબલ ડેકર બસો ઓક્ટોબરના પ્રથમ સપ્તાહમાં શહેરની શેરીઓમાંથી અદૃશ્ય થઈ જશે. હાલમાં, બેસ્ટના કાફલામાં ત્રણ ઓપન-ડેક બસો સહિત માત્ર સાત ડબલ ડેકર બસો બાકી છે. આ વાહનો તેમનું ૧૫ વર્ષનું આયુષ્ય પૂર્ણ કરી રહ્યા હોવાથી, ૧૫મી સપ્ટેમ્બરથી એક પછી એક ડબલ-ડેકર બસો હંમેશ માટે રસ્તાઓથી થઈ જશે, જ્યારે ઓપન-ડેક બસો પાંચમી ઓક્ટોબરના બેસ્ટના કાફલામાંથી બહાર કાઢવામાં આવશે, એમ બેસ્ટએ જણાવ્યું હતું.

મુંબઈગરાની આ ઓપન ડેક, ડબલ ડેકર બસો સાથે લાગણીઓ જોડાયેલી હોવાથી આપલી બેસ્ટ આપલ્યા સાઠી સંસ્થાએ મુખ્યપ્રધાન એકનાથ શિંદે, પાલિકાના વડા ઈકબાલ સિંહ ચહલ અને નાયબ મુખ્ય પ્રધાનો દેવેન્દ્ર ફડણવીસ અને અજિત પવાર તથા બેસ્ટના જનરલને પત્ર લખીને વિનંતી કરી છે કે તેઓ આ બસોને ભંગારમાં ન મોકલે, પ્રવાસીઓ અને ભાવિ પેઢીને જોવા માટે બેસ્ટના મ્યુઝિયમમાં રાખે. પ્રવાસીઓના જૂથના પ્રમુખ રૂપેશ શેલાટકરે જણાવ્યું હતું કે, અત્યાર સુધી કોઈ રાજકારણી કે અમલદારે પત્રનો જવાબ આપ્યો નથી.

માત્ર મુંબઈ જ નહીં પરંતુ દેશભરના લાખો લોકોએ બેસ્ટની ઓપન ડેક ડબલ ડેકર બસોમાંથી મુંબઈનાં લોકપ્રિય સ્થળો નિહાળ્યા છે. તેમના મનમાં પણ આ બસની યાદો ચિરંજીવ રહેશે.

કેબિનેટ બેઠકમાં મોટા નિર્ણયો

મહિલાઓને મફતમાં 75 લાખ ગેસ કનેક્શન આપવાનું મોદી સરકારનું એલાન

ગુજરાત | વંદન

ચૂંટણીની મોસમમાં મહિલાઓને સાધવા માટે મોદી સરકારે એક મોટો નિર્ણય લીધો છે. પીએમ મોદીની અધ્યક્ષતામાં મળેલી કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં નિર્ણય લેવાયો છે કે 75 લાખ મહિલાઓને નવા ગેસ કનેક્શન મળશે. કેબિનેટની બેઠક બાદ પત્રકારોને માહિતી આપતાં કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુરે કહ્યું કે કેન્દ્રીય કેબિનેટની બેઠકમાં બે મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યા છે. તેમણે કહ્યું, પહેલો નિર્ણય એ છે કે આગામી 3 વર્ષ સુધી એટલે કે 2026 સુધી 75 લાખથી વધુ LPG કનેક્શન મફત આપવામાં આવશે... આ ઉજ્જવલા યોજનાનું વિસ્તરણ છે." આ યોજના હેઠળ, આગામી ત્રણ વર્ષ માટે ગેસ જોડાણો આપવામાં આવશે, જેમાં પ્રથમ રિફિલ મફત છે, જેનો ખર્ચ ઓઈલ કંપની દ્વારા ઉઠાવવામાં આવશે.

અનુરાગ ઠાકુરે કહ્યું કે કેબિનેટનો બીજો નિર્ણય એ છે કે 7,210 કરોડ રૂપિયાના ઈ-કોર્ટ મિશન મોડ પ્રોજેક્ટ ફેઝ 3ને આજે મંજૂરી આપવામાં આવી છે. તેનો હેતુ ઓનલાઈન અને પેપરલેસ કોર્ટની સ્થાપના કરવાનો છે... આ ન્યાયિક વ્યવસ્થાને વધુ પારદર્શક બનાવશે... પેપરલેસ કોર્ટ માટે ઈ-ફાઈલિંગ અને ઈ-પેમેન્ટ સિસ્ટમને સાર્વત્રિક બનાવવામાં આવશે... ડેટા સ્ટોર કરવા માટે ક્લાઉડ સ્ટોરેજ બનાવવામાં આવશે. તમામ કોર્ટ સંકુલોમાં 4,400 ઈ-સેવા કેન્દ્રો સ્થાપવામાં આવશે.

કોર્ટે માતા-પિતાને સ્વિગી અને ઝોમેટો દ્વારા ફૂડ ઓર્ડર ન કરવાની સલાહ આપી

બાળકોને તેમની માતા દ્વારા બનાવવામાં આવેલું ભોજન જ આપો : કેરળ હાઈકોર્ટ

ગુજરાત | વંદન

કેરળ હાઈકોર્ટે મંગળવારે પોર્નોગ્રાફી સંબંધિત ગુના અંગેના કેસની સુનાવણી દરમિયાન બાળકો માટે ઘરનું રાંધેલું ભોજન પૂરું પાડવાના મહત્વ પર ભાર મૂક્યો હતો. જાણીતી કાયદા માટેની વેબસાઈટ લાઈવ લોના અહેવાલમાં જણાવાયું છે કે, કોર્ટે માતા-પિતાને સ્વિગી અને ઝોમેટો દ્વારા રેસ્ટોરાંમાંથી ફૂડ ઓર્ડર ન કરવાની સલાહ આપી હતી.

હાઈકોર્ટે એક કેસની સુનાવણી કરતી વખતે કહ્યું, ઈન્ડિયા પીનલ કોડની કલમ 292 હેઠળ પોલીસ દ્વારા રોડ પર તેના મોબાઈલ પર પોર્ન જોવા માટે ધરપકડ કરાયેલા એક વ્યક્તિ સામેના ફોજદારી આરોપોને રદ કરી, ચુકાદો આપ્યો કે ખાનગીમાં પોર્નોગ્રાફી જોવી, અન્યને શેર કર્યા વિના અથવા તેનું પ્રદર્શન કર્યા વિના, તેને ગુનો ગણવામાં આવશે નહીં.

તેના ચુકાદામાં, ન્યાયમૂર્તિ પીવી કુન્હિકિષ્નને માતાપિતાને સલાહ આપી હતી કે તેઓ તેમના બાળકોને સ્વિગી અને ઝોમેટો જેવી મોબાઈલ એપ દ્વારા ફૂડ ઓર્ડર કરવાની પરવાનગી આપવાને બદલે બહાર રમવા માટે અને તેમની માતા દ્વારા રાંધવામાં આવેલું સ્વાદિષ્ટ ખોરાક લેવા માટે સમજાવે.

"સ્વિગી' અને 'ઝોમેટો' દ્વારા રેસ્ટોરાંમાંથી ખોરાક ખરીદવાને બદલે, બાળકોને તેમની માતા દ્વારા બનાવેલા સ્વાદિષ્ટ ખોરાકનો સ્વાદ માણવા દો અને બાળકોને તે સમયે રમતના મેદાનમાં રમવા દો અને માતાના ભોજનની સુગંધિત સુગંધમાં ઘરે પાછા આવવા દો," કેરળ હાઈકોર્ટે જણાવ્યું હતું.

દરમિયાન, ન્યાયાધીશે યોગ્ય દેખરેખ વિના તેમના સગીર બાળકોને મોબાઈલ ફોન આપવા સાથે સંકળાયેલ સંભવિત જોખમો અંગે માતાપિતા માટે સાવચેતીભરી નોંધ પણ રજૂ કરી. કોર્ટે અશ્લીલ વિડિયો સહિતની સ્પષ્ટ સામગ્રીને ઈન્ટરનેટ કનેક્ટિવિટી સાથે મોબાઈલ ફોન દ્વારા એક્સેસ કરી શકાય તેવી સરળતા પર ભાર મૂક્યો હતો.

રશિયાના નેતૃત્વના નિર્ણયોને સમર્થન આપીશુ : કિમ જોંગ ઉન

ગુજરાત | વંદન

નોર્થ કોરિયાના તાનાશાહ કિમ જોંગ ઉન હાલ રશિયાના પ્રવાસે છે જ્યા તેમણે રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથે વ્લાદિવોસ્તોકમાં મુલાકાત કરી હતી. આ મુલાકાત દરમિયાન બંને દેશોના પ્રમુખોએ ઈશારામાં જ અમેરિકાને એક ખાસ સંદેશો આપવાની કોશિશ પણ કરી છે.

રશિયાના રાષ્ટ્રપતિ અને નોર્થ કોરિયાના તાનાશાહ કિમ જોંગ ઉને એકબીજાનો આભાર માન્યો હતો. આ મુલાકાત દરમિયાન જોંગ ઉને રશિયાની ધરતી પરથી અમેરિકાને ઈશારામાં જ ધમકાવતા કહ્યું કે અમે હંમેશા રાષ્ટ્રપતિ પુતિન અને રશિયાના નેતૃત્વના નિર્ણયોને સમર્થન આપીશુ અને સામ્રાજ્યવાદની સામેની લડાઈમાં અમે એકસાથ રહેશું. આ બંને નેતાઓની મુલાકાત એવા સમયે થઈ છે જ્યારે બેંને દેશો પોતાના હિતોને આગળ વધારવા માટે પાડોશી દેશોની સામે એક રણનીતિ બનાવી રહ્યા છે. એકબાજુ રશિયા જ્યા યુક્રેન સામે યુદ્ધ લડી રહ્યું છે ત્યારે બીજી તરફ નોર્થ કોરિયા સતત સાઉથ કોરિયા અને જાપાનને ઉશ્કેરવાનો પ્રયાસ કરી રહ્યું છે. હવે આ બંને દેશો માટે અમેરિકા દુશમન છે જે તેમની સામે ઉભુ છે.

દરિયાલાલ: ચંદ્રયાન પછી સમુદ્રયાનનો વારો, 3 લોકો જશે સમુદ્રની ઉંડાણમાં

ગુજરાત | વંદન

ચંદ્રયાન-3ની સફળતા બાદ હવે 'સમુદ્રયાન' મિશનનો વારો છે. ભારતીય વૈજ્ઞાનિકોની નજર હવે સમુદ્રની ઊંડાઈ પર છે અને તેના માટે ટ્રાયલ ટૂંક સમયમાં શરૂ થવા જઈ રહ્યું છે. તેનો હેતુ કોબાલ્ટ, નિકલ અને મેંગેનીઝ જેવી કિંમતી ધાતુઓ અને ખનિજોની શોધ કરવાનો છે. આ માટે ત્રણ વૈજ્ઞાનિકોને સબમરીનમાં 6000 મીટર પાણીની અંદર મોકલવાની તૈયારી કરવામાં આવી રહી છે. આ સબમરીનનું નામ 'મત્સ્ય 6000' હશે.

સબમરીન બનાવવામાં લગભગ બે વર્ષ લાગ્યા છે. તેનું પ્રથમ પરીક્ષણ 2024 ની શરૂઆતમાં ચેન્નાઈના કિનારે બંગાળની ખાડીમાં કરવામાં આવશે. પ્રવાસીઓને લઈ જતી વખતે તાજેતરમાં ટાઈટન વિસ્ફોટ થયા પછી, વૈજ્ઞાનિકો તેની ડિઝાઈન પર નજીકથી નજર રાખી રહ્યા છે.

'મત્સ્ય 6000' સબમરીનના નિર્માણમાં રોકાયેલા નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઓશન ટેકનોલોજીના વૈજ્ઞાનિકો તેની અંતિમ સમીક્ષા કરી રહ્યા છે. ડીપ ઓશન મિશનના ભાગરૂપે સમુદ્રયાન મિશન ચાલી રહ્યું છે. પૃથ્વી વિજ્ઞાન મંત્રાલયના સચિવ એમ રવિચંદ્રને જણાવ્યું હતું કે, "અમે 2024 ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં 500 મીટરની ઊંડાઈએ સમુદ્રી પરીક્ષણો હાથ ધરીશું. આ મિશન 2026 સુધીમાં સાકાર થવાની અપેક્ષા છે. માત્ર યુએસ, રશિયા, જાપાન, ફ્રાન્સ અને ચીને માનવસહિત સબમર્સિબલ લોન્ચ કરી છે. કોબાલ્ટ, મેંગેનીઝ અને નિકલ ઉપરાંત રાસાયણિક જૈવવિવિધતા, હાઈડ્રોથર્મલ વેન્ટ્સ અને નીચા-તાપમાન મિથેનનું સંશોધન કરવામાં આવશે. આ મિશનમાં ભારત 'મત્સ્ય' સબમર્સિબલમાં ત્રણ લોકોને મોકલશે.આ સબમર્સિબલ 6000 મીટરની ઊંડાઈ સુધીના દબાણને સહન કરવાની ક્ષમતા ધરાવે છે. આ સબમર્સિબલ પાણીની અંદર 12 થી 16 કલાક સુધી સતત કામ કરી શકે છે. તેમાં 96 કલાક માટે પૂરતી ઓક્સિજન સિસ્ટમ હશે.

મેક્સિકોની સંસદમાં બની અનોખી ઘટના

સંસદમાં બે રહસ્યમયી મૃતદેહ જોઈ દુનિયા ચોંકી ઉઠી: 1000 વર્ષ જૂની બોડીનો દાવો

ગુજરાત | વંદન

લેટિન અમેરિકી દેશ મેક્સિકોની સંસદમાં એલિયનને લઈને એક અસામાન્ય ઘટના જોવા મળી છે. આ ઘટનાને માણસનાં ઈતિહાસમાં નિર્ણાયક માનવામાં આવી રહ્યું છે. મેક્સિકોની કોંગ્રેસની અંદર એક સત્તાવાર કાર્યક્રમ યોજવામાં આવ્યો જેમાં 2 એલિયન શવનું પ્રદર્શન ગોઠવવામાં આવ્યું. એલિયનની આ લાશોનું સત્તાવાર અનાવરણ UFO નિષ્ણાંત જેમી મોસન દ્વારા કરવામા આવ્યું હતું.

કદમાં નાનાં આ 2 શવને લઈને આયોજકોનો દાવો છે કે આ મમી બની ચૂકેલ લાશ 1000 વર્ષથી પણ જૂની છે અને તેને પેરૂનાં ફૂસ્કોથી મેળવવામાં આવ્યાં છે. મોસાને મેક્સિકો સરકારનાં સદસ્યોને કહ્યું કે UFOનાં નમૂનાઓનું મેક્સિકોની એક યૂનિવર્સિટીમાં અધ્યયન કરવામાં આવ્યું છે કે જ્યાં તેમના અનુસાર વૈજ્ઞાનિકોએ કહ્યું છે કે તેમણે રેડિયોકાર્બન ડેટિંગનાં આધાર પર DNA નાં પુરાવાઓ એકઠા કરવામાં સફળતા મેળવી છે.

મોસાન અનુસાર, આ નમૂના આપણી પૃથ્વીનાં વિકાસનો હિસ્સો નથી. આ એક શેવાલની ખાણમાંથી મળ્યાં છે અને પછી તેઓ જીવાશ્મમાં બદલાયા છે. અમેરિકાની જેમ જ મેક્સિકોનાં સાંસદોએ પણ UFOની ઉપર એક સુનાવણી આયોજિત કરી છે. મંગળવારે 2 લાશો કે જેને એલિયન માનવામાં આવી રહ્યું છે તેને સંસદની અંદર પ્રદર્શિત કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં અમેરિકી નૌસેનાનાં પૂર્વ પાયલટ રયાન ગ્રેવ્સ પણ હાજર રહ્યાં હતાં. રયાને દાવો કર્યો કે ઊડ્યન દરમિયાન તેમનો સામનો UFO સાથે થયો હતો. આ મમીમાં બદલાઈ ગયેલા શવ કાંચનાં બોક્સમાં રાખવામાં આવ્યાં હતાં જેથી લોકો તેને જોઈ શકે.

20 વર્ષની ઉંમરે ચોરી હતી ભેંસ, 58 વર્ષ બાદ પોલીસે કરી આરોપીની ધરપકડ!

ગુજરાત | વંદન

કર્ણાટકમાંથી એક ચોંકાવનારો મામલો સામે આવ્યો છે. ત્યાં રાજ્ય પોલીસે 58 વર્ષ બાદ ભેંસની ચોરીના કેસમાં એક આરોપીની ધરપકડ કરી છે. પોલીસે જણાવ્યું કે, આ મામલો 1965નો છે. આરોપીની ઓળખ ગણપતિ વિઠ્ઠલ વાગોર તરીકે થઈ છે.જ્યારે ભેંસની ચોરી થઈ તે સમયે આરોપીની ઉંમર માત્ર 20 વર્ષની હતી. આ કેસના એક અન્ય આરોપી કિશન ચંદરનું 11 એપ્રિલ 2006માં મૃત્યુ થઈ ગયું હતું અને તે ની વિરુદ્ધ કેસ ક્લોઝ બંધ કરી દેવામાં આવ્યો હતો.

મહેકરના રહેવાસી મુરલીધરરાવ માણિકરાવ કુલકર્ણીએ 25 એપ્રિલ 1965ના રોજ મહેકર પોલીસ સ્ટેશનમાં બે ભેંસ અને એક વાછરડાની ચોરી અંગે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે 1965માં મહારાષ્ટ્રના ઉદયગીરના રહેવાસી કિશન ચંદર અને ગણપતિ વિઠ્ઠલ વાગોરની પણ ધરપકડ કરી હતી. જોકે જામીન મળ્યા બાદ આરોપી ગાયબ થઈ ગયો હતો અને કોર્ટની કાર્યવાહીમાં પણ સામેલ નહોતો થયો.

સમન્સ અને વોરંટ જારી હોવા છતાં બંને આરોપીઓ ફરાર રહ્યા હતા. આરોપીને શોધવામાં અસમર્થ પોલીસે કેસના સંબંધમાં એલપીઆર દાખલ કરી હતી.

RRR ફિલ્મમાં ગાયક તરીકે પદાર્પણ કરનાર રાગ પટેલનું જીવન કઈ રીતે બદલાયું....

રાગ પટેલનો આત્મવિશ્વાસ: હું પણ એક દિવસ લાઇવ પરફોર્મ કરીશ..!

ગુજરાત | વંદન



રાગ કહે છે કે, હું હવે મ્યૂઝિકને મારૂં કરિયર તરીકે જોવા લાગી છું. જે પહેલાં મારી હોબી હતી...

એસ. એસ.રાજામૌલીની ઓસ્કાર વિજેતા ફિલ્મની શરૂઆત એક છોકરીના ગીતથી થાય છે. આ ગીત અમદાવાદમાં સેટેલાઇટ વિસ્તારમાં રહેતી 16 વર્ષની રાગ પટેલે ગાયું છે. ફિલ્મ 'RRR'માં ગીત ગાનાર ગુજરાતી યુવતી રાગ પટેલનો ખાસ ઈન્ટરવ્યૂ પ્રસિધ્ધ થયો છે. જેમાં રાગ પટેલે સિંગર તરીકે ડેબ્યૂ કર્યા પછી પોતાના જીવનમાં આવેલા પરિવર્તન, સમાજમાં તેના વિશે કેવી લાગણી છે અને હવે આગળ જીવનનો લક્ષ્યાંક અંગે કહ્યું છે....

રાગ પટેલ કહે છે કે મારી લાઈફમાં સૌથી મોટો ચેન્જ એ આવ્યો કે, હું હવે મ્યૂઝિકને મારૂં કરિયર તરીકે જોવા લાગી છું. જે પહેલાં સુધી મારી હોબી હતી, તે હવે મારું કરિયર બની ગયું છે. એટલે હું એ ડાયરેક્શનમાં વિચારવી લાગી કે હા મ્યૂઝિકમાં મારૂં કરિયર બની શકે છે.

જો કે મોસ્ટલી મિત્રવર્તુળમાં એવો કોઈ ચેન્જ આવ્યો નથી. સોંગ જ્યારે રિલીઝ થયું ત્યારે ઘણો હાઈપ હતો. રાગનું સોંગ આવ્યું છે...રાગનું સોંગ આવ્યું છે..એવુ બધુ બોલાતુ હતું પણ પછી બધું નોર્મલ થવા લાગ્યું એટલે કે વધારે ન હતો.

અને મારી ફ્રેન્ડ્સ માટે તો એવું જ સારું હતું કે, એણે સોંગ ગાયું છે પણ અમૂક વખતે ક્લોસ હોઈ એટલે પછી ભૂલી જઈએ કે આણે સોંગ ગાયું છે પછી અચાનક તેમણે યાદ આવે કે અર્ તે તો આરઆરઆરમાં સોંગ ગાયું છે....! કોઈ ત્રીજું વ્યક્તિ અમારી જોડે વાત કરતી હોય અને કહે તે તો સોંગ ગાયું છે, બહું સરસ ગાયું છે. ત્યારે તે લોકોને યાદ આવે કે હાં..હાં..તે સોંગ ગાયું છે... બાકી તો મારા રિલેશન નોર્મલ જ છે.

પોતાના ચિત્રકામના શોખ અનો ઉલ્લેખ કરીને રાગ કહે છે કે, મારે ભણવાનું સાઈડ પર નથી મૂકવું. પેઈન્ટિંગને એક હોબી જ તરીકે જોઉં છું, બહુ હેક્ટિક શેડ્યૂલ હોય અને મન થાય ત્યારે પેઈન્ટિંગ કરવા બેસી જઉં. મારે મારૂં કરિયર મુખ્યત્વે જોઈએ છે સિંગિગમાં છે અને ભણવાનું મારે છોડવાનું નથી. એટલે આગળ તો હું ભણીશ જ. મારે ઘણા બધા મારા પોતાના સોંગ્સ જોઈએ છે. અને મારે એક પરફોર્મર બનવું છે કે જેના ઘણી બધી જગ્યાએ કોન્સેપ્ટ થતા હોય.

પોતાને કયા ગાયક કલાકારના કોન્સર્ટ પસંદ છે, એ અંગે તેમણે કહ્યું કે, મેં ઘણા બધા લોકોના કોન્સર્ટ જોયા છે. અમિત ત્રિવેદી સર, સચિન જીગર સર, આદિત્ય ગઢવી સર, લતા મંગેશકરજી , નીતિ મોહન મેમ. અને એ બધા મને ખૂબ ગમ્યા છે. ખાસ કરીને લાઇવ પરફોર્મ કરવુ કેટલુ મુશ્કેલ હોય છે એ પણ મેં જોયું છે.

પોતાના સંગીતને ઈમ્પ્રુવ કરવા માટે તે કયા સિનિયર સિંગરમાંથી શું શીખે છે એ અંગે રાગ પટેલે કહ્યું કે, આ બધા સિંગર્સમાંથી મુખ્યત્વે હું જે વસ્તુ મારામાં ન હોય એ વસ્તુ હું જોતી હોવુ છું કે આ લોકો આવું કરે છે તો હું પણ આવું કરી શકું,

હું મારી જાતને પરફેક્શન સુધી લઈ જવા માટે એ લોકોમાંથી ઘણું બધું શીખું છું. આજે પણ હું રિયાઝ કરૂ છું કેમ કે રિયાઝ એક સિંગર માટે રિયાઝ કેટલું જરૂરી છે. હું પોતે એ ફિલ્ડમાં આગળ વધવા માંગુ છું ત્યારે રિયાઝ ઘણું જરૂરી છે, કારણ કે તેનાથી ગળું ફરતું ત્યાર જ થાય છે, જ્યારે તમે રિયાઝ કરો, ઉપરાંત તમારી બ્રેથ કેપેસિટી વધે તેનાથી. જેનાથી તમે સરખું ગાઈ શકો. લતાતાઈ તો સતત રિયાઝ કરતી હતી અને તેથી તે ખૂબ સારૂ ગાઇ શકી હતી. એટલે રિયાજ અનિવાર્ય છે. અને મારા પસંદગીના ગાયક કલાકારોની વાત કરૂ તો લતાજી મારા આઈડલ છે. મારા ગુરૂ અનિકેત ખાંડેકર સર છે. મને બધા જ બોલિવૂડ સિંગર ગમે છે.. એક દિવસ હું પણ લાઈવ પરફોર્મ કરીશ. કેમ કે મન મેં હૈ વિશ્વાસ....પૂરા હૈ વિશ્વાસ...!

રાગ પટેલને ગીત કેવી રીતે મળ્યું, એ અંગે તેઓ કહે છે કે, મને ગત ઓગસ્ટ-2022માં મારા ડેડીએ કહ્યું હતું કે, ફેસબુક પેજ પર RRRની ટીમ એક 12 વર્ષની છોકરીનો અવાજ શોધી રહી છે. ત્યારે મારા ડેડીએ કહ્યું કે, આપણે ત્રણ સોંગ રેકોર્ડ કરીને મોકલી દઈશું. આ પછી અમે વિચાર્યું નહોતું કે, તે લોકો અમને રિસ્પોન્સ આપશે કે નહીં. જે પછી સપ્ટેમ્બર મહિનામાં ફોન આવ્યો. ત્યારે મને કીધું કે, હું સિલેક્ટેડ છું. આ સાંભળી અમે ખૂબ જ નવાઈ પામ્યા હતા અમે તેમને એવું પૂછ્યું પણ નહીં કે, સોલો સોંગ છે કે, કોરસમાં ગાવાનું છે.? ત્યારબાદ તેમણે ટિકિટ મોકલાવી. અમે હૈદરાબાદ ગયા, ત્યારે ખબર પડી કે, આ મારું આખું સોલો સોંગ છે....

વાસ્તવમાં ગુજરાતની એક દિકરી રાગ પટેલે ગાયકીમાં એક નવો ચીલો ચાતર્યો એમ કહી શકાય. સામાન્ય રીતે ગુજરાતી કલાકારો ડાયરો, ગુજરાતી ફિલ્મોમાં ગીતો સુધી સિમિત રહેતા હોવાનું મનાય છે. પણ સાઉથની ફિલમમાં અને તે પણ જે ફિલ્મને ઓસ્કાર પુરસ્કારથી સન્માનિત કરવામાં આવી હોય એવી ફિલ્મમાં ગુજરાતી યુવતીને તક મળવાથી રાગ પટેલ બીજા માટે પ્રેરણા સમાન બની રહે તેમ છે.

ભારતનાં બાળકોને મળતા લાડકોડ કદી જોયા નથી : કુમાર સાનુની પુત્રી

હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં એક વધુ સ્ટારકિડનો ઉમેરો થયો છે. નામ છે શેનોન કે જે બોલિવુડના સિંગર કુમાર સાનુની પુત્રી છે. શેનોને તાજેતરમાં 'ચલ ઝિંદગી' નામની ફિલ્મમાં વિવેક દહિયા અને સંજય મિશ્રા સાથે એક્ટર તરીકે બોલિવુડમાં ડેબ્યુ કર્યું છે. કુમાર સાનુની દીકરી પણ એક સિંગર છે અને હજુ હમણાં જ કાન ફિલ્મ ફેસ્ટિવલમાં રેડ કાર્પેટ પર વોક કરવાનો પહેલવહેલો અનુભવ લઈ આવી છે. હું લંડન અને લોસ એન્જલસમાં રહી હોવાથી મારું બધું કામ જાતે જ કરવાનું શીખી છું. મેં ભારતનાં બાળકોને મળતા લાડકોડ કદી જોયા નથી.

વિદેશમાં ઉછરેલી અને ભણેલી શેનોનને પોતાની ડેબ્યુ ફિલ્મમાં કામ કરતી વખતે હિન્દી બોલતા પણ નહોતું આવડતું. એ વિશે વાત કરતા સિંગર-એક્ટર કહે છે, 'ફિલ્મમાં મારા મોટા ભાગના ડાયલોગ્સ ઈંગ્લિશમાં હોવા છતાં મારે અમુક સંવાદ હિન્દીમાં બોલવાના હતા, જે મારા માટે મોટી ચેલેન્જ હતી. 'ચલ ઝિંદગી'ની સ્ટોરી વિશે બ્રીફિંગ આપતા વિદેશી લુક ધરાવતી આ આર્ટિસ્ટ કહે છે, 'ફિલ્મમાં હું એક અમેરિકન મ્યુઝિક સ્ટુડન્ટનો રોલ કરું છું, જે ઓથેન્ટિક ફોક મ્યુઝિકની શોધમાં ભારત આવે છે.

યુએસના એક રેડિયા શો માટે મેં ગોવિંદા સરનો ઈન્ટરવ્યૂ લીધો. એમણે કદાચ મારામાં પોટેન્શિયલ જોયું હશે એટલે એમણે પણ મને એક્ટિંગમાં ઝંપલાવવા સજેશન કર્યું. આવા ટેલેન્ટેડ એક્ટરો પાસેથી સૂચન મળ્યા બાદ મને થયું કે આ કુદરતનો જ કોઈ સંકેત છે, જે મને એક્ટર બનવા પ્રેરી રહ્યો છે.'

મેરેજ બાદ સિદ્ધાર્થ-કિયારાની જોડી ઓનસ્ક્રીન જોવા મળશે

સિદ્ધાર્થ મલ્હોત્રા તથા કિયારા અડવાણીએ એક પ્રોજેક્ટ માટે સાથે શૂટિંગ કર્યું છે. જોકે, આ કોઈ ફિલ્મ છે કે પછી એડ શૂટિંગ તે સ્પષ્ટ થયું નથી.

આ યુગલ મુંબઈના એક સ્ટુડિયોની બહાર સાથે જોવા મળ્યું હતું. તેના પરથી લોકો અટકળ લગાવી રહ્યા છે કે, આ જોડી એક પ્રોજેક્ટ પર સાથે કામ કરી રહી છે. અગાઉ ગત માર્ચ મહિનામાં સમાચાર હતા કે, સિદ્ધાર્થ અને કિયારાએ કરણ જોહર સાથે ત્રણ ફિલ્મો સાઈન કરી છે. જેમાં એવો દાવો પણ કરવામાં આવ્યો હતો કે, તેમાંથી એક ફિલ્મ રોમેન્ટિક કોમેડી છે.

જોકે સિદ્ધાર્થ અને કિયારાએ શેનું શૂટિંગ કર્યું છે, તેની કોઈ સ્પષ્ટતા થઈ નથી. તેમને ફક્ત સ્ટુડિયોની બહાર સાથે જોઈને જ લોકોએ અટકળ કરી રહી છે. યુગલે સ્ટુડિયોની બહાર ઊભેલા મીડિયાકર્મીઓને સાથે પોઝ પણ આપ્યો હતો.

ઉલ્લેખનીય છે કે, સિદ્ધાર્થ મલ્હોત્રાએ એક ઈન્ટરવ્યુ દરમિયાન કહ્યું હતુ કે, મેં અને કિયારાએ 'શેરશાહ'માં સાથે કામ કર્યુ હતું, અમારી કેમેસ્ટ્રી દર્શકોને પસંદ પડી હતી. ભવિષ્યમાં પણ મને સારી સ્ક્રીપ્ટ મળશે તો અમે ચોક્કસ ફરી સાથે કામ કરશું.

'જેલર'ની બોક્સ ઓફીસ પર જંગી સફળતા બાદ રજનીકાંતની નવી ફિલ્મનું એલાન

દક્ષિણ ભારતીય સિનેમાના સુપરસ્ટાર રજનીકાંતની ફિલ્મ જેલરના કારણે ચર્ચામાં છે. આ ફિલ્મ 10 ઓગસ્ટના રોજ રિલીઝ થઈ હતી. આ ફિલ્મે પોતાના નામે ઘણા રેકોર્ડ બનાવ્યા છે. સિનેમાઘરોમાં ધમાલ મચાવ્યા બાદ આ ફિલ્મ એમેઝોન પ્રાઈમ વિડિયો પર રિલીઝ થઈ ગઈ છે.

હવે જેલર બાદ એક્ટરે એક નવી જાહેરાત કરી છે. રજનીકાંતે તેમની આગામી ફિલ્મ 'થલાઈવર 171'ની જાહેરાત કરી છે, મેકર્સે ફિલ્મનું પહેલું પોસ્ટર પણ રિલીઝ કર્યું છે. આ ફિલ્મનું લેખન અને નિર્દેશન તમિલ સિનેમાના પ્રખ્યાત લેખક અને નિર્દેશક લોકેશ કનાગરાજ કરશે. તેઓ 'વિક્રમ' અને 'માસ્ટર' જેવી ફિલ્મો માટે જાણીતા છે. હાલમાં લોકેશ ફિલ્મ 'લિયો'ને લઈને પણ ચર્ચામાં છે.

સન પિક્ચર્સે ટ્વીટર પર 'થલાઈવર171'ને લઈને એક પોસ્ટ કરી છે. આ પોસ્ટ પર કેપ્શનમાં લખ્યું છેકે, 'અમે સુપરસ્ટાર રજનીકાંતની 'થલાઈવર171'ની જાહેરાત કરતા ખુશ છીએ.આ ફિલ્મ લોકેશ કનાગરાજ દ્વારા લખાયેલ અને દિગ્દર્શિત છે.

ફિલ્મ જેલરની વાત કરીએ તો રજનીકાંત સ્ટારર ફિલ્મ જેલર તેલુગુ અને તમિલ ભાષામાં જ રિલીઝ થઈ હતી છતાં પણ આ ફિલ્મને જોરદાર રિસ્પોન્સ મળ્યો હતો અને પોતાના નામે ઘણા રેકોર્ડ પણ બનાવ્યા હતા. આ ફિલ્મમાં તમન્ના ભાટિયા, રામ્યા કૃષ્ણન, વસંત રવિ અને મીરા મેનન જેવા કલાકારોએ કામ કર્યું છે. જયારે જેકી શ્રોફ અને મોહન લાલ જેવા દિગ્ગજ કલાકારોએ કેમિયો કર્યો છે.



એક્ટ્રેસ અવનીત કૌરે ગ્રીન કલરના ગાઉનમાં કરાવ્યું ફોટોશૂટ

બોલીવૂડ એક્ટ્રેસ અવનીત કૌર તેના બોલ્ડ અને હોટ અંદાજ માટે જાણીતી છે. એક્ટ્રેસ દરરોજ નવા લૂકમાં પોતાની શાનદાર તસવીરો શેર કરતી રહે છે. અભિનેત્રીએ પોતાના ઈન્સ્ટાગ્રામ પર તસવીરો શેર કરી છે. આ તસવીરોમાં અવનીત કૌર ગ્રીન કલરના ગાઉનમાં ખૂબ જ શાનદાર પોઝ આપતી જોવા મળે છે.

હાલમાં અવનીત કૌર એક ઈવેન્ટ દરમિયાન રિવીલિંગ ડ્રેસમાં જોવા મળી. તેણે ફ્રન્ટ કટ અને થાઈ સ્લિટ ગાઉનમાં બોલ્ડ ફોટોશૂટ કરાવ્યું હતું. તેના ફોટો અને વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યા છે.

અવનીત કૌર તેની કારકિર્દી 2010માં 8 વર્ષની ઉંમરે શરૂ કરી. 2021માં, અવનીતે મુંબઈથી કોમર્સમાં તેની ડિગ્રી પૂર્ણ કરી. અવનીતની કારકિર્દી 2010 માં ઝી ટીવીના "ડાન્સ ઈન્ડિયા ડાન્સ લિટલ માસ્ટર્સ" થી શરૂ થઈ. તેણીએ 2012 માં "ઝલક દિખલા જા" માં ભાગ લીધો હતો અને તે સૌથી નાની સ્પર્ધક બની હતી.

અવનીતે 2012 માં લાઈફ ઓકે પર "મેરી મા" થી અભિનયની શરૂઆત કરી હતી. અવનીતે "મર્દાની" માં મીરા અને "અલાદ્દીન - નામ તો સુના હોગા" માં પ્રિન્સેસ યાસ્મીન સાથે પ્રસિદ્ધિ મેળવી હતી.

શાહરૂખની 'જવાન'ને કારણે 'સ્ત્રી-2'ની રિલીઝ ડેટ લંબાવાઈ



બોલિવૂડના 'બાદશાહ' શાહરુખ ખાનની ફિલ્મ જવાનને દર્શકોનો ભરપૂર પ્રેમ મળી રહ્યો છે. આ ફિલ્મ બોક્સ ઓફિસ પર ધૂમ મચાવી રહી છે. જેના પગલે ફિલ્મ સ્ત્રીની રિલીઝ ડેટ લંબાવવામાં આવી છે.

અભિનેતા શાહરૂખ ખાનની ફિલ્મો જ્યારે રિલીઝ થાય છે તો તેમની ફિલ્મોની સામે લગભગ 2 અઠવાડિયા સુધી કોઈ અન્ય મોટા સ્ટારની ફિલ્મ રિલીઝ થતી નથી, જેનો ભરપૂર ફાયદો શાહરૂખ ખાનની ફિલ્મને મળે છે. 15 સપ્ટેમ્બરે અભિનેતા રાજકુમાર રાવની ફિલ્મ સ્ત્રી રિલીઝ થવાની હતી પરંતુ હવે આ ફિલ્મની પણ રિલીઝ ડેટ લંબાવાઈ છે.

મળતી માહિતી અનુસાર અભિનેતા રાજકુમાર રાવની ફિલ્મ સ્ત્રીની રિલીઝ ડેટ 15 સપ્ટેમ્બર 2023 રાખવામાં આવી હતી. આ વિશે જ્યારે ફિલ્મના નિર્દેશક તુષાર હીરાનંદાની સાથે વાત કરવામાં આવી તો તેમણે જણાવ્યુ કે ફિલ્મ સ્ત્રીની રિલીઝ ડેટ નવેમ્બર, ડિસેમ્બર સુધી ટાળી દેવાઈ છે. અત્યાર સુધી નવી રિલીઝ ડેટ ફાઈનલ થઈ નથી અને તેથી સત્તાવાર જાહેરાત બાદમાં કરવામાં આવશે.

શ્વેતા ત્રિપાઠી : ચીલાચાલુ કિરદાર કરવા જરાય ગમતાં નથી

'મસાન' ફિલ્મમાં વિકી કૌશલની ગર્લફ્રેન્ડની ભૂમિકા ભજવીને જાણીતી બનેલી અભિનેત્રી શ્વેતા ત્રિપાઠી શર્માને વેબ સીરિઝ 'મિર્ઝાપુર'ના પાત્ર 'ગોલૂ ગુપ્તા'એ પણ એટલી જ ખ્યાતિ અપાવી છે. 'લાખો મેં એક'ની બીજી સીઝનમાં અદાકારાએ 'ડો. શ્રેયા' ની મુખ્ય ભૂમિકા ભજવી હતી. હવે એની વધુ એક વેબ સિરીઝ 'કાલકૂટ' રજૂ થઈ છે.

શ્વેતા આ વેબ સિરીઝ વિશે કહે છે કે આ ક્રાઈમ ડ્રામામાં પુરૂષપ્રધાન સમાજની કટ્ટર માનસિકતા બખૂબી રજૂ કરવામાં આવી છે. એસિડ એટેકની ધરી પર ફરતી તેની કહાણીમાં આપણા સમાજમાં રહેલા રંગભેદ, વર્ગભેદ, લિંગભેદને દર્શાવવામાં આવ્યાં છે. એસિડ એટેકમાંથી ઉગરી ગયેલી એક યુવતીનો કેસ ઉકેલતી વખતે જે-તે પોલીસ અધિકારીને લિંગભેદ વિશે જાણ થાય છે અને તે તેને ઉજાગર કરે છે. અભિનેત્રી વધુમાં કહે છે કે અત્યાર સુધી હું પોતાને બહુ સ્માર્ટ, બુદ્ધિશાળી અને મુક્ત વિચારસરણી ધરાવતી યુવતી માનતી હતી. પરંતુ આ સિરીઝ કરી ત્યારે મને એ વાતની અનુભૂતિ થઈ કે હું પણ આવા ભેદભાવ કરું જ છું, હું તેનાથી પર નથી. તો પછી બીજા લોકોમાં અને મારામાં ફરક શું? જો આપણે સમાજને બદલવા માગતા હોઈએ તો તેની શરૂઆત પોતાનાથી થવી જોઈએ.

શ્વેતા સંખ્યાબંધ ઓટીટી શો કરી રહી છે. તે કહે છે કે હું માત્ર સારી સ્ટોરીમાં કામ કરવાનું પસંદ કરું છું. જ્યારે તમે કોન્ટેન્ટને ધ્યાનમાં રાખીને જ પ્રોજેક્ટ પસંદ કરો ત્યારે તેનું પરિણામ સકારાત્મકમ જ હોવાનું. તે વધુમાં કહે છે કે હું જે-તે પ્રોજેક્ટની કહાણી સાથે મારા પાત્રનો વિચાર પણ કરું છું. મને ચીલાચાલુ કે સારા-નરસાનાં ચોકઠામાં બેસતા કિરદાર અદા કરવામાં ખાસ રસ નથી પડતો. મને એવી ભૂમિકા ગમે જે ઝટ કળાય નહીં. 'કાલકૂટ'માં મારો રોલ અસ્પષ્ટ જ છે. તેમાં મારું પાત્ર સારું છે, નરસું છે કે જે પણ છે, પરંતુ પક્ષપાતથી પર છે.

ઓટીટીનો સ્ટાર વિક્રાંત મેસી હવે રોમેન્ટિક ફિલ્મનો હીરો

ઓટીટીનો ટોપનો સ્ટાર ગણાતો વિક્રાંત મેસી હવે બોલીવૂડની એક ફૂલ ફ્લેજ્ડ ફીચર ફિલ્મમાં રોમાન્ટિક હીરોની ભૂમિકામાં દેખાવાનો છે. આ ફિલ્મમાં રાશિ ખન્ના તેની સહકલાકાર હશે.

વિક્રાંત મેસીએ અગાઉ કેટલીક બોલીવૂડ ફિલ્મોમાં નાના મોટા રોલ કર્યા હતા પરંતુ તેને ખરી ઓળખ 'મિર્ઝાપુર' જેવી વેબ સીરીઝથી મળી હતી. હવે તે ઓટીટીનો ટોચનો સ્ટાર ગણાય છે. જોકે, હવે વિક્રાંતે એક રોમાન્ટિક મુખ્ય હિરો તરીકે પોતાનું નસીબ અજમાવવાનું નક્કી કર્યું છે. તે વિધુ વિનોદ ચોપરાની '૧૨મી ફેઈલ' ફિલ્મનો પણ મુખ્ય કલાકાર છે. તે આ ફિલ્મની રીલીઝની જાહેરાતની રાહ જોઈ રહ્યો છે.

વિક્રાંત અને રાશિની નવી ફિલ્મનું શૂટિંગ શરુ થઈ ચૂક્યું છે. નવેમ્બર સુધીમાં તે પૂર્ણ કરી આવતાં વર્ષે રીલીઝ કરી દેવાનો પ્લાન છે. ફિલ્મના અન્ય કલાકારો સહિત વિગતોની હજુ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી.

'પુષ્પા-2 ધ રુલ' સ્વતંત્રતાના દિવસે સિનેમાઘરોમાં થશે રિલીઝ

અલ્લુ અર્જુન અને રશ્મિકા મંદાનાની બહુ પ્રતિક્ષિત ફિલ્મ 'પુષ્પા 2 ધ રુલ' આવતાં વર્ષે તા. ૧૫મી ઓગસ્ટે રીલીઝ કરવાની સત્તાવાર ઘોષણા કરી દેવામાં આવી છે. ભારતભરના 'પુષ્પા'ના ચાહકોએ આ જાહેરાત વધાવી છે. જોકે, આ જાહેરાત બાદ અજય દેવગણના ચાહકો ટેન્શનમાં આવી ગયા છે કારણ કે તેની 'સિંઘમ અગેઈન' આ જ દિવસે રીલીઝ કરવાનું અગાઉ જ નક્કી થઈ ચૂક્યું છે.

'પુષ્પા'ના પહેલા ભાગ 'પુષ્પા, ધ રાઈઝ'ને સમગ્ર ભારતમાં અણધારી સફળતા મળી હતી. દેશભરમાં પુષ્પાનો ક્રેઝ છવાઈ ગયો હતો. તેના ડાયલોગ્સ, સોંગ્સ અને અલ્લુ અર્જુનની અદાઓ ભારે લોકપ્રિય બન્યાં હતાં. આ ફિલ્મના બીજા ભાગ 'પુષ્પા ધી રુલ'ની હવે આતુરતાપૂર્વક રાહ જોવાઈ રહી છે. ખાસ કરીને સાઉથના ફિલ્મ ચાહકો તો આ ફિલ્મના બીજા ભાગની રોજેરોજની અપડેટ પર નજર રાખી રહ્યા છે. તેવામાં આજે નિર્માતાઓએ ફિલ્મની રીલીઝની સત્તાવાર જાહેરાત કરતાં સોશિયલ મીડિયા પર ઉન્માદ છવાઈ ગયો હતો. ચાહકો આ જાહેરાતને વધાવી હતી. બોલીવૂડના ટ્રેડ વર્તુળોના જણાવ્યા અનુસાર 'ગદર ટૂ' તથા તે પહેલાં 'કેજીએફ ટૂ' જે રીતે સુપરહિટ થયાં તે પછી એટલું તો નક્કી છે કે દરેક ફિલ્મનો બીજો ભાગ પહેલા જ દિવસથી તેના પહેલા ભાગની એક ચોક્કસ બ્રાન્ડ વેલ્યૂ ધરાવતો હોય છે. અસંખ્ય દર્શકો વાર્તા કેટલી આગળ વધી તે જોવા ખાતર પણ બીજો ભાગ અચૂક નિહાળે છે. ખુદ અજય દેવગણની 'દૃશ્યમ ટૂ'ને પણ તેના પહેલા ભાગની લોકપ્રિયતાનો જ લાભ મળ્યો હતો.



17મીથી શરૂ થઈને ગાંધી જંયતિ સુધી રાજ્યભરમાં યોજાશે કાર્યક્રમો

રક્તદાન- મેડિકલ કેમ્પ યોજીને ભાજપ ઉજવશે પીએમ મોદીનો 73મો જન્મદિન

■ સુકન્યા સમૃદ્ધિ યોજના અંતર્ગત બાળાઓના ખાતામાં જમા થશે 500 રૂપિયા

ગુજરાત | વંદન

આગામી 17 મી સપ્ટેમ્બર ના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસની ઉજવણી "સેવા દિવસ"તરીકે મનાવવા અંગેનો નિર્ણય ગુજરાત ભારતીય જનતા પાર્ટી દ્વારા કરવામાં આવ્યો છે. 17મી સપ્ટેમ્બરથી 2 ઓક્ટોબર સુધી ભારતીય જનતા પાર્ટી દ્વારા સેવાકીય પખવાડિયા અંતર્ગત વિવિધ સેવાકીય કાર્યક્રમો યોજવા નક્કી કરાયું છે. જેમાં "સુકન્યા સમૃદ્ધિ યોજના "અંતર્ગત શાળાએ અભ્યાસ અર્થે જતી દસ વર્ષથી નાની વયની બાળાઓના બેંક ખાતા ખોલાવી તેમાં 500 રૂપિયાનો પ્રથમ હપ્તો પહોંચાડવાની જાહેરાત ભાજપ પ્રદેશ અધ્યક્ષ દ્વારા કરવામાં આવી છે. જે કાર્યક્રમની રૂપરેખા આપવા ગુજરાત ભાજપ પ્રદેશ અધ્યક્ષ પાટીલ દ્વારા સુરતના ઉધના સ્થિત ભાજપા કાર્યાલય ખાતે પત્રકાર પરિષદ સંબોધવામાં આવી હતી.

પાટીલે જણાવ્યું હતું કે, દર વર્ષે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિત્તે ભારતીય જનતા પાર્ટી, અલગ અલગ એનજીઓ, અલગ અલગ વ્યક્તિઓ દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. ભારતીય જનતા પાર્ટીની હંમેશા સાથે પ્રણાલી રહી છે કે પીએમ મોદીની સાથે ભાજપનો કાર્યકર પણ પોતાનો જન્મદિવસ સેવાકીય પ્રવૃત્તિઓથી કરે છે. જેને લઇ ભાજપ દ્વારા 17મી સપ્ટેમ્બર થી 2 ઓક્ટોબર સુધી સેવાકીય પખવાડિયા તરીકે મનાવવાનું નક્કી કરાયું છે. જેમાં સૌપ્રથમ ગુજરાતના દરેક જિલ્લાઓમાં 18 મી સપ્ટેમ્બરના રોજ યુવા મોરચા દ્વારા રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. લોકોને આરોગ્ય લક્ષી સેવાઓ સરળતાથી અને નિશુલ્ક પણે મળી રહે તે માટે દરેક જિલ્લાઓમાં 19મી સપ્ટેમ્બર થી 22 સપ્ટેમ્બર સુધી લાભાર્થીઓને આયુષ્માન કાર્ડ બનાવી આપવાના કાર્યક્રમનું આયોજન કરાયું છે.

જ્યારે 23 થી 24 સપ્ટેમ્બર દરમિયાન ભાજપના ડોક્ટર સેલ દ્વારા દરેક જિલ્લામાં આયુષ્માન ભવઃહ અંતર્ગત મેડિકલ

73મા જન્મદિને | 7.30 લાખ લોકો કરશે સૂર્યનમસ્કાર

યોગક્ષેત્રે મોદીના અમૂલ્ય ફાળાને ધ્યાનમાં રાખીને ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા તેમના ૭૩મા જન્મદિવસ નિમિત્તે તા. ૧૬ અને ૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૩ના રોજ સમગ્ર રાજ્યનાં અલગ અલગ ૭૩ સ્થળો પર ૭૩,૦૦૦ યોગસાધકો દ્વારા એકસાથે ૭,૩૦,૦૦૦ સૂર્યનમસ્કારના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. ઉપરોક્ત બંને દિવસ રાજ્યના દરેક જિલ્લામાં તેમજ મહાનગરપાલિકા ખાતે સવારે ૬ થી ૮ વાગ્યા સુધી આ કાર્યક્રમ યોજાશે. જેમાં જોડાવા માટે તમામ નાગરિકોને ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા અપીલ કરવામાં આવી છે.

હેલ્થ ચેકઅપ યોજવામાં આવશે. 25 મી સપ્ટેમ્બર ના રોજ પંડિત દિન દયાળ જન્મ જયંતીની પણ ઉજવણી કરવામાં આવશે. જ્યારે 26 સપ્ટેમ્બર થી 1 ઓક્ટોબર સુધી ભાજપના કાર્યકરો અને દરેક ચૂંટાયેલી પાંખના પ્રતિનિધિઓ "દલિત વસ્તી સંપર્ક "અભિયાન અંતર્ગત ઘરે ઘરે લોકોનો સંપર્ક કરી તેઓની સમસ્યા જાણવાનો પ્રયત્ન કરશે.

ત્યારબાદ બીજી ઓક્ટોબર ના રોજ મહાત્મા ગાંધીજીના જન્મદિવસ ની ઉજવણી પણ અલગ અલગ સેવાકીય કાર્યોથી કરવામાં આવશે. ઉપરાંત 17થી 25 સપ્ટેમ્બર સુધી દરેક જિલ્લામાં કુપોષિત બાળકોને સુપોષણ કીટનું વિતરણ કરવામાં આવશે. 31 ડિસેમ્બર સુધીમાં રાજ્યના તમામ જિલ્લાઓને કુપોષણ મુક્ત જિલ્લો બનાવવા રાજ્ય અને કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓ થકી ભારતીય

...અનુસંધાન પેજ નં. 6 પર

AMC પૂર્વ અને પશ્ચિમ બંને વિસ્તારમાં ગણશે વિસર્જનની વ્યવસ્થા કરશે

ગણપતિ બાપ્પા મોર્યા : 6 કરોડના ખર્ચે 46 વિસર્જન કુંડ બનાવાયા

ગુજરાત | વંદન

આગામી દિવસોમાં ગણેશ ચતુર્થીના તહેવારને લઈ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ગણેશ વિસર્જનકુંડ બનાવવામાં આવ્યા છે. ગણેશ વિસર્જનના દિવસે અનેક લોકો સાબરમતી નદીના કિનારે અથવા તો ગમે ત્યાં રોડ ઉપર ગણેશની મૂર્તિ મૂકી દેતા હોય છે. જેથી, લોકોની આસ્થા અને લાગણીને ઠેસ પહોંચે છે. જેને ધ્યાનમાં રાખી મ્યુનિસિપલ કોર્પોરેશન તંત્ર દ્વારા મોટા નાના-મોટા કુલ 46 જેટલા વિસર્જનકુંડ બનાવવાનો નિર્ણય લીધો છે. પૂર્વ અને પશ્ચિમ બંને વિસ્તારમાં તેમજ સાબરમતી રિવરફ્રન્ટ ઉપર ગણેશ વિસર્જનકુંડ બનાવવામાં આવશે. કુલ છ કરોડ રૂપિયાના ખર્ચે આ વિસર્જનકુંડ બનાવાશે.

સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન દેવાંગ દાણીએ જણાવ્યું હતું કે, ગણેશ મહોત્સવને ધ્યાનમાં રાખીને મ્યુનિસિપલ કોર્પોરેશન તંત્ર દ્વારા વિવિધ ઝોનમાં વિસર્જનકુંડ બનાવવામાં આવ્યા છે. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નાની મોટી ક્રેન, ફાયરબ્રિગેડ, પીવાના પાણી, મોબાઈલ ટોયલેટ વાન અને મોટા ખાલી ડ્રમ વગેરેની સુવિધા કરવામાં આવશે. અમદાવાદ ફાયર બ્રિગેડનો અધિકારીઓ અને કર્મચારીઓનો 263નો સ્ટાફ હાજર રહેશે. ગણેશ વિસર્જનના દિવસે શાહીબાગ, જમાલપુર, પાલડી ટાઉનહોલ વાડજ અને તિલકબાગ ખાતે વિવિધ કમિટીઓના ચેરમેન વગેરે દ્વારા સ્વાગત કરવામાં આવશે.

બાબા બાગેશ્વર ફરી ગુજરાત આવશે, દિવ્ય દરબારનું આયોજન જોવા મળશે

ગુજરાત | વંદન

બાબા બાગેશ્વર ફરી એકવાર ગુજરાત પ્રવાસે આવી રહ્યા છે. વાત જાણે એમ છે કે, બાગેશ્વર ધામના પંડીત ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રી આ નવરાત્રીમાં યાત્રાધામ અંબાજી ખાતે આવવાના છે. વિગતો મુજબ અંબાજીમાં ત્રણ દિવસીય બાબા બાગેશ્વરના દિવ્ય દરબારનું આયોજન કરવામાં આવ્યું છે. જેને લઈ આજે બાબા બાગેશ્વરના PA અંબાજી પહોંચ્યા હતા અને સ્થળ નિરીક્ષણ કર્યું હતું

બનાસકાંઠા જિલ્લાના પવિત્ર યાત્રાધામ અંબાજી ખાતે વર્ષે દહાડે લાખોની સંખ્યામાં યાત્રાળુઓ આવતા હોય છે. જોકે હવે યાત્રાધામ અંબાજી ખાતે બાગેશ્વર ધામનો દિવ્ય દરબાર યોજવાનો છે. વિગતો મુજબ નવરાત્રીના પહેલા 3 દિવસમાં બાગેશ્વર ધામના પંડીત ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રીનો દિવ્ય દરબાર યોજાનાર છે. મહત્વનું છે કે, આ કથા અને દિવ્ય દરબારનું આયોજન પ્રવીણ કોટક કરી રહ્યાં છે. બાગેશ્વર ધામના પંડીત ધીરેન્દ્ર કૃષ્ણ શાસ્ત્રીની ત્રણ દિવસીય કથા અને દિવ્ય દરબારને લઈ આજે તેમના PA અંબાજી ખાતે સ્થળ નિરીક્ષણ કરવા પહોંચ્યા હતા. જ્યાં અંબાજી ખાતે દિવ્ય દરબાર માટેના સ્થળનું નિરિક્ષણ કરી ધિરેન્દ્ર શાસ્ત્રીની અને ભક્તોની સુરક્ષા વ્યવસ્થા અને દર્શન વિશે જાણકારી આપી હતી.

અમદાવાદ એરપોર્ટ પર આંતરરાષ્ટ્રીય મુસાફરોના ટ્રાફિકમાં 125%નો વધારો

અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ (SVPI) એરપોર્ટના ટ્રાફિકમાં નોંધપાત્ર વધારો થયો છે. એરપોર્ટ ઓથોરિટી ઓફ ઇન્ડિયા (AAI)ના આંકડા દર્શાવે છે કે, 2022-23 દરમિયાન એરપોર્ટ પરથી આંતરરાષ્ટ્રીય પેસેન્જર ટ્રાફિકમાં 125 ટકાનો ધરખમ વધારો થયો છે. 2021-22માં 5.97 લાખ મુસાફરોની સરખામણીમાં 2022-23માં લગભગ 13.4 લાખ આંતરરાષ્ટ્રીય મુસાફરો એસવીપીઆઈ એરપોર્ટ પર નોંધાયા હતા.

અરબી સમુદ્રમાં મોનસૂનની બે સિસ્ટમ સક્રિય : નિષ્ણાંત

રાજ્યમાં 17મીથી 9 દિવસ સારા વરસાદની આગાહી

■ ભાદરવાના તાપમાં મળશે રાહત, ખેડુતોમાં આનંદની લાગણી

ગુજરાત | વંદન

શહેરમાં છેલ્લા મહિનાથી વરસાદની ગેરહાજરીને કારણે ગરમી અને બફારાનું પ્રમાણ વધતાં લોકો વરસાદની આતુરતાથી રાહ જોઇ રહ્યા છે. ત્યારે પશ્ચિમ બંગાળની ખાડીમાં સક્રિય થયેલાં વેલમાર્ક લો-પ્રેશરની અસરથી ફરીથી અમદાવાદ સહિત રાજ્યમાં ચોમાસાના દિવસો પાછા આવશે. જે અંતર્ગત 15 સપ્ટેમ્બરથી રાજ્યમાં વરસાદની ગતિવિધિ વધશે. ખાસ કરીને 17મીથી 9 દિવસ સારા વરસાદની સંભાવના છે. ઉત્તર અને દક્ષિણ ગુજરાતનાં રાજ્યના સરહદી વિસ્તારોમાં મધ્યમથી ભારે તેમજ કેટલીક જગ્યાએ ભારે વરસાદ પડશે.

જ્યારે અમદાવાદમાં 17થી 29 સપ્ટેમ્બર દરમિયાન 3થી 5 ઈંચ મધ્યમથી ભારે વરસાદ પડવાની શક્યતા હવામાન વિશેષજ્ઞે વ્યક્ત કરી છે. હવામાન વિભાગના આંકડાઓ મુજબ, છેલ્લા એક મહિનાથી વરસાદની ગેરહાજરીને કારણે અમદાવાદમાં 1 જૂનથી અત્યાર સુધીમાં સરેરાશ વરસાદ કરતાં 29 ટકા ઓછો વરસાદ પડ્યો છે. ગુરુવારે અમદાવાદમાં દિવસ દરમિયાન વાદળિયું વાતાવરણ રહેતાં અમદાવાદનું મહત્તમ તાપમાન 33.3 ડિગ્રી અને લઘુત્તમ તાપમાન 2 ડિગ્રી વધીને 26.8 ડિગ્રી નોંધાયું હતું. જેને પગલે શહેરમાં બપોર સુધી ગરમીથી રાહત રહી હતી. પરંતુ, બપોર પછી તડકો નીકળતાં વાતાવરણમાં ગરમી અને બફારાનું પ્રમાણ વધ્યું હતું. પરંતુ, બંગાળની ખાડીમાં સક્રિય થયેલાં લો-પ્રેશરની અસરથી આગામી અઠવાડિયા દરમિયાન અમદાવાદ સહિત રાજ્યમાં ફરીથી ચોમાસું કાર્યરત થશે.

હાલમાં ઉત્તર-પશ્ચિમ બંગાળની ખાડીની સાથે ઓરિસ્સા ઉપર એક વેલમાર્ક લો-પ્રેશર સર્જાયું છે, તેની સાથે એક અપર એર સાઈક્લોનિક

...અનુસંધાન પેજ નં. 6 પર

સત્તા પક્ષ ભાજપના ધારાસભ્ય પણ સલામત નથી, લૂંટારાઓ લૂંટી ગયા

■ ભિલોડાના ધારાસભ્ય પી.સી બરંડાની પત્નીને બંધક બનાવી લૂંટારાઓ હાથ સાફ કરી ગયા ...

ગુજરાત | વંદન

ગુજરાતમાં ચોરી-લૂંટની વધતી જતી ઘટનાઓ વચ્ચે એક ચોંકાવનારી લૂંટની ઘટના સામે આવી છે. રાજ્યના પૂર્વ SP અને ભિલોડાના ધારાસભ્યના ઘરે તેમની પત્નીને બંધક બનાવી ઈસમોએ લૂંટ ચલાવી હોવાની ઘટનાને લઈ રાજ્યભરમાં ખળભળાટ મચી ગયો છે. અજાણ્યા ઈસમોએ ધારાસભ્યના ગામડે આવેલ ઘરમાં ઘૂસી તેમની પત્નીને ઘરમાં જ બંધક બનાવી અને 9 લાખની લૂંટ કરી હતી. આ તરફ હવે ઘટનાની જાણ થતાં MLA અને SP સહિતનો પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયો હતો. અરવલ્લી જિલ્લામાં લૂંટની ચકચાર મચાવી દે તેવી ઘટના સામે આવી છે. પૂર્વ SP અને ભિલોડાના ધારાસભ્ય પી.સી. બરંડાના ઘરે લૂંટની ઘટનાને હડકંપ મચાવી દીધો છે. પ્રાથમિક વિગતો મુજબ પૂર્વ SP અને ભિલોડાના MLA પી.સી.બરંડાના વાકટીંબા ગામના મકાનમાં લૂંટ થઈ હોવાનું સામે આવ્યું છે.

ભિલોડાના ધારાસભ્ય પી.સી. બરંડાના પત્નીને ઘરમાં જ બંધક બનાવી અજાણ્યા ઈસમો દ્વારા લૂંટ કરવામાં આવતા પંથકમાં ચકચાર મચી ગઈ છે. આ તરફ લૂંટારા સોના-ચાંદી અને રોકડની લૂંટ ચલાવી ફરાર થઈ ગયા હતા. ઘટનાને લઈ MLA પી.સી.બરંડા ગાંધીનગરથી વતન પહોંચ્યા હતા.

ભિલોડાના ધારાસભ્ય પી.સી. બરંડાના ઘરે લૂંટની ઘટનાની જાણ થતાં પોલીસની ટીમ પણ ઘટના સ્થળે દોડી આવી હતી. આતરફ અરવલ્લીના SP સહિતનો પોલીસ કાફલો તપાસમાં જોતરાયો છે. જોકે હવે આ લૂંટની ઘટનામાં ડોગ સ્ક્વોડ અને એફએસએલની મદદ લેવાશે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં હવે નેમ પ્લેટનું પણ ભગવાકરણ...

ગુજરાત | વંદન

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં હવે નેમ પ્લેટોમાં પણ ભગવાકરણ કરવામાં આવ્યું છે. મ્યુનિસિપલ કોર્પોરેશનના મુખ્ય હોદ્દેદારોની ઓફિસની બહાર કેસરી કલરની નેમ પ્લેટ લગાવવામાં આવી છે. જેને લઈને રાજકારણ ગરમાયું છે.

જો કે, મેયરે કેસરી કલરની નેમ પ્લેટ લગાવવા બાબતે સ્પષ્ટીકરણ આપતા જણાવ્યું હતું કે, 'કેસરી કલર એ વીરતાનું પ્રતીક છે. અમને તેનો આભાસ પણ થાય છે અને ભાજપનો પક્ષનો કલર પણ ભગવો એટલે કેસરી છે. જોકે ,નેમ પ્લેટનો કલર બદલી નાખવાનો મુદ્દો કોઈ ચર્ચાનો મુદ્દો નથી.'

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની અધિકારીઓ અને પદાધિકારીઓની ઓફિસોમાં નેમ પ્લેટ અને ફ્લોર પર દિશાસૂચક

...અનુસંધાન પેજ નં. 6 પર

સુધારા બિલ પાસ થતાં રાજ્યમાં 50% APMC બંધ થઈ જશે: કોંગ્રેસનો દાવો

ગુજરાત | વંદન

ગુજરાત વિધાનસભા ગુજરાત એગ્રિકલ્ચરલ પ્રોડ્યુસ માર્કેટિંગ (પ્રમોશન એન્ડ ફેસિલિટેશન) (સુધારા) બિલ, 2023 (APMC Bill) પસાર કરાયું હતું. બિલનો વિરોધ કરતાં કોંગ્રેસે એવી દહેશત વ્યક્ત કરી હતી કે આ સુધારાઓથી રાજ્યની 224 એપીએમસી (APMC)માંથી અડધા બંધ થઈ જશે. કોંગ્રેસે એવી રજુઆત કરી હતી કે સૂચિત ફેરફારો મોટાભાગે એપીએમસી ચલાવતી સંસ્થાઓની ચૂંટણીઓ અંગે છે અને આ પ્રકારના ફેરફારોથી નાના વેપારીઓ અને કમિશન એજન્ટો ચૂંટાઇ શકશે નહીં.

કોંગ્રેસના વિધાનસભા પક્ષના નેતા અમિત ચાવડાએ બિલનો વિરોધ કરતા જણાવ્યું હતું કે રાજ્યમાં છેલ્લા 30 વર્ષથી તમારી પાર્ટી સત્તામાં છે. કેશુભાઇ પટેલ સરકારને તેમાં (એક્ટ)માં કોઇ ખામી જોવા મળી ન હતી. નરેન્દ્ર મોદી, આનંદીબેન પટેલ અને વિજય રૂપાણીની એક પછી એક સરકારો બની. આટલાં બધાં વર્ષો પછી તમને એકાએક ભાન થયું કે તમારે એપીએમસીની કામગીરી અને સંચાલનને સરળ બનાવવાની જરૂર છે?

ચાવડાએ દાવો કર્યો હતો કે, લગભગ તમામ એપીએમસીનું સંચાલન ભાજપના નેતાઓ દ્વારા કરવામાં આવે છે. શું તમે તમારા પોતાના લોકોને (એપીએમસીમાં) નિશાન બનાવવા માટે આ ફેરફારો લાવી રહ્યા છો? બિલમાં કહેવામાં આવ્યું છે કે, કોઈ પણ વેપારીને એપીએમસીમાં ચૂંટાવા માટે સતત ત્રણ નાણાકીય વર્ષ સુધી એપીએમસીને સેસ ફી તરીકે ઓછામાં ઓછા 50,000 રૂપિયા ચૂકવ્યા હોય તે જરુરી છે.

ખાનગી વીજ કંપનીઓ પાસેથી 4420 કરોડની વીજળી ખરીદાઈ

■ અદાણી પાવર પાસેથી યુનિટ દીઠ 8.03 રૂપિયાના ભાવે વીજળી ખરીદાઈ

કંપની	ભાવ	ફિક્સ ચાર્જ
કોસ્ટલ ગુજરાત પાવર	રૂ.5.85	781
અદાણી પાવર	રૂ.8.03	1405
એસ્સાર પાવર	રૂ.5.49	324
એસીબી ઈન્ડીયા	રૂ.0.73	111

ગુજરાત | વંદન

એક સમયે વીજ ઉત્પાદનમાં સરપ્લસ ગણાતા ગુજરાતના ઉર્જા વિભાગે છેલ્લા બે વર્ષમાં ખાનગી વીજ કંપનીઓ પાસેથી મોંઘા ભાવે રૂ.4420 કરોડની વીજળી ખરીદી છે. રાજયનું વીજ મોડેલ આખા દેશમાં વખણાતું હતું.

જો કે છેલ્લા કેટલાક સમયથી સરકારી વીજ મથકોના ઉત્પાદનમાં ભારે ઘટાડો થતાં ખાનગી વીજ કંપનીઓ પાસેથી મોંઘા ભાવની વીજળી ખરીદવી પડી રહી છે, જેનું કરોડો રૂપિયાનું ભારણ છેવટે નાગરિકો ઉપર પડી રહ્યું છે. છેલ્લા બે વર્ષમાં ફકત 4 ખાનગી કંપની પાસેથી જ લાંબા ગાળાના કરાર પેટે 4420 કરોડ રૂપિયાની વિજળી ઉર્જા વિભાગે ખરીદી હોવાની માહિતી વિધાનસભામાં અપાઈ છે. તેમાં સૌથી વધુ ભાવ અદાણી પાવર મુંદ્રા લિમિટેડને યુનિટ દીઠ 8.03 રૂપિયાનો આપવામાં આવ્યો છે.

ઉર્જા વિભાગની ઉત્તરોત્તર કથળી રહેલી કામગીરીની વિગતો વિધાનસભામાં અતારાંકિત પ્રશ્નોતરીમાં અપાયેલી માહિતીમાં બહાર આવી છે. આપના ઉમેશ મકવાણા દ્વારા જુલાઈ-2023ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગુજરાત ઉર્જા વીજ નિગમ લીમીટેડ દ્વારા ખાનગી કંપનીઓ પાસેથી કેટલા રૂપિયાની વીજ ખરીદી કરાઈ તેની વિગતો મંગાઈ હતી.

જેના લેખિત જવાબમાં ઉર્જા મંત્રીએ જણાવ્યું હતું કે, ઓગષ્ટ 2021થી જુલાઈ 2022 સુધી ત્રણ કંપની પાસેથી કુલ 1779 કરોડની ફિક્સ ચાર્જ તરીકે વીજ ખરીદી કરાઈ હતી. આ સમયગાળામાં અદાણી પાવરને ચારેય કંપનીમાં સૌથી ઉંચો યુનિટ દીઠ 6.05 રૂપિયાનો એનર્જી ચાર્જ ચુકવાયો હતો. તેની સામે એસીબી ઈન્ડીયાને રૂ.0.66 અને કોસ્ટલ ગુજરાત પાવરને રૂ.4.45નો યુનિટ દીઠ એનર્જી ચાર્જ ચુકવાયો હતો.

...અનુસંધાન પેજ નં. 6 પર

Venue
102, Arista Business Space 3, Sindhu Bhavan Marg, Opp. HOF Showroom, Ahmedabad, Gujarat 380054
Contact : +91 63573 63574

skincare for your hair
BOTANICAL | SULFATE & PARABEN FREE | CRUELTY FREE